પ્રેરક :
પૂજ્ય પન્યાસ મહારાજશ્રી
પ્રેમવિજયજી ગણી

# જૈન
# ધર્મપરિચય

ભાગ
પહેલો

લેખક
ધીરજલાલ ટોકરશી શાહ

# જૈન ધર્મપરિચય

ભાગ પહેલો

પ્રેરક :

પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી

પ્રેમવિજયજી ગણિ

લેખક :

સાહિત્યવારિધિ શતાવધાની પંડિત

શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

આમુખ

શ્રી ફત્તેહચંદ ઝવેરભાઈ શાહ


પ્રકાશક :
વનેચંદ અવિચળ મહેતા
મરકતી મહાલ, લુહારચાલ,
મુંબઈ–૨

પહેલી આવૃત્તિ
પ્રતિ ૨૦૦૦
મૂલ્ય પઠન–પાઠન

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રીન્ટિંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

## પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબ

જન્મ: સં. ૧૯૩૦ આસો સુદ ૮-સમી ❖ દીક્ષા: સં. ૧૯૫૭ મહા વદ ૧૦ સમી



પંન્યાસપદ: સં. ૧૯૭૫ અષાડ સુદ ૫ ❖ આચાર્યપદ: ૧૯૯૨ વૈશાખ સુદ ૪ પાલીતાણા

# સમર્પણ

જેમણે રોપેલાં સુચારુ ધર્મબીજનાં પરિણામરૂપે આ
પુસ્તકની યોજના પાંગરી અને વિકાસ પામી
તે
આયંબિલ-વર્ધમાન-ખાતાના વિશેષ પ્રચારક,
ક્રિયારુચિ-શ્રદ્ધા-અનુષ્ઠાનના પ્રબળ
પ્રેરક જૈનાચાર્ય શ્રીમદ્ ૧૦૦૮
શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી
મહારાજ (સમીવાળા)ને
આ પુસ્તક સાદર સોલ્લાસ
સમર્પિત કરી કૃતાર્થ
થઇએ છીએ.

વિનીત
પ્રકાશક.

# વિષયાનુક્રમ


| પ્રકરણ | વિષય | પૃષ્ઠસંખ્યા |
|---|---|---|
| પહેલું : | જૈનધર્મની પ્રાચીનતા અને પવિત્રતા | ૧ થી ૧૭ |
| બીજું : | ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી | ૧૮ થી ૭૨ |
| ત્રીજું : | વિશ્વવ્યવસ્થા | ૭૩ થી ૮૫ |
| ચોથું : | અનેકાન્તવાદ અથવા સ્યાદ્વાદ | ૮૬ થી ૯૩ |
| પાંચમું : | નવતત્ત્વ | ૯૪ થી ૧૨૦ |
| છઠ્ઠું : | મિથ્યાત્વ | ૧૨૧ થી ૧૨૪ |
| સાતમું : | સમ્યક્ત્વ | ૧૨૫ થી ૧૩૦ |
| આઠમું : | ધર્માચરણ | ૧૩૧ થી ૧૨૮ |
| નવમું : | ચાર દુર્લભ વસ્તુઓ | ૧૩૯ થી ૧૪૮ |
| દશમું : | નવકારમંત્ર | ૧૪૯ થી ૧૫૨ |

# આમુખ

જગતના બહુશ્રુત વિદ્વાનોદ્વારા જ્ઞાનના મહાસાગરનું બિરુદ પામેલા ગુજરાતના સમર્થ જ્યોતિર્ધર શ્રી હેમચંદ્રાચાર્ય એક સ્થળે કહે છે કે 'જૈનધર્મથી રહિત ચક્રવર્તીપણું મારે જોઈતું નથી, પરંતુ જૈનધર્મથી વાસિત દાસપણું કે દરિદ્રપણું મળે તો તે પણ મને સંમત છે.' આ શબ્દો સાંપ્રદાયિક મમત્વથી ઉચ્ચારાયેલા નથી, પણ જૈન-ધર્મમાં જીવનનો સર્વતોમુખી વિકાસ કરવાની જે ભવ્ય સામગ્રી રહેલી છે, તેને અંજલી અર્પણ કરવાના ઉદ્દેશથી જ વપરાયેલા છે.

મસ્ત યોગી શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે 'જિનવરમાં સઘળાં દર્શન છે, દર્શન જિનવર ભજના રે!' એટલે જૈનદર્શનની વિચારસરણી એટલી વિશાળ છે કે તેમાં સઘળાં દર્શનોનો સમન્વય થઈ જાય છે, જ્યારે અન્ય દર્શનો તો અમુક અમુક સિદ્ધાંતની જ પ્રરૂપણા કરનારાં છે, એટલે તે જિનદર્શન રૂપ સરોવરમાંથી નીકળેલાં ઝરણાં જેવાં લાગે છે! વળી જૈનધર્મમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘનું જે બંધારણ છે, તે જાતિવાદથી પર છે, એટલે બાહ્ય અને આંતર સ્વરૂપે જૈનધર્મ એક વિશાલ ધર્મ છે.

આત્માને ઉચ્ચ કોટિમાં મૂકવા રાગદ્વેષ દૂર કરવાના સિદ્ધાંતને ઘણા દર્શનકારો સમ્મત થયેલા છે, પણ તેનાં જે સાધનો જૈનદર્શનમાં જોવામાં આવે છે, તે વિરલ કોટિનાં છે! જૈન ધર્મની અહિંસા, જૈન ધર્મનો સંયમ, જૈન ધર્મનું તપ કોઈ પણ તટસ્થ વિચારકની પૂરેપૂરી

પ્રસંશા પામે તેમ છે. શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચકે શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રની આદિમાં 'सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः— સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ મોક્ષ માર્ગ છે' એવું જે સૂત્ર મૂકયું છે, તે જૈનદર્શનના–જૈનધર્મના નિચોડરૂપ છે.

આવા ઉચ્ચ કોટિના જૈનધર્મ વિષે લોકોનાં મનમાં તરેહ તરેહના ખ્યાલો ભરાઈ રહ્યા છે અને તે વિષે જે ચિત્ર–વિચિત્ર લેખો પ્રગટ થાય છે તેથી હૃદયને ઊંડું દુઃખ થયા વિના રહેતું નથી. આ સંયોગોમાં એક એવા પુસ્તકની જરૂર લાગ્યા કરતી હતી કે જે લોકોને જૈન દર્શનનો—જૈન ધર્મનો પ્રામાણિક સંક્ષિપ્ત પરિચય આપે અને તેમના મનમાં ભરાઈ રહેલા અનેકવિધ ભ્રમનું નિવારણ કરે. તે જરૂર આ પુસ્તકે પૂરી પાડી છે.

નાનાં પુસ્તકો પ્રમાણમાં જલ્દી વંચાય છે અને તેનો પ્રચાર કરવાનું સરળ પડે છે, એટલે આ પુસ્તકનું કદ નાનું માત્ર–૧૫૨+૧૦ =૧૬૨ પૃષ્ઠ જેટલું રાખવામાં આવ્યું છે, પરંતુ તેમાં જે સામગ્રી આપવામાં આવી છે, તે સેંકડો ગ્રંથોના સાર રૂપ છે, એટલે વાચકોને ઉપયોગી માહિતી પૂરી પાડશે એમાં શંકા નથી. ઇક્ષુરસ કરતાં સાકરમાં અને સાકર કરતાં સેકરીનમાં વધારે સ્વાદ હોય છે, એ કોનાથી અજાણ્યું છે?

આ પુસ્તકનાં પ્રથમ પ્રકરણમાં જૈન ધર્મની પ્રાચીનતા અને પવિત્રતા દર્શાવવામાં આવી છે. તેમાં અનેક પ્રમાણો આપીને એ હકીકત પુરવાર કરવામાં આવી છે કે જૈન ધર્મ એ વેદની કોઈ શાખા નથી કે બૌદ્ધ ધર્મનું કોઈ રૂપાંતર નથી, પણ ઘણા પ્રાચીન કાળથી ચાલ્યો આવતો ભારતનો એક સ્વતંત્ર પવિત્ર ધર્મ છે.

આ દેશમાં અહિંસા અને અનેકાંતવાદમય જૈન ધર્મનું પ્રવર્તન કરનારા ચોવીશ તીર્થંકરો પૈકી શ્રી મહાવીર સ્વામી છેલ્લા તીર્થંકર હતા, એટલે હાલના જૈન ધર્મનું સ્વરૂપ મોટા ભાગે તેમને આભારી

છે, તેથી બીજા પ્રકરણમાં તેમનાં જીવનનો કંઈક વિસ્તારથી પરિચય આપવામાં આવ્યો છે અને ગર્ભાપહરણ, જન્મભૂમિ, સિદ્ધાર્થ રાજાનો દરજ્જો વગેરે સંબંધી જે ખોટા ખ્યાલો પ્રવર્તી રહ્યા છે, તેનું સુંદર નિરાકરણ કરવામાં આવ્યું છે.

ત્રીજા પ્રકરણમાં વિશ્વની વ્યવસ્થા સંબંધી સયુક્તિક, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાલ, પુદ્ગલ અને જીવ એ છ દ્રવ્યો વડે તેનું સ્વયંસંચાલન કેવી રીતે થાય છે તે બરાબર સમજાવ્યું છે. ઉપરાંત ઈશ્વરને વિશ્વનો–સૃષ્ટિનો કર્તા માનવા જતાં કેવા દોષો ઉત્પન્ન થાય છે, તેનું સ્પષ્ટ દર્શન કરાવ્યું છે અને ઈશ્વર શબ્દથી જૈનો શું સમજે છે, તેનો પણ સ્પષ્ટ ખ્યાલ આપ્યો છે.

ચોથા પ્રકરણમાં વસ્તુતત્ત્વનો વિચાર કરવાની જૈનરીતિનો પરિચય આપવામાં આવ્યો છે કે જેને અનેકાંતવાદ, અપેક્ષાવાદ કે સ્યાદ્વાદ કહે છે. આ વસ્તુ લેખકે પોતાની અનોખી ઢબે સુંદર રીતે રજૂ કરી છે અને ઉદાહરણ વડે પુષ્ટ કરતાં સમસ્ત વિવેચન રસભર્યું બન્યું છે.

પાંચમા પ્રકરણમાં જૈન ધર્મે માનેલાં નવ તત્ત્વનો ટૂંક પણ સચોટ પરિચય આપવામાં આવ્યો છે, તેથી જીવ, અજીવનું સ્વરૂપ સમજાય છે, પુણ્ય–પાપનો ખ્યાલ આવે છે, આસ્રવ અને બંધની તરતમતા સમજાય છે, સંવર (સયંમ) અને નિર્જરા (તપ)નું મહત્ત્વ સ્પષ્ટ થાય છે તથા મોક્ષ એ જ છેવટનું ધ્યેય હોઈ શકે એ વસ્તુ બરાબર સમજાય છે.

ત્યાર પછી છઠ્ઠા પ્રકરણમાં મિથ્યાત્વનો અને સાતમા પ્રકરણમાં સમ્યક્ત્વનો પરિચય આપવામાં આવ્યો છે કે જે આધ્યાત્મિક વિકાસનાં ક્ષેત્રમાં અંધકાર અને પ્રકાશનો ભાગ ભજવે છે.

આઠમા પ્રકરણમાં ધર્માચરણનું મહત્ત્વ પ્રકાશવામાં આવ્યું છે અને તે ઉત્તમ, મધ્યમ તથા જઘન્ય રીતે આચરવા માટે કઈ

કઈ જાતના વ્રત–નિયમોનું પાલન આવશ્યક છે, તે ટૂંકમાં દર્શાવી જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ: એ સૂત્ર સિદ્ધ કર્યું છે.

નવમા પ્રકરણમાં મનુષ્યત્વ, શ્રુતિ (ધર્મશ્રવણ), શ્રદ્ધા અને સંયમ વિષે પુરુષાર્થ એ ચાર દુર્લભ વસ્તુઓનો પરિચય આપવામાં આવ્યો છે અને તેનો સદુપયોગ કરવાથી જ આ જીવનની સફળતા થાય છે એ સ્પષ્ટ દર્શાવ્યું છે.

દશમા પ્રકરણાં નવકાર મંત્રનો મૂળપાઠ, સામાન્ય અર્થ અને પ્રારંભિક પરિચય આપવામાં આવ્યો છે, જેથી હરેકોઈ પાઠક તેનું મહત્વ સમજી શકે તેમ છે.

પાઠકોને એ જાણી આનંદ થશે કે હવે તો આ પુસ્કનો બીજો અને ત્રીજો ભાગ પ્રકટ કરવાની યોજના પણ આકાર લઈ ચૂકી છે અને તેમાં જૈન ધર્મના વિવિધ સિદ્ધાતોનો, સાહિત્યનો, તીર્થોનો તથા મહાપુરુષોનો પરિચય આપવાનો છે. આ બે ભાગોનું કદ આ પુતસ્તક કરતાં કંઈક મોટું હશે, સંભવતઃ દોઢું તથા બમણું હશે.

સંવત ૨૦૧૦ની સાલમાંવર્ધમાન તપ અને આયંબિલ સંસ્થાના સ્થાપક વયોવૃદ્ધ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયભક્તિસૂરીશ્વરજીમહારાજના પ્રભાવશાળી શિષ્યો પૂજ્ય પંન્યાસ મહારાજશ્રી પ્રેમવિજયજીગણી, પૂજ્ય પંન્યાસ મહારાજશ્રી સુબોધ વિજયજીગણી, તપસ્વી મુનિરાજ શ્રી કમલવિજયજી, સાહિત્યપ્રેમી મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી આદિ મુનિરાજો સાથે વીલેપારલે–મુંબઈમાં શેઠ ઘેલાભાઈ કરમચંદ જૈન સેનેટેરિયમમાં ચાતુર્માસ હતા, ત્યારે તેમને વર્તમાન પરિસ્થિતિનો વિચાર કરતાં આ પુસ્તકની જરૂર જણાઈ હતી અને પછીથી વાલકેશ્વર વગેરે સ્થળે વિચરતાં તેમજ મારી સાથે ચર્ચા કરતાં એ વિચાર સંગીન થયો હતો. પછીથી તે કોની પાસે તૈયાર કરાવવું એ પ્રશ્નની છણાવટ થવા પામી હતી, જે વખતે **સાહિત્યવારિધિ શતાવધાની પંડિત શ્રી ધીરજલાલભાઈનું** નામ પસંદગી પામ્યું હતું કે જેઓ

જૈન શાસ્ત્રોના ઊંડા અભ્યાસી છે અને તેના કોઈ પણ વિષય પર સફળતાભરી સુંદર કલમ ચલાવી શકે છે.

પૂજ્ય પંન્યાસ મહારાજશ્રીની પ્રેરણા થતાં શ્રી ધીરજલાલભાઈએ આ પુસ્તક અંતરના ઉમળકાથી તૈયાર કરી આપ્યું અને તેમાં કોઈ ભૂલચૂક રહી ન જાય તે માટે તેની મૂળ નકલ પરમ સાહિત્યસેવી પૂજ્ય પંન્યાસ મહારાજશ્રી ધુરંધરવિજયજીને તથા મને બતાવી. એનું સાંગોપાંગ વાચન કરતાં અમને ખૂબ આનંદ થયો અને કોઈ કોઈ સ્થળે જે કંઈ સૂચવવા જેવું લાગ્યું તે સૂચવીને કૃતાર્થતા અનુભવી.

પરિણામે જે પુસ્તક તૈયાર થયું તે પૂજ્ય પં. મહારાજ શ્રી પ્રેમવિજયજી ગણિના સદુપદેશથી તથા સાહિત્યપ્રેમી મુનિરાજ શ્રી લબ્ધિવિજયજીની પ્રેરણાથી એકત્ર થયેલી રકમમાંથી સુંદર રૂપરંગમાં પ્રકાશન પામે છે અને વાચકોનાં કરકમળમાં સાદર થાય છે. આશા છે કે તે જૈન ધર્મનો પરિચય મેળવવાનું એક સુંદર સાધન બનશે અને સર્વત્ર હોંશભેર વંચાશે.

જે સંઘોએ તથા મહાનુભાવોએ આ પવિત્ર કાર્યમાં પોતાની લક્ષ્મીનો સદુપયોગ કર્યો છે, તેમને ધન્યવાદ ઘટે છે. તેમનાં મુબારક નામો આ પુસ્તકમાં અન્યત્ર એક સ્વતંત્ર યાદી તરીકે પ્રકટ કરવામાં આવ્યાં છે.

પૂ. મહારાજશ્રીએ આ પુસ્તક સાદ્યંત તપાસીને આમુખ લખવા પ્રેરણા કરી અને એ રીતે સાહિત્યસેવા કરવાની સુંદર તક આપી તે માટે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

સંવત ૨૦૧૪
ચૈત્ર શુક્લ પ્રતિપદા,
શુક્રવાર, મુંબઈ.

ફત્તેહચંદ ઝવેરભાઈ

## પરમપૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રીસુબોધવિજયજી ગણિવર્યના શિષ્યરત્ન મુનિરાજ શ્રીલબ્ધિવિજયજી મહારાજના સદુપદેશથી સહાયક સદ્‌ગૃહસ્થોની

## શુભ નામાવલી.

રૂ. ૫૦૧ મલાડ–તપાગચ્છ મૂર્તિપૂજક જૈન સંઘ જ્ઞાન-ખાતામાંથી.
,, ૨૦૧ શેઠ શ્રી ખુશાલભાઈ ખેંગાર
,, ૨૦૧ શેઠ શ્રી દેવચંદ પુનમચંદ
,, ૧૫૧ શેઠ શ્રી મનસુખલાલ ધનજીભાઈ વોરા
,, ૧૦૧ તપાગચ્છ જૈનસંઘ, શાંતાક્રુઝ, મુંબઈ.
,, ૧૦૧ શેઠ શ્રી હીરાલાલ જી. શાહ
,, ૧૦૧ શ્રી ઘેલાભાઈ કરમચંદ જૈન સેનેટેરીયમ વીલા-પારલા, જ્ઞાનખાતામાંથી.
,, ૧૦૧ શ્રી બાપુબેન ભોગીલાલ ઝવેરી
,, ૧૦૧ શ્રી પ્રભાબેન મફતલાલ ઝવેરી
,, ૧૦૧ શેઠ શ્રી મફતલાલ હીરાલાલ
,, ૧૦૧ શેઠ શ્રી ખુબચંદ સ્વરૂપચંદ
,, ૫૧ શેઠ શ્રી માણેકલાલ મોહનલાલ
,, ૫૧ શેઠ શ્રી ખેમચંદ સ્વરૂપચંદ
,, ૫૧ શેઠ શ્રી મનસુખલાલ સ્વરૂપચંદ
,, ૫૧ શેઠ શ્રી ત્રીભોવનદાસ કાલીદાસ વોરા
,, ૫૧ શેઠ શ્રી અમરચંદ લલ્લુભાઈ

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

# પ્રકરણ પહેલું

## જૈન ધર્મની પ્રાચીનતા અને પવિત્રતા

વિશાળ જનસંખ્યા ધરાવનાર બૌદ્ધ, ખ્રિસ્તી, ઇસ્લામ વગેરે ધર્મો આજથી બે–અઢી હજાર વર્ષ પૂર્વે અસ્તિત્વમાં આવ્યા છે. તેની સરખામણીમાં વૈદિક ધર્મ પુરાણો છે. પરંતુ વૈદિક ધર્મ અસ્તિત્વમાં આવ્યો તે પહેલાં આ દેશમાં જૈન ધર્મ સારી રીતે પ્રચલિત હતો.

સુપ્રસિદ્ધ પુરાતત્ત્વવિદ્ મેજર જનરલ ફર્લોંગે ઘણાં શાસ્ત્રો અને પ્રમાણોનો અભ્યાસ કર્યા પછી એવો અભિપ્રાય ઉચ્ચાર્યો છે કે 'It is impossible to know the beginning of Jainism.' અર્થાત્ 'જૈન ધર્મની શરૂઆત ક્યારે થઈ તે જાણવું અશક્ય છે.'

ભારતના સુપ્રસિદ્ધ વિદ્વાન્ સ્વ૦ લોકમાન્ય ટિળકે આ અભિપ્રાયનું સમર્થન કર્યું છે. તેઓ સને ૧૮૯૪ના

ડીસેમ્બર માસના કેસરી પત્રમાં લખે છે કે ' જૈન ધર્મ અનાદિ છે. આ વાત ગ્રંથો, ટીકાઓ તથા ઐતિહાસિક પ્રમાણોથી સિદ્ધ થાય છે. મહાવીર સ્વામીએ જૈન ધર્મનો પુનઃ પ્રકાશ કર્યો એ વાતને આજે ૨૪૦૦ ઉપરાંત વર્ષો વ્યતીત થઈ ચૂકયા છે. બૌદ્ધ ધર્મની સ્થાપના પહેલાં જૈન ધર્મ ફેલાઈ રહ્યો હતો, એ વાત વિશ્વાસ કરવા યોગ્ય છે. ચોવીશ તીર્થંકરોમાં× મહાવીર સ્વામી અંતિમ તીર્થંકર હતા, એથી પણ જૈન ધર્મની પ્રાચીનતા જાણી શકાય છે. બૌદ્ધ ધર્મ પાછળથી નીકળ્યો એ વાત નિશ્ચિત છે.'

ભારતના આજના ઉપરાષ્ટ્રપતિ અને સુપ્રસિદ્ધ તત્ત્વજ્ઞ ડૉ. એસ. રાધાકૃષ્ણે પણ આ મતને માન્ય રાખ્યો છે. તેઓ ' ઇન્ડિયન ફીલોસોફી ' નામના ગ્રંથમાં જણાવે છે કે Jainism prevailed even before Vardhaman (Mahavir) or Parswanath. The Yajurved mentions the names of three tirthankaras–Rishabh, Ajit-

---

× ચોવીશ તીર્થંકરોનાં નામ: (૧) શ્રી ઋષભદેવ, (૨) શ્રી અજિતનાથ, (૩) શ્રી સંભવનાથ, (૪) શ્રી અભિનંદનસ્વામી, (૫) શ્રી સુમતિનાથ, (૬) શ્રી પદ્મપ્રભ, (૭) શ્રી સુપાર્શ્વનાથ, (૮) શ્રી ચંદ્રપ્રભસ્વામી, (૯) શ્રી સુવિધિનાથ, (૧૦) શ્રી શીતલનાથ, (૧૧) શ્રી શ્રેયાંસનાથ, (૧૨) શ્રી વાસુપૂજ્યસ્વામી, (૧૩) શ્રી વિમલનાથ, (૧૪) શ્રી અનંતનાથ, (૧૫) શ્રી ધર્મનાથ, (૧૬) શ્રી શાંતિનાથ, (૧૭) શ્રી કુંથુનાથ, (૧૮) શ્રી અરનાથ, (૧૯) શ્રી મલ્લિનાથ, (૨૦) શ્રી મુનિસુવ્રત, (૨૧) શ્રી નમિનાથ, (૨૨) શ્રી નેમિનાથ (અરિષ્ટનેમિ), (૨૩) શ્રી પાર્શ્વનાથ અને (૨૪) શ્રી મહાવીર સ્વામી.

nath and Aristnemi.' અર્થાત્ 'જૈન ધર્મ વર્ધમાન (મહાવીર) અને પાર્શ્વનાથ પહેલાં પણ પ્રચલિત હતો. યજુર્વેદમાં ઋષભ, અજિતનાથ અને અરિષ્ટનેમિ એ ત્રણ તીર્થંકરોનો ઉલ્લેખ આવે છે.' એ જ ગ્રંથમાં તેમણે ભિન્ન શબ્દોદ્વારા એ વાત સ્પષ્ટ કરી છે કે 'The Bhagwat Purana endorses the view that Rishabh was founder of Jainism.' અર્થાત્ ભાગવત પુરાણ એ વાતને ટેકો આપે છે કે જૈન ધર્મના સ્થાપક શ્રી ઋષભદેવ હતા.' અને તેમણે એ જ ગ્રંથમાં એ હકીકત પણ ખુલ્લા શબ્દોમાં જણાવી છે કે 'There is nothing wonderful in my saying that Jainism was in existance long before Vedas were composed.' અર્થાત્, 'વેદોની રચના થઈ તે પહેલાં ઘણા લાંબા કાળથી જૈન ધર્મ પ્રચલિત હતો, એવું કહું તો તેમાં કંઈ પણ આશ્ચર્ય પામવા જેવું નથી.'

મુંબઈ હાઈકૉર્ટના જસ્ટીસ શ્રી રાંગણેકરે પણ કહ્યું છે કે 'From modern historical researches we come to know that long before Brahmanism developed into Hindu Dharma Jainism was prevelent in this country.' અર્થાત્–વર્તમાનકાલીન ઐતિહાસિક સંશોધનો પરથી આપણે જાણી શકીએ છીએ કે બ્રાહ્મણવાદે હિંદુ ધર્મનું સ્વરૂપ ધારણ કર્યું તેના ઘણા વખત પહેલાં આ દેશમાં જૈન ધર્મ પ્રચલિત હતો.'

બનારસ સંસ્કૃત કૉલેજના અધ્યાપક સ્વામી રામમિશ્રજી શાસ્ત્રીનો અભિપ્રાય પણ એ જ હકીકતની પૂર્તિ

કરે છે કે મોહન-જો-દારો, પ્રાચીન શિલાલેખો, ગુફાઓ તથા અનેક પ્રાચીન અવશેષો પ્રાપ્ત થવાથી પણ જૈન ધર્મની પ્રાચીનતાનો ખ્યાલ આવે છે. જૈન મત ત્યારે પ્રચલિત થયો કે જ્યારે સૃષ્ટિની શરૂઆત થઈ. હું તો માનું છું કે વેદાંત દર્શનથી પણ જૈન ધર્મ ઘણો પ્રાચીન છે.'

ડૉ. પ્રાણનાથ વિદ્યાલંકાર મોહન-જો-દારો અને હડપ્પાનાં ખોદકામમાં પાંચહજાર વર્ષ પૂર્વેની જે સામગ્રી પ્રાપ્ત થઈ છે, તેમાં જિનેશ્વર શબ્દનો સદ્ભાવ નિહાળે છે. ( મહોર નં. ૪૪૯ ).

શ્રી મહાવીર સ્વામી જૈન ધર્મના સંસ્થાપક નહિ પણ એક પ્રવર્તક હતા, એ વાત બૌદ્ધ સાહિત્યમાં આવતાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચાતુર્યામ સિદ્ધાંતનાં વર્ણન પરથી સિદ્ધ થાય થાય છે. એટલું જ નહિ પણ બૌદ્ધ સાહિત્યમાં અત્યંત આદર પામેલા ધમ્મપદ નામના ગ્રંથમાં **उसमं पवरं वीरं** વગેરે શબ્દોથી બ્રાહ્મણનો જે પરિચય આપવામાં આવ્યો છે, તે એમ માનવાને પ્રેરે છે કે તે વખતે શ્રી ઋષભદેવથી શ્રી મહાવીર સ્વામી સુધીના ચોવીશ તીર્થંકરોની માન્યતા સર્વત્ર પ્રચલિત હતી.

ગૌતમ બુદ્ધે ધર્મસંઘની સ્થાપના કરતી વખતે **बुद्धं सरणं गच्छामि । धम्मं सरणं गच्छामि । संघं सरणं गच्छामि ।** એવા તિસરણ મંત્રનો જે ઉપદેશ કર્યો, તે પણ તે વખતે પ્રચલિત **चत्तारि सरणं पवज्जामि । अरिहंते**

सरणं पवज्जामि । सिद्धे सरणं पवज्जामि । साहूसरणं पवज्जामि । केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि । એ જૈન ધર્મનાં ચઉસરણ મંત્રનું જ ખુલ્લું અનુકરણ હતું.

યજુર્વેદ વગેરેમાં તીર્થંકરોનાં નામનો ઉલ્લેખ આવે છે, એ હકીકત ઉપર જણાવી ગયા છીએ. તે જ રીતે યોગવાસિષ્ઠનાં વૈરાગ્યપ્રકરણમાં નીચેનો શ્લોક આવે છે:

'नाहं रामो न मे वाञ्छा भावेषु च न मे मनः ।
शान्त आसितुमिच्छामि स्वात्मन्येव जिनो यथा ॥

'હું રામ નથી. મને કોઈ પ્રકારની ઇચ્છા નથી. ભાવોમાં–વિચારોમાં મારું મન ચોંટતું નથી. હું તો **જિનની** માફક મારા આત્મામાં જ શાંતિથી રહેવા ઇચ્છું છું.'

નાગપુરાણમાં પણ નીચેના બે શ્લોકો દૃષ્ટિગોચર થાય છે:—

"अकारादि हकारान्तमूर्ध्वाधोरेफसंयुतम् ।
नादबिन्दुकलाक्रान्तं चन्द्रमण्डलसन्निभम् ॥
एतदेव परं तत्त्वं यो विजानाति भावतः ।
संसारबन्धनं छित्त्वा स गच्छेत् परमां गतिम् ॥

'અકાર જેની આદિમાં છે, હકાર જેના અંતમાં છે અને જે ઊર્ધ્વ તથા અધોરેફથી સંયુક્ત છે, તેમ જ ચંદ્રમંડળ, નાદ, બિંદુ અને કલાથી શોભે છે. એવા આ પરમતત્ત્વને એટલે કે अर्हं એવા મંત્રબીજને જે સારી રીતે ભાવથી જાણે છે, તે સંસારનાં બંધનો છેદીને પરમ ગતિને પ્રાપ્ત કરે છે.'

આ શ્લોકોમાં સ્પષ્ટતયા જૈનોના अर्हं મંત્રનું જ માહાત્મ્ય છે.

નાગપુરાણમાં આવતો નિમ્ન શ્લોક જૈન શ્રમણોનાં પરમ પવિત્ર જીવનની યાદ આપે છે:

" दशभिर्भोजितैर्विप्रैर्यत्फलं जायते कृते ।
मुनिमर्हन्तभक्तस्य, तत्फलं जायते कलौ ॥ "

'કૃતયુગમાં દશ બ્રાહ્મણોને જમાડવાથી જે ફલ પ્રાપ્ત થાય છે, તે કલિયુગમાં અર્હન્તના ભક્ત એવા એક મુનિને અર્થાત્ જૈન મુનિને આહારપાણી આપવાથી થાય છે.'

આ બધાં પ્રમાણો શું બતાવે છે? જ્યારે પુરાણોની રચના થઈ ત્યારે જૈન ધર્મ પ્રચલિત હતો અને તેના દેવ, ગુરુ તથા મંત્ર પર લોકોની ભારે શ્રદ્ધા જામેલી હતી.

હવે આ સંબંધમાં જૈન શાસ્ત્રોનું મંતવ્ય શું છે? તે પણ જોઈ લઈએ. તે કહે છે કે 'વિશ્વ અનાદિ છે, તેમ ધર્મ પણ અનાદિ છે, એટલે તેની મૂળ શરૂઆત ક્યારે થઈ? તે કોઈ કહી શકે તેમ નથી. પરંતુ સમયે સમયે તીર્થંકર એટલે અર્હત્ કે જિન ઉત્પન્ન થાય છે અને તે ધર્મનું પ્રવર્તન કરે છે, એટલે અમુક કાળે અમુક તીર્થંકરે ધર્મનું પ્રવર્તન કર્યું કે ધર્મની સ્થાપના કરી એમ કહેવામાં હરકત નથી. તીર્થંકરોને आइगराणं એટલે ધર્મની આદિ કરનારા એવું વિશેષણ આવા અર્થમાં જ વપરાય છે.

આજ સુધીમાં અનંત કાળ વ્યતીત થઈ ગયો છે, એટલે તેમાં થઈ ગયેલા તીર્થંકરોની સંખ્યા પણ અનંત

છે અને હવે પછી અનંત કાળ વ્યતીત થવાનો છે, એટલે તેમાં થનારા તીર્થંકરોની સંખ્યા પણ અનંત જ હશે.'

વિશેષમાં તેઓ જણાવે છે કે કાલચક્રના બે વિભાગો છે. તેમાંના એક વિભાગમાં ધરતીના રસકસ તથા પશુ-પ્રાણીઓનાં સંહનન (શારીરિક રચના) વગેરેનું ઉત્સર્પણ (ચડવાપણું) થાય છે, એટલે તેને ઉત્સર્પિણી કાળ કહેવામાં આવે છે અને બીજા વિભાગમાં ધરતીના રસકસ વગેરેનું અવસર્પણ (ઉતરવાપણું) થાય છે, એટલે તેને અવસર્પિણી કાળ કહેવામાં આવે છે. આ બન્ને કાળનું માપ સમાન હોય છે. પરંતુ તે દરેક કાળના છ–છ પેટા વિભાગો હોય છે, કે જેને આરા કહેવામાં આવે છે, તેનું માપ ચડઉતર હોય છે. દાખલા તરીકે હાલ અવસર્પિણી કાળ ચાલી રહ્યો છે, તેના છ આરાનું માપ નીચે મુજબ છે:

| | | |
|---|---|---|
| પહેલો આરો | સુષમ–સુષમા | ૪×(૧ક્રોડ×૧ક્રોડ) સાગરવર્ષ |
| બીજો આરો | સુષમ | ૩×(૧ક્રોડ×૧ક્રોડ) ,, |
| ત્રીજો આરો | સુષમ–દુષમા | ૨×(૧ક્રોડ×૧ક્રોડ) ,, |
| ચોથો આરો | દુષમ–સુષમા | ૧×(૧ક્રોડ×૧ક્રોડ) ૪૨૦૦૦ વર્ષ ન્યૂન |
| પાંચમો આરો | દુષમા | ૨૧૦૦૦ વર્ષ |
| છઠ્ઠો આરો | દુષમ–દુષમા | ૨૧૦૦૦ વર્ષ |

ઉત્સર્પિણીના છ આરા આથી બરાબર ઉલટા ક્રમે આવવાના. એટલે પહેલો દુષમ દુષમા, બીજો દુષમા, ત્રીજો દુષમસુષમા, ચોથો સુષમદુષમા, પાંચમો સુષમા અને

છઠ્ઠો સુષમસુષમા. તે દરેકનું માપ પણ ઉપર પ્રમાણે જ સમજવાનું.

આ રીતે એક કાલચક્રને વીશ કોટાકોટિ સાગરોપમ વર્ષ વ્યતીત થાય છે. સાગરોપમ વર્ષની સંખ્યા અંકથી આપી શકાય એવી નથી, કારણ કે તે ઘણીજ મોટી છે, તેથી તેનું વર્ણન ઉપમા વડે કરવામાં આવ્યું છે.

સંખ્યાના આવડા મોટા આંકડા જોઈને કોઈએ ભડકવાનું નથી. પૃથ્વીના રસકસમાં પરિવર્તન થવા માટે આધુનિક વિજ્ઞાનશાસ્ત્રીઓ પણ આવી જ મોટી સંખ્યાઓ દર્શાવે છે.

વર્તમાન અવસર્પિણી કાલના ત્રીજા આરાના અંત ભાગે શ્રી ઋષભદેવ નામના પ્રથમ તીર્થંકર થયા અને તેમણે વ્યવહાર તથા ધર્મ બન્નેનું પ્રવર્તન કર્યું. ત્યારપછી ચોથા આરાના અંત સુધી બીજા તેવીશ તીર્થંકરો થયા કે જેમાંના છેલ્લા શ્રી વર્ધમાન અથવા શ્રી મહાવીરસ્વામી હતા. ત્યાર પછી આજે ચાલી રહેલા પાંચમા આરામાં કોઈ તીર્થંકર થયું નથી અને છઠ્ઠા આરામાં પણ કોઈ તીર્થંકર થશે નહિ. ત્યારબાદ ઉત્સર્પિણી કાળ શરૂ થશે, તેના ત્રીજા આરાની શરૂઆતમાં તીર્થંકરો થવા લાગશે. અલબત્ત, આ વસ્તુ ભરતક્ષેત્રની અપેક્ષાએ સમજવાની છે, બાકી મહાવિદેહ આદિ ક્ષેત્રમાં તો આજે પણ તીર્થંકરો વિદ્યમાન છે.'

એક જૈન વિદ્વાને જૈન ધર્મની પ્રાચીનતાનું વર્ણન

કરતાં જણાવ્યું છે કે 'જૈન ધર્મ અનાદિકાળથી છે. પૂર્વે જૈન ધર્મનો ફેલાવો ઘણા દેશોમાં હતો. શ્રી ઋષભદેવ સ્વામીના વખતમાં હિંદુસ્તાન, અફગાનિસ્તાન, તુર્કસ્તાન, ચીન–મહાચીન, તાર્તાર વગેરે દેશોમાં જૈન ધર્મનો પ્રચાર હતો. ( શ્રી ઋષભદેવના પુત્ર ) ભરતનું હિંદુસ્તાનમાં રાજ્ય હતું અને ( શ્રી ઋષભદેવના બીજા પુત્ર ) બાહુબલિનું બહુલી દેશ ( તક્ષશિલા) અથવા અફગાનિસ્તાન વગેરેમાં રાજ્ય હતું. ભરતનાં નામથી હિંદુસ્તાનનું ભારતદેશ એવું નામ પડયું છે. ભરતના પુત્ર સૂર્યયશા જ્યારે ભારત દેશ પર રાજ્ય કરવા લાગ્યા ત્યારથી સૂર્યવંશની સ્થાપના થઈ અને ( તેની ગાદીએ આવેલા ) સોમયશા રાજાના વંશમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિયો પોતાને ચંદ્રવંશી જણાવવા લાગ્યા.

શ્રી ઋષભદેવ ભગવાન્ પછી ભરત રાજા, સૂર્યયશા રાજા વગેરેએ ઘણા વખત સુધી જૈન ધર્મનો ફેલાવો કર્યો એમ શ્રીશત્રુંજયમાહાત્મ્ય ગ્રંથમાં જણાવેલું છે.

નવમા તીર્થંકર સુવિધિનાથ અને દશમા તીર્થંકર શ્રી શીતલનાથના સમયમાં જૈન ધર્મ પાળતા એવા બ્રાહ્મણોએ પોતાની આજીવિકા આદિ અનેક હેતુઓથી વેદસૂત્રોમાં ફેરફાર કરીને બ્રાહ્મણધર્મની સ્થાપના કરી.

શ્રી શીતલનાથથી વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામી સુધી જૈન ધર્મની પૂર્ણ જાહોજલાલી હતી. શ્રી મુનિસુવ્રત સ્વામીના વખતમાં શ્રી રામચંદ્ર, લક્ષ્મણ, રાવણ, વાલી અને સુગ્રીવ વગેરે જૈન રાજાઓ વિદ્યમાન

હતા. રાવણ રાજાએ લંકા વગેરે દેશોમાં જૈન ધર્મનો ફેલાવો કર્યો હતો અને તે હિંસામય યજ્ઞ કરનારા લોકોના યજ્ઞમાં વિઘ્ન નાખતો હતો, તેથી હિંસામય યજ્ઞ કરનારા લોકો તેને રાક્ષસ તરીકે ઓળખાવતા હતા. રાવણ રાજાએ અષ્ટાપદ પર્વત ઉપર શ્રી ઋષભદેવ પ્રભુ વગેરેની પ્રતિમા આગળ નાટક કર્યું હતું અને ભક્તિનાં બળે તીર્થંકર નામકર્મ ( કે જેનાં બળે એ આત્મા ભવિષ્યમાં તીર્થંકર થાય છે ) ઉપાર્જ્યું હતું. રાવણે એક વખત શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમા આગળ ઘણી વિદ્યાઓ સાધી હતી. આ ઉપરથી સમજાશે કે લાખો વર્ષ ઉપર લંકા વગેરે દેશોમાં જૈન ધર્મની પૂર્ણ જાહોજલાલી હતી.

શ્રી મુનિસુવ્રત સ્વામી પછી શ્રી નમિનાથ થયા. તેમના વખતમાં જૈન ધર્મનો સારી રીતે ફેલાવો થયો હતો. પાટણ પાસે આવેલા ચારૂપ ગામની એક મૂર્તિ પરના શિલાલેખથી શ્રી નમિનાથ પ્રભુના સમયમાં જિન-પ્રતિમાઓ ઘણી ભરાવવામાં આવી હતી, એવું સ્પષ્ટ સમજાય છે.

શ્રી નમિનાથ પછી ઘણા વર્ષે બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ (અરિષ્ટનેમિ) થયા, તેમના વખતમાં શ્રી કૃષ્ણ અને પાંડવો જૈન ધર્મ પાળતા હતા, એમ જૈન મહાભારત, શ્રી કૃષ્ણચરિત્રવગેરે ગ્રંથોથી સિદ્ધ થાય છે. શ્રી નેમિનાથ પ્રભુના ઉપદેશથી શ્રી કૃષ્ણે સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી હતી અને તે આવતી ચોવીશીમાં ( ચોવીશ તીર્થંકરોમાં ) તીર્થંકર થનાર છે.

પાંચ પાંડવોએ સિદ્ધાચલ પર્વત પર અણસણ કર્યું છે અને ત્યાં મુક્તિ ગયા છે, તેમની યાદી તરીકે સિદ્ધાચલ પર્વત પર હાલ પણ તેમની પાંચ મૂર્તિઓ, દહેરીઓ વગેરે દેખવામાં આવે છે. પાંડવોની સ્ત્રી દ્રોપદી જૈન ધર્મ પાળતી હતી. ( જૈનોમાં સોળસતીઓનું સ્મરણ નિત્ય પ્રાતઃકાળે કરવામાં આવે છે, તેમાં દ્રૌપદીનું નામ પણ સામેલ છે. તે આ રીતે : બ્રાહ્મી, સુંદરી, ચંદનબાળા, રાજીમતી, દ્રૌપદી, કૌશલ્યા, મૃગાવતી, સુલસા, સીતા, શિવાદેવી, સુભદ્રા, કુંતા, શીલવતી, દમયંતી, પુષ્પચુલા અને પ્રભાવતી. )

શ્રી જૈન પાંડવચરિત્રમાં ભાગીરથીનું નામ ગંગા નદી કયાં કારણથી પડ્યું, તે સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે. પાંચ પાંડવો અને કૌરવોનું યુદ્ધ થયું તે વખતે ઘણા દેશના જૈન રાજાઓએ યુદ્ધમાં ભાગ લીધો હતો. શ્રી કૃષ્ણ રાજાએ હજારો પુરુષોને જૈન સાધુ બનવામાં સહાય કરી છે. શ્રી કૃષ્ણના (નાના) ભાઈ ગજકુમાળે શ્રી નેમિપ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. શ્રી નેમિનાથનાં સમવસરણમાં શ્રીકૃષ્ણે એક વખત અઢાર હજાર સાધુઓને વંદન કર્યું હતું. આ ઉપરથી સમજવાનું મળે છે કે પૂર્વ સમયમાં જૈન રાજાઓએ આર્યાવર્તમાં જૈન ધર્મના સદાચારો અને સદ્‌વિચારો ફેલાવવા અત્યંત પ્રયત્ન કર્યો હતો.

શ્રી નેમિનાથ તીર્થંકર પછી લગભગ ચોરાશી

હજાર વર્ષના આશરે શ્રી પાર્શ્વનાથ (નામે ત્રેવીશમા) તીર્થંકર થયા, તે કાશી દેશના રાજા અશ્વસેન અને વામારાણીના પુત્ર હતા. તેમના વખતમાં હિંદુસ્તાનમાં જ્યાં ત્યાં **જૈન** રાજાઓનું રાજ્ય હતું. તાતાર, તિબેટ, અફગાનિસ્તાન વગેરે દેશોમાં પણ જૈન ધર્મ પ્રવર્તતો હતો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણ જૈન ધર્મ પાળતી હતી. પરંતુ તે સમયે ધીમે ધીમે વેદ ધર્મનો પ્રચાર વધ્યા કરતો હતો. શ્રી પાર્શ્વનાથ ચરિત્ર, કલ્પસૂત્રટીકા વગેરેમાં શ્રી પાર્શ્વનાથ અને કમઠ યોગીના સંવાદનો રમુજી ચિતાર જોવામાં આવે છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુએ (બંગાળની સરહદ પર આવેલા) સમેત શિખર પર્વત પર અણસણ કર્યું હતું. તેમના પહેલાં ઘણા તીર્થંકરોએ આ જ પર્વત પર અણસણ કર્યું હતું, તેથી જૈનોમાં સમેતશિખરને એક પવિત્ર તીર્થ માનવામાં આવે છે. શ્રી પાર્શ્વનાથના ગણધરો અને સાધુઓએ હિંદુસ્તાન વગેરે દેશોમાં જૈન ધર્મનો ઉપદેશ આપીને અનેક મનુષ્યોને શુભ માર્ગમાં વાળ્યા હતા.

....શ્રી પાર્શ્વનાથ પ્રભુ પશ્ચાત્ અઢીસેં વર્ષે મગધ દેશમાં ક્ષત્રિયકુંડ નગરના સિદ્ધાર્થ રાજા અને વૈદેહી ત્રિશલાને ત્યાં શ્રી વીરપ્રભુનો જન્મ થયો.'

શ્રી મહાવીર સ્વામી પછી કોઈ તીર્થંકર થયું નથી, એ વાત આગળ કહેવાઈ ગઈ છે. આ જ કારણે તેમને અંતિમ કે ચરમ તીર્થંકર કહેવામાં આવે છે. આજે તેમનું શાસન પ્રવર્તી રહ્યું છે, અર્થાત્ તેમણે જે ધર્મનું પ્રવર્તન

કર્યું હતું, તે આજે ચાલી રહ્યો છે. આ વિશ્વવંદ્ય વિભૂતિનો વિશેષ પરિચય આગામી પ્રકરણમાં આવશે.

આટલાં વિવેચન પરથી પાઠકોને જૈન ધર્મની પ્રાચીનતાનો પૂરો ખ્યાલ આવી ગયો હશે. હવે તેની સ્વતંત્રતા સંબંધી થોડું વિવેચન કરીશું.

ઓગણીસમી સદીનાં ત્રણ ચરણો વ્યતીત થયાં ત્યાં સુધી ઘણા વિદ્વાનો એમ માનતા હતા કે જૈન ધર્મ એ વૈદિક ધર્મ છે અથવા બૌદ્ધ ધર્મની એક શાખા છે, પરંતુ જર્મનીના સુપ્રસિદ્ધ વિદ્વાન્ ડૉ. હર્મન યાકોબીએ આ વિષયની વિશદ સમાલોચના કરી સહુનો ભ્રમ ભાંગી નાખ્યો. તેમણે ધર્મોની ઐતિહાસિક પરિષદ્ સમક્ષ એક મનનીય નિબંધ વાંચતાં સ્પષ્ટ શબ્દોમાં ઘોષણા કરી કે Jainism is an original system, quite distinct and independent from all others, and that therefore it is of great importance for the study of philosophical thought and religious life in ancient India' અર્થાત્ 'જૈન ધર્મ એ મૂળ ધર્મ છે, સર્વ દર્શનોથી સર્વથા ભિન્ન અને સ્વતંત્ર છે અને તેથી પ્રાચીન ભારતવર્ષનાં તત્ત્વજ્ઞાન અને ધાર્મિક જીવનના અભ્યાસ માટે તે અતિ મહત્ત્વનો છે,' ત્યારથી વિદ્વાનો જૈન ધર્મને એક સ્વતંત્ર ધર્મ માનવા પ્રેરાયા અને આજે તો એ બાબતમાં કોઈને કશી શંકા રહી નથી.

ભારતના મહામાત્ય પંડિત જવાહરલાલ નહેરુ

પોતાના 'ડીસ્કવરી ઑફ ઇંડિયા' નામક મનનીય ગ્રંથમાં જણાવે છે કે 'Jainism is really neither Hindunism nor Vedic Dharma. It contributes to the advancement of Indian culture and study of Indian Philosophy.' અર્થાત્ જૈન દર્શન એ હિંદુ દર્શન નથી કે વૈદિક ધર્મ નથી. એ તો ભારતીય સંસ્કૃતિ અને ભારતીય દર્શનોના અભ્યાસમાં મહત્ત્વનો ફાળો આપે છે.' તાત્પર્ય કે તે એક સ્વતંત્ર દર્શન અને સ્વતંત્ર ધર્મ છે. આ વસ્તુ તેમણે એ જ ગ્રંથમાં બીજી રીતે પણ કહી છે: 'Hindu culture is a part of Indian culture and Jain and Buddhist cultures are also Indian. They are not parts of Hindu culture.' અર્થાત્ હિંદુ સંસ્કૃતિ એ ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે અને જૈન તથા બૌદ્ધ સંસ્કૃતિઓ પણ ભારતીય છે. તે હિંદુ સંસ્કૃતિનો ભાગ નથી.'

મદ્રાસ હાઇકૉર્ટના ચિફ જસ્ટીસ સ્વ૦ શ્રી કુમારસ્વામી શાસ્ત્રીએ પણ આવો જ અભિપ્રાય ઉચ્ચારેલો છે. તેઓ કહે છે કે 'Jainism is completely different from Hinduism and independet of it.' અર્થાત્ 'જૈન ધર્મ એ હિંદુ ધર્મથી તદ્દન જુદો અને સ્વતંત્ર ધર્મ છે.'

જૈન ધર્મ જેટલો પ્રાચીન છે, તેટલો પવિત્ર પણ છે અને તેથી જ આજ સુધી સુજ્ઞ પુરુષોનાં હૃદયમાં સન્માનભર્યું સ્થાન પામતો આવ્યો છે. તે માટે રાષ્ટ્રપતિ

ડૉ. રાજેન્દ્રપ્રસાદના શબ્દો યાદ કરવા ઉપયુક્ત ગણાશે. તેમણે કહ્યું છે કે 'Jainism has contributed to the world the sublime doctrine of Ahimsa. No other religion has emphasised the importance of Ahimsa and carried its practice to the extent that Jainism has done. Jainism deserves to become the universal religion because of its Ahimsa doctrine.' અર્થાત્ 'જૈન ધર્મે જગતને અતિ પવિત્ર એવો અહિંસાનો સિદ્ધાંત અર્પણ કર્યો છે. બીજા કોઈ પણ ધર્મે અહિંસાને આટલું મહત્ત્વ આપ્યું નથી અને જૈન ધર્મે તેને જીવનમાં ઉતારવા માટે જેટલો પ્રયત્ન કર્યો, તેટલો બીજા કોઈએ કર્યો નથી. જૈન ધર્મ તેના આ અહિંસાના સિદ્ધાંતને લીધે વિશ્વધર્મ થવાની યોગ્યતા ધરાવે છે.'

ભારતની બે મહાન વિભૂતિઓ મહાત્મા ગાંધી તથા શ્રી રવીન્દ્રનાથ ઠાકુરે પણ જૈન ધર્મને આવા જ અભિપ્રાયો ઉચ્ચારેલા છે.

ઇટાલિયન વિદ્વાન ડો. ટેસીટોરીએ કહ્યું છે કે 'જૈન ધર્મ અતિ ઉચ્ચ કોટિનો છે. એનાં મુખ્ય તત્ત્વો વિજ્ઞાનશાસ્ત્રના આધાર પર રચાયેલાં છે, એવું મારું અનુમાન જ નહિ, પણ મારો પૂર્ણ અનુભવ છે. જેમ જેમ પદાર્થવિજ્ઞાન આગળ વધતું જાય છે, તેમ તેમ જૈન ધર્મના સિદ્ધાંતોને સાબીત કરતું જાય છે.'

થોડા વર્ષ પહેલાં વર્તમાનપત્રોમાં એવા સમાચાર પ્રસિદ્ધ થયા હતા કે 'George Bernard shaw in his conversation with Mr. Devdas Gandhi expressed his view that the Jain teachings were appealing to him much and that he wished to be born after death in a Jain family. Due to the influence of Jainism he was always taking pure food free from meat diet and liquors.' અર્થાત્ '(વિશ્વના સુપ્રસિદ્ધ લેખક) જ્યોર્જ બર્નાડ શૉએ મી. દેવદાસ ગાંધી સાથેની વાતચીતમાં એવો અભિપ્રાય દર્શાવ્યો હતો કે પોતાને જૈન ધર્મના સિદ્ધાંતો ખૂબ ગમે છે અને તે મરણ પછી કોઈ જૈન કુટુંબમાં જન્મે એવું ઇચ્છે છે. તેઓ જૈન ધર્મની અસરને લીધે હમેશા માંસ અને મદિરાથી વર્જિત પવિત્ર ખોરાક ગ્રહણ કરે છે.'

જે ધર્મ પવિત્ર હોય તે અવશ્ય આસ્તિક હોવો જોઈએ, એવા સિદ્ધાંતનો સ્વીકાર કરીએ તો જૈન ધર્મ પરમ આસ્તિક છે, એમ કહેવામાં અમને જરાયે સંકોચ થતો નથી. 'વેદોને ન માને તે નાસ્તિક' એવા વિચારથી પ્રેરાઈને ઘણા માણસો જૈન ધર્મને નાસ્તિક ગણતા આવ્યા છે અને આજે પણ કેટલાક અંશે એ પ્રચાર ચાલુ છે. આમ છતાં જ્યારે અમે તેને આસ્તિક તરીકે ઓળખાવીએ છીએ, ત્યારે પાઠકોએ તેનું કારણ જાણવું જ જોઈએ. ઉપર નાસ્તિકતાની જે વ્યાખ્યા કરવામાં આવી છે તે તે ઘણી જ સંકુચિત અને એકપક્ષીય છે, એટલે મધ્યસ્થ વૃત્તિના વિદ્વાનોને મંજૂર નથી. તેમણે આત્મા, કર્મ,

પુનર્જન્મ તથા પુણ્ય–પાપનો સ્વીકાર કરનારા ધર્મોને આસ્તિકની કોટિમાં મૂકયા છે અને જૈન ધર્મ આત્મા, કર્મ, પુનર્જન્મ તથા પુણ્ય–પાપના સિદ્ધાંતનો સ્પષ્ટ સ્વીકાર કરનારો છે, એટલે તે આસ્તિકની કોટિમાં આવે તે તદ્દન સ્વાભાવિક છે.

અહીં પ્રાસંગિક એ ખુલાસો પણ કરી લઈએ કે વેદોમાં હિંસાનું વિધાન છે અને પરસ્પર ઘણી અસંગતતા છે, એટલે જૈનો તેને માન્ય રાખતા નથી, પરંતુ તેઓ સર્વજ્ઞનાં રચેલાં શાસ્ત્રો પર પૂર્ણ શ્રદ્ધા ધરાવે છે અને સાકાર તેમજ નિરાકાર ઈશ્વરની અનન્ય ઉપાસના કરે છે, એટલે તેમને કોઈપણ રીતે નાસ્તિક કહી શકાય તેમ છે જ નહિ. અરિહંતની ઉપાસના એ સાકાર ઈશ્વરની ઉપાસના છે અને સિદ્ધની ઉપાસના તે નિરાકાર ઈશ્વરની ઉપાસના છે.

## પ્રકરણ બીજું

# ચરમ તીર્થંકર શ્રીમહાવીર સ્વામી

જૈન ગ્રંથોમાં ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીનાં જીવન અને પ્રવચન વિષે અનેક ઉપયોગી હકીકતો સંગ્રહાયેલી છે, પરંતુ આધુનિક સાહિત્યમાં તેનો જોઈએ તેવો પ્રકાશ થયો નથી, એટલે અમે આ પ્રકરણમાં એ વિશ્વવંદ્ય મહાવિભૂતિનો પરિચય કરાવવા ઇચ્છીએ છીએ. તેમનાં જીવનનો સામાન્ય પરિચય મેળવી લેવાથી જૈન ધર્મના સિદ્ધાંતો સમજવામાં ઘણી સરળતા પડશે.

**તીર્થંકરનો અર્થ :**

જૈન શાસ્ત્રોમાં તીર્થંકર તેમને કહેવામાં આવે છે કે જેમણે પોતાની અલૌકિક અદ્ભુત શક્તિથી ધર્મ રૂપી તીર્થનું પ્રવર્તન કર્યું હોય. અહીં તીર્થ શબ્દથી તરવાની જગા કે તરવાનું સ્થાન સમજવાનું છે. એટલે આ ધર્મરૂપી તીર્થ વડે લાખો નરનારીઓ સંસાર સાગરને તરી જાય છે અને તેથી જ તેમને જગતારક, જગબંધવ, જગનાથ, ધર્મદાતા, ધર્મદેશક, ધર્મનાયક, ધર્મસારથિ,

ધર્મચક્રવર્તી, ચક્ષુદાતા, માર્ગદાતા, શરણદાતા, બોધિદાતા વગેરે કહેવામાં આવે છે.

તીર્થંકર થનારા પુરુષો સામાન્ય કે મધ્ય કોટિના નહિ, પણ ઉત્તમોત્તમ કોટિના હોય છે, એ કારણે તેમને પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષવર પુંડરીક, પુરુષવર ગંધહસ્તિ વગેરે નામોથી સંબોધવામાં આવે છે. આધુનિક સમયના કેટલાક તત્ત્વચિંતકોએ Superman એટલે શ્રેષ્ઠ મનુષ્યની કલ્પના કરી છે, તેના કરતાં પણ તીર્થંકર વધારે શ્રેષ્ઠ હોય છે, એમ કહેવામાં અમને જરાયે સંકોચ થતો નથી.

તીર્થંકરો ત્રણે લોકને પૂજનીય હોવાથી अर्हत् કહેવાય છે. પ્રાકૃત સાહિત્યમાં તેને સ્થાને अरहत, अरहंत, अरिहंत, अरुहंत એવા શબ્દો જોવામાં આવે છે, તેમાંથી 'અરિહંત' શબ્દ જૈન સાહિત્યમાં વિશેષ પ્રચલિત થયેલો છે.

પ્રાચીન જૈન ગ્રંથોમાં અવધિજ્ઞાની, મનઃપર્યવ જ્ઞાની અને કેવળજ્ઞાની એ ત્રણેને માટે જિન શબ્દ વપરાતો એટલે તીર્થંકરોને જિનેશ્વર, જિનચંદ્ર વગેરે કહેવામાં આવતા, પરંતુ પાછળથી તીર્થંકરોને માટેજ જિન શબ્દ વિશેષ વપરાવા લાગ્યો, એટલે માત્ર જિન શબ્દથી પણ તીર્થંકર સમજાય છે. જિન એટલે અજ્ઞાનને જિતનાર, સર્વ પ્રકારના ભયોને જિતનાર અથવા રાગદ્વેષને જિતનાર. આ ત્રણે અર્થમાં જિન શબ્દ સત્ત્વ, પરાક્રમ અને વિજયનો દ્યોતક છે, એટલી વાત પાઠકોએ લક્ષમાં રાખવાની છે.

કર્મક્ષયની દૃષ્ટિએ સિદ્ધના જીવો સર્વોત્તમ હોવાં છતાં વિશ્વોપકારની દૃષ્ટિએ તીર્થંકર કે અર્હતોનું સ્થાન પ્રથમ છે, તેથી જ જૈન સંઘ ‘नमो अरिहंताणं’ પદ વડે તેમને પહેલો નમસ્કાર કરે છે.

આટલાં વિવેચન પરથી પાઠકો સમજી શકયા હશે કે શ્રી મહાવીર સ્વામીને તીર્થંકર કહેવામાં આવ્યા છે, એટલે તેઓ કોઈ સામાન્ય પુરુષ ન હતા, પણ અલૌકિક ગુણોથી અલંકૃત વિશ્વોપકારી મહાપુરુષ હતા અને તે જ કારણે આજે લાખો મનુષ્યો તેમને વંદે છે, સ્તવે છે, પૂજે છે અને પોતાના તારણહાર માની પોતાનું જીવન સર્વસ્વ તેમનાં ચરણે સમર્પિત કરે છે.

## તીર્થંકર કોણ થઈ શકે?

‘તીર્થંકર કોણ થઈ શકે?’ એ વિષે પણ થોડો ખુલાસો જરૂરી છે. જૈન શાસ્ત્રો કહે છે કે સંસારમાં પરિભ્રમણ કરનારા આત્માઓ સ્વભાવથી બે પ્રકારના હોય છે: એક ભવ્ય અને બીજા અભવ્ય. તેમાં ભવ્ય આત્માઓ રાગદ્વેષની નિબિડ ગ્રંથીનો ભેદ કરી સમ્યક્ત્વને× સ્પર્શી શકે છે અને ત્યારપછી વધારેમાં વધારે અર્ધપુદ્ગલ-પરાવર્તન જેટલા સમયમાં મુક્તિ પામે છે, ત્યારે અભવ્ય આત્માઓ રાગદ્વેષની નિબિડ ગ્રંથીનો ભેદ કરી સમ્યક્ત્વને સ્પર્શી શકતા નથી અને સમ્યક્ત્વના અભાવે સમ્યક્

× સમ્યક્ત્વનો પરિચય ૭ મા પ્રકરણમાં આપેલો છે.

ચારિત્ર નહિ પામવાને લીધે કોઈ પણ કાળે મોક્ષમાં જઈ શકતા નથી.

સમ્યક્ત્વને સ્પર્શેલા જે આત્માઓ પરોપકારાદિ વિશિષ્ટ ગુણોથી વિભૂષિત હોય છે, તે ધીમે ધીમે શુભ સંસ્કારોનો સંચય કરતા જાય છે અને અરિહંતભક્તિ, સિદ્ધભક્તિ, પ્રવચનભક્તિ, સ્થવિરભક્તિ, ઉપાધ્યાય-ભક્તિ, સાધુભક્તિ, જ્ઞાન, દર્શન, વિનય, ચારિત્ર, બ્રહ્મ-ચર્ય ( શીલ ), શુભધ્યાન, તપ, દાન, વૈયાવૃત્ય, સમાધિ-ઉત્પાદન, અભિનવજ્ઞાનગ્રહણ, શ્રુતભક્તિ અને તીર્થ પ્રભાવના એ વીશ સ્થાનકમાંથી એક કે વધારે સ્થાનકોની ઉત્કટ ભાવે આરાધના કરતાં તીર્થંકર–નામકર્મ બાંધે છે, તે આગામી ભવોમાં ઉદયમાં આવતાં તીર્થંકરપદની પ્રાપ્તિ થાય છે.

**ભવોની ગણના :**

તીર્થંકરનો આત્મા સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જે વિશિષ્ટ ભવો કરે છે, તેની ગણના થાય છે. એ રીતે શ્રી મહાવીર સ્વામીના જીવે નયસારના ભવે સુપાત્ર મુનિઓની અતિ ઉલ્લાસથી ભક્તિ કરતાં સમ્યક્ત્વની સ્પર્શના કરી હતી અને સત્તાવીશમા ભવે તેઓ તીર્થંકર પદ પામ્યા હતા. જૈન શાસ્ત્રોમાં આ સત્તાવીશ ભવોનું વિસ્તૃત વર્ણન ઉપલબ્ધ છે, પણ આપણી વિવેચનાનો મુખ્ય વિષય છેલ્લો ભવ છે.

**ચ્યવનકલ્યાણક :**

તીર્થંકરનો જીવ ચ્યવીને માતાના ગર્ભમાં આવે,

જન્મ પામે, દીક્ષા લે, કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે તથા નિર્વાણ પામે એ પાંચ ઘટનાઓને અનુક્રમે ચ્યવનકલ્યાણક, જન્મ-કલ્યાણક, દીક્ષાકલ્યાણક, કેવલજ્ઞાનકલ્યાણક અને નિર્વાણ-કલ્યાણક કહેવામાં આવે છે. આ ઘટનાઓ વિશ્વનું કલ્યાણ થવામાં પ્રબળ નિમિત્ત છે, તેથી તે કલ્યાણક કહેવાય છે.

શ્રી મહાવીર સ્વામીનો જીવ પ્રાણત નામના દશમા દેવલોકમાંથી ચ્યવીને અષાડ માસના શુક્લ પક્ષની છઠ્ઠી રાત્રિએ જંબૂદ્વીપના દક્ષિણ ભારતમાં (એટલે આપણા ભારતવર્ષમાં) દક્ષિણ બ્રાહ્મણકુંડ નગરમાં રહેતા ઋષભદત્ત વિપ્રની ભાર્યા દેવાનંદાના ગર્ભમાં આવ્યો, ત્યારે દુષમ-સુષમા નામના ચોથા આરાનો અધિકાંશ ભાગ વ્યતીત થઈ ચૂક્યો હતો અને તેને પૂર્ણ થવાને માત્ર પંચોતેર વર્ષ અને સાડા આઠમાસ બાકી હતા. આધુનિક પરિભાષામાં કહીએ તો એ સમય વિક્રમ સંવત્ ૫૪૨ વર્ષ પૂર્વેનો અને ઇસ્વીસન ૫૯૯ વર્ષ પૂર્વેનો હતો.

તે રાત્રે દેવાનંદાએ વૃષભ, હાથી, કેશરીસિંહ, લક્ષ્મીદેવી, પુષ્પમાળા, ચંદ્રમંડળ, સૂર્ય, મહાધ્વજ, કળશ, પદ્મસરોવર, ક્ષીરસમુદ્ર, વિમાન, રત્નપુંજ અને નિર્ધૂમ અગ્નિ એ ચૌદ સ્વપ્નો જોયાં અને તે જાગી ઉઠી પોતાના પતિને તેનું ફળ પૂછવા લાગી. પતિએ કહ્યું : 'હે સુભગે ! આ સ્વપ્નો પરથી સૂચિત થાય છે કે તને સર્વ શાસ્ત્રો જાણનાર સુદૃઢ શરીરવાળો, સુલક્ષણો, તેજસ્વી, યશવંત, સૌભાગ્યવંત પુત્ર થશે.' આ સાંભળી દેવાનંદા અતિ હર્ષ પામી.

**ગર્ભાપહરણ :**

પરંતુ ૮૨ દિવસ વ્યતીત થયા પછી ઉપયોગ મૂકતાં સૌધર્મેન્દ્રને વિચાર થયો કે તીર્થંકર કદી તુચ્છ કુળ, દરિદ્રકુળ, કૃપણ કુળ કે ભિક્ષુક કુળ ( બ્રાહ્મણકુળ ) ને વિષે ઉત્પન્ન થયા નથી, થતા નથી કે થશે પણ નહિ. તેઓ ઈક્ષ્વાકુ વગેરે ક્ષત્રિયકુળમાં જ ઉત્પન્ન થાય છે. કદાચ કર્મવશાત્ તે હીનકુળમાં અવતરે તો પણ મારી ફરજ છે કે મારે તેમને ઉત્તમ કુળમાં સંક્રમાવી દેવા. એટલે તેણે પોતાના સેનાપતિ દેવ હરિણૈગમેષીને આજ્ઞા કરી કે તું ચરમ તીર્થંકરના જીવને બ્રાહ્મણ કુળ થકી સંક્રમાવી કાશ્યપ ગોત્રના સિદ્ધાર્થની ભાર્યા વાસિષ્ઠ ગોત્રની ત્રિશલાદેવીના ઉદરમાં સ્થાપન કર. હરિણૈગમેષી દેવે આસો વદ તેરશની રાત્રે બે પ્રહર વ્યતીત થયા પછી શ્રી મહાવીરને ઉત્તર ક્ષત્રિયકુંડમાં ત્રિશલાદેવીની કુખે સ્થાપિત કર્યા. તે વખતે ત્રિશલાદેવીને પણ મહા મંગલકારી ચૌદ સ્વપ્નો આવ્યાં.

એક સિદ્ધહસ્ત લેખકની ખ્યાતિ પામેલા મહાશયે જણાવ્યું છે કે ‘ આવી અલૌકિક હકીકતો ભક્તવૃંદ પાછળથી જોડી કાઢે છે, માટે તે માનવા યોગ્ય નથી. ખાસ કરીને આ બુદ્ધિવાદના જમાનામાં—વૈજ્ઞાનિક યુગમાં તેને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવો એ ડહાપણભરેલું નથી.’ પણ મથુરાનો કંકાલી ટીલો કે જેમાંથી વિક્રમાબ્દ પૂર્વે બીજી–ત્રીજી શતાબ્દિનાં શિલ્પો પ્રાપ્ત થયાં છે, તેમાંથી ગર્ભાપહરણના આ પ્રસંગનું શિલ્પ પ્રાપ્ત થયેલું છે,

એટલે આ ઘટના ઐતિહાસિક હોવાની માન્યતા એ વખતે પ્રચલિત હતી. આપણે આ લેખક મહાશયને નમ્રતાપૂર્વક પૂછી શકીએ કે આ હકીકત ભક્તવૃંદે પાછળથી જોડી કાઢી છે એવું તમે શા આધારે કહો છો ? તે માટે તમારી પાસે કલ્પના સિવાય બીજું કંઈ પ્રમાણ છે ખરું ? એક વાત અલૌકિક જેવી લાગતી હોય તો તટસ્થતાથી તેનું રહસ્ય શોધવાને બદલે તેને જૂઠી માની લેવી એ ડહાપણભરેલો વ્યવહાર નથી જ.

વળી આ બુદ્ધિવાદના જમાના વિષે કે વૈજ્ઞાનિક યુગ વિષે ઉપર્યુક્ત લેખકની કલ્પના ગમે તે પ્રકારની હોય પણ આ યુગે તો આવા ચિત્ર–વિચિત્ર અનેક વ્યતિકરોને પ્રકાશમાં આણ્યા છે ને આ વિશાળ–વિચિત્ર જગત્‌માં અવનવી અનેક ઘટનાઓ બની શકે છે એમ સાબીત કર્યું છે. પુરુષ ધીમે ધીમે સ્ત્રી બની જાય, સાથળમાં પણ ગર્ભ રહે, ટ્યુબો દ્વારા વીર્યનું સંક્રમણ કરાવી ગર્ભ ધારણ કરાવવો વગેરે બાબતોને આપણી બુદ્ધિ શક્તિમાનતી હતી શું ? વળી મનુષ્ય બનાવટી ઉપગ્રહો તૈયાર કરી શકે તથા તે એક કલાકની અઢાર હજાર માઇલની ગતિએ પોતાનું પરિભ્રમણ દિવસો અને મહિનાઓ સુધી ચાલુ રાખી શકે એવી કલ્પના પણ આપણે ક્યાં કરી શક્યા હતા ? છતાં તે ઘટનાઓ સાચી નીવડે છે, એટલે આપણે પ્રાચીન માન્યતાઓને કલમના એકજ ઝપાટે અસત્ય ઠરાવતાં પહેલાં બહુ બહુ વિચાર કરવો જોઇએ. વળી થોડા વખત પહેલાં જ મીરજની હોસ્પીટલમાં

બકરીનો ગર્ભ એક બાઇના પેટમાં મૂકી ગર્ભની અદલાબદલી કર્યાનો દાખલો બન્યો છે, એટલે ગર્ભાપહરણને અશક્ય માનવાનું કોઇ કારણ રહ્યું નથી.

દેવશક્તિથી અનેક પ્રકારનાં અચિંત્ય કાર્યો થઇ શકે છે એવી શાસ્ત્રકારોએ નોંધ કરી છે, એનો અર્થ એ છે કે ભૂતકાળમાં તે પ્રકારના અનુભવો અનેક વ્યક્તિઓને થયા હતા અને આજે પણ તેવા અનુભવો થવાનું અશક્ય નથી. જેમને દેવ કે દેશક્તિ વિષે કોઇ પ્રકારનો અનુભવ નથી અથવા જેમણે તે વિષે કોઇ પણ પ્રકારની ગંભીર વિચારણા કરી નથી, તેઓ કલ્પનાના ગબારા ગમે તેમ ઉડાડે પણ સુજ્ઞ પુરુષોએ એ બાબતમાં શંકા કરતાં પહેલાં ખૂબ ખૂબ વિચાર કરવો જોઇએ, એમ અમારું નમ્ર મંતવ્ય છે.

એક પ્રજ્ઞાવંત પંડિતે આ ઘટના સંબંધી એવું અનુમાન કર્યું છે કે શ્રી મહાવીર મૂળ તો દેવાનન્દા બ્રાહ્મણીના પુત્ર હતા પણ ત્રિશલાદેવીએ તેમને દત્તક લઈ લીધા અને એ રીતે તેઓ ક્ષત્રિયાણીના પુત્ર તરીકે પ્રસિદ્ધ થયા. એ ઘટનાને શાસ્ત્રકારોએ આ રીતે ગોઠવી દીધી છે. પણ નંદિવર્ધન જેવા એક કેલૈયાકુંવરની માતા બીજા પુત્રને દત્તક શા માટે લે ? તે આપણી અક્કલમાં ઉતરતું નથી. (શ્રી મહાવીરને નંદિવર્ધન નામે એક મોટા ભાઇ અને સુદર્શના નામે એક મોટી બહેન હતા.) વળી આવશ્યક

નિર્યુક્તિમાં खत्तिओ जच्चो એટલે ક્ષત્રિય જન્મ્યા એવા સ્પષ્ટ શબ્દો લખેલા છે, તેથી તેઓ બ્રાહ્મણપુત્ર નહિ પણ ક્ષત્રિયપુત્ર હતા એ નિઃસંદેહ છે.

શાસ્ત્રકારોએ આ બાબતની નોંધ અહીં એટલા માટે લીધી છે કે કર્મનો કાયદો ગરીબ કે તવંગર, એક સામાન્ય મનુષ્ય કે તીર્થંકર સહુને એક સરખો લાગુ પડે છે અને તેમાં કોઇ ફેરફાર કરી શકતું નથી. શ્રી મહાવીરે ત્રીજા મરીચિના ભવમાં કુલમદ કર્યો હતો, એટલે તેમને આ ભવમાં ભિક્ષુકુળમાં અવતરવું પડ્યું.

## એક વિશિષ્ટ ઘટના :

ત્રિશલાદેવી ખૂબ કાળજીથી ગર્ભનું પાલન કરવા લાગ્યા પણ એક દિવસ ગર્ભનું સ્ફુરણ એકાએક બંધ થયું એટલે ત્રિશલાદેવીને લાગ્યું કે ગર્ભ મૃત્યુ પામ્યો. આ બનાવની તેમનાં કોમળ હૃદય પર ભારે અસર થઈ અને સિદ્ધાર્થ રાજાને ખબર પડી ત્યારે તેઓ પણ અત્યંત ઉદાસીન બની ગયા. પણ થોડી વાર પછી ગર્ભ ફરીથી સ્ફુરતો જણાયો, એટલે સહુના જીવમાં જીવ આવ્યો અને અતિશય આનંદ વ્યાપ્યો.

શાસ્ત્રકારો કહે છે કે શ્રી મહાવીરે માતા પ્રત્યેની ભક્તિને લીધે એવો વિચાર કર્યો કે મારાં હલનચલનથી તેમને જરૂર કષ્ટ થતું હશે, તેથી તેઓ ગર્ભમાં આ રીતે નિશ્ચલ થયા. પરંતુ માતાની હૃદયવેદના જાણતાં જ

તેમણે પોતાનાં શરીરનો એક ભાગ સહેજ કંપાવ્યો અને માતાપિતાનો પોતાના ઉપર આવો ગાઢ સ્નેહ જોઈને એ જ વખતે નિર્ણય કર્યો કે જ્યાં સુધી મારા માતાપિતા જીવતા રહે ત્યાં સુધી મારે સંસારનો ત્યાગ કરી તેમનાં કોમળ હૃદયને ચોટ પહોંચાડવી નહિ. આને આપણે માતૃ–પિતૃભક્તિનું એક ઉત્તમ ઉદાહરણ જ કહી શકીએ.

અહીં એટલું સ્પષ્ટીકરણ આવશ્યક છે કે તીર્થંકરનો આત્મા માતાના ગર્ભમાં આવે ત્યારે મતિ અને શ્રુતજ્ઞાન ઉપરાંત અવધિજ્ઞાનથી પણ યુક્ત હોય છે, છે, એટલે આવી હકીકત જાણી શકે છે. અવધિજ્ઞાન એ એ એક વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન છે કે જેના યોગથી આત્મા ઇંદ્રિય અને મનનાં નિમિત્ત વિના હજારો વર્ષ પહેલાંના અને હજારો માઈલ દૂર રહેલાં રૂપી દ્રવ્યોને પ્રત્યક્ષ જાણી શકે છે.

**ગર્ભનો પ્રભાવ :**

જ્યારથી શ્રી મહાવીર સ્વામીનો જીવ ત્રિશલાદેવીના ગર્ભમાં આવ્યો ત્યારથી તેમનું ભવન ધન, ધાન્ય, બળ, વાહન, કોઠાર, પ્રીતિ, સત્કાર વગેરેમાં અત્યંત વૃદ્ધિ પામવા લાગ્યું, એટલે માતાપિતાએ વિચાર કર્યો કે જ્યારે આ પુત્ર જન્મ પામશે, ત્યારે તેનું નામ વર્ધમાન પાડીશું.

**જન્મકલ્યાણક :**

ગર્ભાવાસમાં ૯ માસ અને ૭ાા દિવસ પૂરા થતાં ત્રિશ-

લાદેવીએ ચૈત્ર સુદિ ૧૩ ની રાત્રિએ શ્રી મહાવીરને જન્મ આપ્યો અને સમસ્ત પ્રકૃતિ આનંદથી નાચી ઉઠી. જ્યાં સતત દુઃખનો અનુભવ થાય છે, એવાં નરકસ્થાનોમાં પણ સર્વ જીવોને ઘડીભર સુખનો અનુભવ થયો. જગત્ પર એક મહાન તીર્થંકરનો જન્મ થયો તેની એ નિશાની હતી.

સિદ્ધાર્થ રાજા અને ત્રિશલાદેવીએ ભારે ઠાઠથી આ પુત્રનો જન્મોત્સવ કર્યો અને દેવોએ પણ એ જગતકલ્યાણકારી નિમિત્તનો અત્યંત ઉલ્લાસથી ઉત્સવ ઉજવવામાં નિજ જીવનની સાર્થકતા માની.

**નામકરણ :**

જન્મને પહેલે દિવસે કુલક્રમથી ચાલી આવતી ઉચિત ક્રિયાઓ પૂરી થઈ. ત્રીજે દિવસે ચંદ્ર-સૂર્યનાં દર્શન કરાવવામાં આવ્યાં. છઠ્ઠા દિવસે રાત્રિજાગરણનો મહોત્સવ થયો અને નાલચ્છેદ વગેરેનો વિધિ પતી ગયો. આ રીતે કુલ અગિયાર દિવસો પસાર થયા પછી બારમા દિવસે સિદ્ધાર્થ રાજાએ ખૂબ ખાનપાન તથા મેવામુખવાસ તૈયાર કરાવી પોતાના મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ સહુને નિમંત્ર્યા અને ભોજનવિધિ પૂરો થયા બાદ સહુની સમક્ષ પોતાના પૂર્વસંકલ્પ મુજબ તેમનું નામ વર્ધમાન પાડયું.

**કેટલાંક ભૂલ ભરેલાં મંતવ્યો :**

શ્રી મહાવીર સ્વામીની જન્મભૂમિ વિષે, કુંડગ્રામ વિષે તથા શ્રી સિદ્ધાર્થ રાજાના દરજ્જા વિષે કેટલાક ભૂલ

ભરેલાં મંતવ્યોનો પ્રચાર થઈ રહ્યો છે, એટલે તેના વિષે ખુલાસો કરવો આવશ્યક લેખાશે.

કેટલાક વિદ્વાનો એમ કહે છે કે બ્રાહ્મણકુંડગ્રામ અને ક્ષત્રિયકુંડગ્રામ એ કોઈ સ્વતંત્ર શહેર નહિ પણ વૈશાલીનાં પરાં હતાં, એટલે ભગવાન મહાવીર વૈશાલીમાં જ જન્મ્યા હતા કે જે સ્થાન આજે પટણાની ઉત્તરે ૨૭ માઈલ દૂર આવેલું વેસાડ ગામ સંભવે છે. આજે તો ત્યાં બિહાર સરકાર તરફથી જૈન શાસ્ત્રોનું સંશોધન પ્રકાશન કરનારી એક સંસ્થા પણ સ્થપાઈ છે અને એ રીતે એ મતને સાચો માની લઈને કામ ચલાવવામાં આવ્યું છે. પરંતુ જૈન શાસ્ત્રો વૈશાલીનાં નામથી સુપરિચિત હતા એ તો શ્રી કલ્પસૂત્રમાં આવતા **वेसालिं नयरिं वाणिअगामं-च्च नीसाए** વગેરે શબ્દોથી જણાઈ આવે છે, એટલે વૈશાલીજ જો શ્રી મહાવીરસ્વામીની જન્મભૂમિ હોત, તો તેમણે એ પ્રકારનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હોત, પણ શ્રી આચારાંગ સૂત્ર, શ્રીકલ્પસૂત્ર, શ્રીઆવશ્યકભાષ્ય, શ્રી આવશ્યકનિર્યુક્તિ વગેરે માન્ય ગ્રંથોમાં કુંડગ્રામનો જ ઉલ્લેખ આવે છે. વળી કુંડગ્રામ એ જો વૈશાલીનું પરું હોત તો પ્રથમ વર્ણન વૈશાલીનું કરીને પછી જ તેનાં પરાં રૂપે કુંડગ્રામનું વર્ણન કરવામાં આવ્યું હોત, પણ શાસ્ત્રોમાં તો એ બ્રાહ્મણકુંડગ્રામ અને ક્ષત્રિયકુંડગ્રામ એ બંનેનો સ્વતંત્ર નિર્દેશ છે, એટલે તે પાસપાસે આવેલાં બે સ્વતંત્ર શહેરો હતાં એમ માનવું જ વ્યાજબી છે.

શ્રી મહાવીરને વૈશાલિક શા માટે કહેવામાં આવતા હતા, તેનો ખુલાસો શ્રી શીલાંકાચાર્યે આ પ્રમાણે કરેલો છે:

**विशाला जननी यस्य, विशालबलमेव वा।**
**विशालं प्रवचनं चास्य, तेन वैशालिको जिनः॥**

જેમની જનની વિશાલા (ત્રિશલાનું બીજું નામ) હતી, જેમનું કુળ વિશાળ હતું અથવા જેમનું પ્રવચન વિશાળ હતુ, તે કારણથી શ્રી મહાવીર વૈશાલિક કહેવાયા.

જો શ્રી મહાવીર વૈશાલી નગરીના વાસી હોવાથી જ વૈશાલિક કહેવાયા હોત તો અહીં જેમની નગરી વિશાલા હતી, એમ સ્પષ્ટ કહ્યું હોત, પણ તેમણે વિશાલાને એટલે વૈશાલીને ભગવાનની જન્મભૂમિ માની નહોતી અને તેથી જ એ જાતનો ઉલ્લેખ કર્યો નથી, એ સ્પષ્ટ છે.

શ્રી મહાવીર સ્વામીને વૈશાલિક કહેવાનું એક કારણ એ પણ હોઈ શકે કે તેઓ વૈશાલીના ખૂબ સંબંધમાં આવ્યા હતા. તેમનું મોસાળ વૈશાલીમાં હતું અને તેમણે બાર ચોમાસાં વૈશાલીની નિશ્રાએ કર્યાં હતાં. આજે પણ કાશીમાં લાંબો વખત રહેનારા કાશીવાળા અને થાણામાં વધારે વખત રહેનારા થાણાવાળા કહેવાય છે.

શ્રી આચારાંગ સૂત્રમાં **दाहिणमाहणकुंड संनिवेश** અને **ऊत्तर खत्तियकुंडसंनिवेस** એવા શબ્દો આવે છે. તેણે ડો. યાકોબી વગેરેમાં એવો ખ્યાલ પેદા કર્યો કે તે એક સામાન્ય ગામ કે પરું હોવું જોઇએ, પણ જિનાગમો પરની ચૂર્ણિ, ટીકા અને શબ્દકોષોમાં સંનિવેશનો અર્થ

નગર, ગામ, નગર બહારનો પ્રદેશ વગેરે પણ થાય છે, એટલે તેમની એ માન્યતા ભૂલ ભરેલી જ હતી. એ રીતે કુંડગ્રામના વિભાગો, રસ્તાઓ, ચોકો વગેરેનું જે વર્ણન આવે છે તે શી રીતે સંગત થાય ? વળી ક્ષત્રિયકુંડમાંથી એક સાથે ૫૦૦ ક્ષત્રિયકુમારોએ દીક્ષા લેવાનો ઉલ્લેખ શ્રી ભગવતી સૂત્રમાં આવે છે, તે એક સામાન્ય ગામ કે પરું હોય તો કેમ બની શકે ?

કુંડગ્રામ ક્યાં આવ્યું ? તેનો ઉત્તર આચાર્ય શ્રી નમિચંદ્રે મહાવીર ચરિત્રમાં કુંડપુરને મધ્યમ દેશનું મંડન કરીને આપ્યો છે. આ મધ્યમદેશ તે આર્યવર્તનો મધ્યદેશ વિદેહ સમજવાનો છે. વળી દિગમ્બરાચાર્ય શ્રી પૂજ્યપાદે દશભક્તિમાં જણાવ્યું છે કે **सिद्धार्थनृपति-तनयो, भारतवास्ये विदेहकुण्डपुरे** એટલે તે વિદેહમાં હોવા બાબત શંકા રાખવાનું કંઈ કારણ નથી.

કેટલીક જગાએ **सिद्धत्थे खत्तिये** એવા શબ્દો આવે છે, તે પરથી એવું અનુમાન દોરવામાં આવ્યું છે કે તે કોઇ મોટા રાજા નહિ પણ સામાન્ય સામંત હશે.

આજે શાળોપયોગી ઘણાં પાઠ્ય પુસ્તકોમાં આવું જ છપાયું છે, જે વાસ્તવિક હકીકતથી વેગળું છે. ત્યાં ક્ષત્રિય શબ્દનો ઉપયોગ શ્રી સિદ્ધાર્થ શુદ્ધ ક્ષત્રિય કુલના હતા એમ જણાવવા પૂરતો જ કરેલો છે, કારણ કે તે વખતે ક્ષત્રિયકુલ સિવાયના બીજા રાજાઓ પણ રાજ્ય ભોગવતા હતા અને ક્ષત્રિય શબ્દનો અર્થ પૂર્વમીમાંસાની ટીકામાં,

પ્રવચનસારોદ્ધારની ટીકામાં તેમજ શ્રી હેમચંદ્રાચાર્યકૃત અભિધાન ચિંતામણી કોષ વગેરેમાં રાજા પણ કરેલો છે, એટલે અહીં તેનો અર્થ રાજા કરવામાં કંઇ હરકત નથી. વળી શ્રી કલ્પસૂત્રમાં તો શ્રી સિદ્ધાર્થને સ્પષ્ટ શબ્દોમાં રાજા કહેલા છે ' सिद्धत्ये राया ' અને તેમને નરેન્દ્ર, ગણરાજ, દંડનાયક, યુવરાજ, કોટવાલ, દાણી, કુટુંબના મોવડીઓ, મંત્રી, મહામંત્રી, જ્યોતિષી, પ્રતિહાર, દ્વારપાલ, અમાત્ય, દાસ, પીઠમર્દક, નાગરિકો, વ્યાપારી, શેઠ, સેનાપતિ, સાર્થવાહ, દૂત અને સંધિપાલ વગેરેથી પરિવરેલા જણાવ્યા છે, એટલે વૈશાલી જૈન લિચ્છવીઓની–વજ્જીઓની રાજધાની હતું, તેમ કુંડપુર જ્ઞાત ક્ષત્રિયોની રાજધાનીનું શહેર હતું અને શ્રી સિદ્ધાર્થ તેના રાજા હતા, એમ માનવું જ સુસંગત છે.

કેટલાક કહે છે કે રાજા શબ્દ તો એ વખતે સામાન્ય થઈ પડચો હતો, મતલબ કે વજ્જી સંઘનો ગણતંત્રનો દરેક સભ્ય પોતાને રાજા તરીકે ઓળખાવતો હતો, આ રીતે સિદ્ધાર્થ રાજા વજ્જી ગણતંત્રમાં હિસ્સેદાર હોવાથી એક રાજા તરીકે ઓળખાતા હશે, પરંતુ તેમનો દરજ્જો એક સામંત કરતાં અધિક નહિ હોય. પરંતુ નીચેની હકીકત વિચારતાં આ અનુમાન પણ ભૂલભરેલું જ લાગે છે.

વૈશાલીનો રાજા ચેટક લિચ્છવીઓના ગણતંત્રનો પ્રમુખ હતો અથવા સૌથી બલાઢ્ય હતો, એ બાબતમાં કોઈ મતભેદ નથી. આ રાજા ન્યાયી, પરાક્રમી અને કુળના અભિમાનવાળો હતો. તેને ત્રિશલા નામની એક બહેન

હતી અને પૃથા નામની રાણીથી સાત પુત્રીઓ ઉત્પન્ન થયેલી હતી. આ પુત્રીઓ પૈકી એક કુમારી રહી હતી અને પાછળથી શ્રી મહાવીરસ્વામીના ધર્મસંઘમાં પ્રવ્રજિત થઇ હતી. બાકીની છ પુત્રીઓનાં લગ્ન તેણે ભારતવર્ષમાં અતિ નામાંકિત ગણાય તેવા રાજાઓ સાથે કર્યાં હતાં. પ્રભાવતીનું લગ્ન સિંધુ–સૌવીર દેશના વીતભય નગરના રાજા ઉદાયન સાથે કર્યું હતું, પદ્માવતીનું લગ્ન અંગ દેશના ચાંપાનગરના રાજા દધિવાહન સાથે કર્યું હતું, મૃગાવતીનું લગ્ન વત્સ-દેશના કૌશાંબી નગરના રાજા શતાનીક સાથે કર્યું હતું, શિવાનું લગ્ન ઉજ્જયનિના રાજા પ્રદ્યોત સાથે કર્યું હતું, જ્યેષ્ઠાનું લગ્ન સિદ્ધાર્થ રાજાના મોટા પુત્ર નંદિવર્ધન સાથે કર્યું હતું અને ચેલ્લણાનું હરણ થતાં તે મગધરાજ શ્રેણિક સાથે લગ્નગ્રંથીથી જોડાઇ હતી. મગધરાજ પોતાના કુળથી હલકા કુળનો છે, માટે ચેટકરાજ તેને પોતાની પુત્રી પરણાવતા ન હતા અને તેથી જ મગધરાજે ચેલ્લાણાનું હરણ કરી તેની સાથે લગ્ન કર્યું હતું. આ વસ્તુ સ્પષ્ટ બતાવે છે કે જો સિદ્ધાર્થ રાજા સામાન્ય સામંત હોત તો વૈશાલીપતિ ચેટક તેમની સાથે પોતાની બહેન ત્રિશલાનાં લગ્ન કરત નહિ, તેમજ પોતાની પુત્રી જ્યેષ્ઠાનો વિવાહસંબંધ તેમના પુત્ર નંદિવર્ધથી જોડત નહિ. (એ વખતે ક્ષત્રિયકુલમાં મામાની પુત્રી સાથે લગ્ન થતાં અને આજે પણ થાય છે.) જે અભિમાની રાજા મગધરાજ શ્રેણિક જેવાને હલકા માની પોતાની પુત્રી પરણાવવાનો ઈન્કાર કરે તે એક સામાન્ય સામંતને પોતાની બહેન તથા તેમના પુત્રને પોતાની પુત્રી કેમ પરણાવે? એટલે

શ્રી સિદ્ધાર્થ રાજા સામાન્ય સામંત નહિ પણ કુંડગ્રામના સર્વસત્તાધીશ રાજા હતા અને તેમનો દરજ્જો સાર્વભૌમ રાજાઓ કરતાં જરાયે ઉતરતો ન હતો, એમ માનવું જ સંગત છે.

તે વખતે ઉગ્ર, ભોગ, રાજન્ય, જ્ઞાત, કૌરવ અને ઈક્ષ્વાકુ એ છ ક્ષત્રિયવંશોની ગણના આર્યવંશમાં થતી હતી, એટલે સિદ્ધાર્થ રાજા ક્ષત્રિયકુલમાં પણ અતિ ઉચ્ચ વંશના હતા. તેજ કારણે શ્રી મહાવીર જ્ઞાત, જ્ઞાતપુત્ર, જ્ઞાતૃકુલ-નિવૃત્ત વગેરે નામોથી ઓળખાયા છે. બૌદ્ધ જાતકોમાં ઘણી જગાએ તેમને નિગ્ગંઠ નાયપુત્ત કે નાતપુત્ત કહેવામાં આવ્યા છે.

**બાલ્યાવસ્થા :**

તે વખતે રાજકુમારોને ઉછેરવા માટે પાંચ ધાવમાતાઓ રાખવાની પ્રથા હતી, એટલે શ્રી વર્ધમાનને ઉછેરવા માટે પાંચ ધાવમાતાઓ રાખવામાં આવી અને તે એમનું ઉત્તમ રીતે પાલન-પરિવર્ધન કરવા લાગી. તેઓ જરા મોટા થયા કે સરખી વયના મિત્રો સાથે ક્રીડા કરવા લાગ્યા અને પોતાના ઉદાર, સ્નેહાળ તથા સાહસિક સ્વભાવથી તેમનું ભારે આકર્ષણ કરવા લાગ્યા.

લગભગ આઠેક વર્ષની ઉંમરે શ્રી વર્ધમાન પોતાના મિત્રો સાથે ક્રીડા કરતા હતા, ત્યારે સ્વર્ગમાં તેમના પરા-ક્રમની ઈન્દ્રે કરેલી પ્રશંસા સાંભળી ત્યાંનો એક મત્સરી દેવ ભગવાનની પરીક્ષા કરવા આવ્યો. એણે પહેલાં એક વિકરાળ સર્પનું રૂપ ધારણ કર્યું. એ જોઈ બીજા રાજપુત્રો તો

ડરીને ભાગી ગયા, પણ શ્રી વર્ધમાનકુમારે જરાય ન ડરતાં એ સાપને દોરડીની પેઠે ઉચકી દૂર ફેંકી દીધો. ફરી એજ દેવે તેમને ચલિત કરવા બીજો માર્ગ લીધો. જ્યારે બધાં બાળકો અરસપરસ ઘોડા થઈ એક બીજાને વહન કરવાની રમત રમતા હતા, ત્યારે એ દેવ બાળકરૂપ ધરી શ્રી વર્ધમાનનો ઘોડો થયો અને પછી દૈવી શક્તિથી પોતાનું શરીર ક્રમશ: વધારતાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું, છતાં શ્રી વર્ધમાન જરાય ભય પામ્યા નહિ, એટલું જ નહિ પણ એક મૂઠી મારી તેને નમાવી દીધો. છેવટ પરીક્ષા કરવા આવેલો એ મત્સરી દેવ ભગવાનનાં પરાક્રમથી પ્રસન્ન થઈ તેમને મહાવીર કહી રસ્તે પડ્યો.

**વિદ્યાગુરુ પાસે :**

શ્રી મહાવીર આઠ વર્ષથી કંઈક અધિક ઉંમરના થયા, એટલે તેમને વિદ્યાગુરુ પાસે મૂકવામાં આવ્યા, પણ તેઓ પોતાનાં જ્ઞાનબળથી બધાં લૌકિક શાસ્ત્રો અને તેનો પરમાર્થ જાણતા હતા. તેમની વિશિષ્ટ પ્રતિભા નિહાળીને તેમને વ્યાકરણના કેટલાક પ્રશ્નો પૂછવામાં આવ્યા, તેના તેમણે બરાબર ઉત્તરો આપ્યા. એ સાંભળીને વિદ્યાગુરુ બોલ્યા કે આ કુમારને હું શું ભણાવવાનો હતો? તેઓ પોતે જ મને ભણાવે એવા છે. તાત્પર્ય કે ત્યાર પછી એમને પ્રચલિત શિક્ષા આપવાનો પ્રયત્ન થયો નહિ.

**શરીર અને રૂપરંગ :**

શ્રી ભગવતી સૂત્ર વગેરેમાં કહ્યું છે કે શ્રી મહાવીરનું શરીર અનેક શુભ લક્ષણો અને વ્યંજનોથી યુક્ત હતું.

શ્રી ઔપપાતિકસૂત્રમાં તેમનાં દરેક આંગોપાંગનું વર્ણન ઉપલબ્ધ છે. તેનો સાર એ છે કે તેઓ પ્રમાણોપેત શરીરવાળા અને અનુપમ કાંતિવાળા હતા. તેમનો વર્ણ ઉત્તમ તપાવેલા કંચન જેવો ગૌર હતો. તેમનાં શરીરનો બાંધો વજ્રઋષભનારાચસંઘયણવાળો હતો, એટલે તેમનાં શરીરના સાંધા એટલા મજબૂત હતા કે તેના પરથી ઘોડા સાથેનો રથ ચાલ્યો જાય તો પણ તેમાંનો એકેય સાંધો છૂટો પડે નહિ. તેમનું સંસ્થાન સમચતુરસ્ર હતું, એટલે તેઓ પલાંઠી વાળીને બેઠા હોય તો તેમનાં બે ઢીંચણો વચ્ચેનું અંતર, જમણા ખભા અને ડાબા ઢીંચણ વચ્ચેનું અંતર, ડાબા ખભા અને જમણા ઢીંચણ વચ્ચેનું અંતર તથા પલાંઠીના મધ્ય ભાગથી મસ્તકના અગ્ર ભાગ સુધીનું અંતર સરખું લાગતું હતું. તેઓ પૂર્ણ યુવાન થયા ત્યારે તેમની ઊંચાઈ પૂરા સાત હાથની હતી. આજના રક્તહીન દુર્બળ દેહ, ફીક્કા ચહેરા, નિસ્તેજ આંખો અને દિન–પ્રતિદિન ઠીંગણા બનતાં જતાં શરીરની સરખામણીમાં આ વર્ણન કદાચ આશ્ચર્યકારી લાગે, પણ તેમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ જ નથી. જિનનામકર્મની પ્રાપ્તિથી આવું અપૂર્વ શરીર પ્રાપ્ત થાય છે.હકીકતની દૃષ્ટિએ વિચાર કરીએ તો આજે પૂર્વ ભારતના કેટલાક મનુષ્યો લગભગ છ ફૂટ ઊંચા હોય છે, કદાવર બાંધાના હોય છે અને ચૂંટી ખણીએ તો લોહીની ટશરો ફૂટે એવા લાલઘૂમ હોય છે, ત્યારે જે મહાપુરુષે આજથી પચીસસો વર્ષ પહેલાં વિદેહ જેવા એક વિશિષ્ટ પ્રદેશની હવા ખાધી હતી, તેમજ યોગસાધનાનિમિત્તે બિહામણાં ઘોર જંગલમાં એકાકી

વિચરીને, તેમજ છ છ માસના ઉપવાસ જેવી કઠોર તપશ્ચર્યા કરીને ઉગ્ર દેહદમન કર્યું હતું, તેમનો દેહ આવો પડછંદ અને આવો મજબૂત કેમ ન હોય ?

**સ્વભાવ :**

શ્રી વર્ધમાન સ્વભાવે ઘણા શાંત અને સાંસારિક બાબતોમાં ઉદાસીન હતા. વળી **दक्ख** એટલે ચતુર, **दक्ख-पइण्णे** એટલે પ્રતિજ્ઞાનો નિર્વાહ કરવામાં સદા તત્પર, **आलीणे** એટલે સર્વગુણસંયુક્ત, **भद्दए** એટલે સરળ પ્રકૃતિના અને **विणीए** એટલે વડીલોનો વિનય કરનારા હતા અને તેથી જ તેમને સહુ કોઇ જ્ઞાતૃકુલચંદ્ર એટલે જ્ઞાત કુલમાં ચંદ્ર સમાન લેખતા હતા.

**યૌવન અને વિવાહ :**

બાળપણમાં મનુષ્યને વિવિધ પ્રકારની ક્રીડાઓ ગમે છે અને યૌવન વય પ્રાપ્ત થતાં તેનું મન વિષયભોગની તૃષ્ણાથી તરલિત બને છે. તેમાં યે સર્વ સંયોગો અનુકૂળ હોય તો એ તૃષ્ણાનું તાંડવ અનેકગણું વધી જાય છે, પણ યુવાવસ્થાને પ્રાપ્ત થયેલા શ્રી વર્ધમાનનાં અંતઃકરણની સ્થિતિ જુદી જ હતી. તેમાં તો વિરાગની ચિરાગ જોરથી જલી રહી હતી અને શબ્દ, રૂપ, રસ, ગંધ તથા સ્પર્શ સુખની સર્વ સામગ્રી મૌજુદ હોવા છતાં તેના પ્રત્યે જરાયે આસક્તિ પ્રકટતી ન હતી. જેમણે પૂર્વજન્મમાં અનેક આકરી તપશ્ચર્યાઓ કરીને આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચારે સંજ્ઞાઓ પર ભારે કાબૂ મેળવ્યો હોય તેને ભોગ-

લાલસા કેમ સતાવે? પરંતુ માતાનું મન રાજી રાખવા તેઓ યોગ્ય વયે રાજા સમરવીરની પુત્રી યશોદાથી વિવાહિત થયા અને તેની સાથે નિરાસક્ત ભાવે સાંસારિક સુખ ભોગવવા લાગ્યા. આ લગ્નજીવનનાં ફળરૂપે તેમને એક પુત્રીરત્ન સાંપડ્યું, જેનું નામ પ્રિયદર્શના પાડવામાં આવ્યું. તેને સહુ લાડમાં અણુજ્જા એટલે અનવદ્યા કહેતા હતા. આ પુત્રી મોટી થતાં તેનાં લગ્ન જમાલી નામના ક્ષત્રિયપુત્ર સાથે કરવામાં આવ્યા કે જે મોટી બહેન સુદર્શનાનો પુત્ર હતો અને વીરતાદિ વિશિષ્ટગુણોથી વિભૂષિત હતો. આગળ જતાં જમાલી અને પ્રિયદર્શના શ્રી મહાવીરના ધર્મસંઘમાં પ્રવ્રજિત થયાં હતાં. પ્રિયદર્શનાને જન્મ આપ્યા પછી થોડા જ વર્ષે યશોદાકુમારી વિદેહ થયા જણાય છે, કારણ કે આગળ તેમના સંબંધી કોઈ પણ ઉલ્લેખ આવતો નથી.

કોઈક એમ માને છે કે શ્રી વર્ધમાન વિવાહિત જ થયા ન હતા, પણ આચારાંગ સૂત્રમાં **भज्जा जसोया कोडिन्ना गुत्तेणं** એટલે તેમની ભાર્યાનું નામ યશોદા હતું અને તે કૌડિન્ય ગોત્રની હતી, એવા સ્પષ્ટ શબ્દો આવે છે, તેમજ તેમની પુત્રી પ્રિયદર્શનાનાં બે નામોનો પણ ઉલ્લેખ આવે છે, એટલે એ માન્યતા નિરાધાર છે. શ્રી ભગવતીસૂત્રમાં જમાલી વગેરેના જે પ્રસંગો નોંધાયા છે, તેપણ શ્રી વર્ધમાન વિવાહિત થયા હતા એ માન્યતાને જ પુષ્ટ કરનારા છે.

**માતાપિતાનો દેહવિલય :**

તે વખતે તેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથના શ્રમણ-

શ્રમણીઓ પૂર્વદેશમાં સર્વત્ર વિચરતા હતા અને શ્રી પાર્શ્વનાથે ઉપદેશેલા ચાતુર્યામ (ચાર મહાવ્રતોવાળા) ધર્મનો સર્વત્ર પ્રચાર કરતા હતા. કુંડગ્રામ નગરોમાં તેમનો અવરજવર અધિક હતો, કારણ કે ત્યાં તેમના ઉપાસકોની સંખ્યા ઘણી મોટી હતી. ખુદ સિદ્ધાર્થ રાજા અને ત્રિશલાદેવી પણ એ ધર્મના જ ચુસ્ત અનુયાયી હતા. શ્રી વર્ધમાન જ્યારે અઠ્ઠાવીસ વર્ષના થયા ત્યારે માતાપિતા બંનેએ જીવનના સમસ્ત દોષોની આલોચના, નિંદા, ગર્હા, કરીને તથા તેનું પ્રાયશ્ચિત લઈને પોતાના આત્માની પરમ શુદ્ધિ કરી હતી અને યાવજ્જીવ આહારપાણીનો ત્યાગ કરી દર્ભશય્યા પર સૂતાં સૂતાં શેષજીવન સમાધિભાવમાં પૂર્ણ કર્યું હતું કે જેને શાસ્ત્રમાં અપશ્ચિમ–મારણાન્તિક–સંલેખના કહેવામાં આવે છે. જેમણે સમસ્ત જીવન વ્રત, નિયમ અને તપશ્ચર્યાથી વિભૂષિત કર્યું હોય તેઓ જ છેવટે આવી સંલેખના કરી શકે એટલે શ્રી સિદ્ધાર્થ રાજા અને ત્રિશલાદેવીનું સમસ્ત જીવન ઉત્કટ ધર્માનુરાગવાળું હતું એ નિશ્ચિત છે. મનુષ્યનાં જીવન પર વાતાવરણની ભારે અસર થાય છે, એ સિદ્ધાંતને કબૂલ રાખીએ તો એમ કહેવું જ પડે કે શ્રી વર્ધમાનનાં પ્રારંભિક જીવન ઉપર આ ધાર્મિક વાતાવરણની ઘણી અસર થઈ હતી. તેમનાં અંતરમાં વૈરાગ્યનાં જે બીજોનું ઘણા લાંબા કાળ પૂર્વે આરોપણ થયું હતું તેને ફાલવા–ફૂલવાનો અહીં યોગ્ય અવકાશ મળી ગયો હતો. કમળ જેમ કાદવમાં ઉત્પન્ન થવા છતાં અને જળમાં રહેવા છતાં તેનાથી નિર્લેપ રહે છે, તેમ શ્રી મહાવીર સંસારમાં રહેવા છતાં તેની

સહજ સ્વાભાવિક વૃત્તિઓથી ખરડાયા ન હતા. એમનું મન તો નિરંતર આત્મશુદ્ધિની જ અભિલાષા કરી રહ્યું હતું અને તે માટે ગમે તેવી કઠોર સાધના કરવી પડે તો તે કરવાની તાલાવેલી સેવી રહ્યું હતું.

**વૈરાગ્ય અને વાર્ષિકદાન :**

શ્રી નંદિવર્ધન રાજગાદીના વારસ હતા અને તે માટે સર્વ રીતે યોગ્ય હતા, છતાં શ્રી મહાવીરના અલૌકિક ગુણોથી આકર્ષાઈને તેમને રાજગાદી સ્વીકારવાનો આગ્રહ કર્યો, પણ જેઓ ત્રિભુવનના સ્વામી થવાને સર્જાયેલા હોય તેઓ આવા સામાન્ય રાજ્યનો સ્વીકાર શા માટે કરે? તાત્પર્ય કે તેમણે એ વિનંતિનો અસ્વીકાર કર્યો અને શ્રી નંદિવર્ધને રાજગાદી સંભાળી લેતાં જ પોતાની મનોગત ભાવના પ્રકટ કરી કે 'વડીલ બંધુ! હવે હું ગૃહજીવનનો ત્યાગ કરીને શ્રમણજીવનનો સ્વીકાર કરવા ઇચ્છું છું, માટે મને પ્રવ્રજિત થવાની અનુજ્ઞા આપો.'

શ્રી નંદિવર્ધને તેમને ઉત્તર આપતાં જણાવ્યું કે 'બંધો! હજી માતાપિતાનો વસમો વિયોગ તાજો જ છે અને તેનાથી સહુ સ્વજનો વ્યાકુલ છે, ત્યાં અમારો ત્યાગ કરીને ક્ષત ઉપર ક્ષાર ભભરાવવાનું કાર્ય શા માટે કરો છો? અમે તમારો વિયોગ જરા પણ સહન કરી શકીશું નહિ.'

શ્રી મહાવીર વડીલ બંધુ તથા અન્ય સ્વજનોના આગ્રહથી બે વર્ષ વધુ ગૃહવાસમાં રહ્યા, પણ એ વખતે

એમનાં જીવનની સર્વ ચર્યા શ્રમણના જેવી જ હતી. તાત્પર્ય કે તેઓ સચિત્ત જળ વાપરતા નહિ, રાત્રિભોજન કરતા નહિ, શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરતા અને મોટા ભાગે આત્મચિંતનમાં જ મગ્ન રહેતા.

તીર્થંકરો સ્વયંસંબુદ્ધ એટલે પોતાની જાતે જ બોધ પામનારા હોય છે, આમ છતાં તેમનાં મહાભિનિષ્ક્રમણ એટલે સંસારત્યાગનો સમય નજીક આવે છે, ત્યારે બ્રહ્મ-લોકની ચારે દિશા–વિદિશામાં વસતા લોકાંતિક નામના દેવો આવીને પોતાના આચાર મુજબ તેમને વિનંતિ કરે છે કે 'હે ભગવન્! હવે તીર્થ પ્રવર્તાવો.' એ વચનોનું નિમિત્ત પામીને તેઓ વાર્ષિક દાન દેવાનું શરૂ કરે છે અને છેવટે મહાભિનિષ્ક્રમણ કરી પોતાની સાધના શરૂ કરે છે. આ રીતે શ્રી મહાવીરે એક વર્ષ પછી લોકાંતિક દેવોનાં વચનનું નિમિત્ત પામીને વાર્ષિક દાન દેવાનું શરુ કર્યું અને માગસર વદિ ૧૦ના દિવસે (ગુજરાતની કાર્તિક વદિ ૧૦ના દિવસે) સંસારનો ત્યાગ કરી પ્રવ્રજિત થવાનો નિર્ણય કર્યો.

**દીક્ષાકલ્યાણક :**

દીક્ષાનો પવિત્ર દિવસ આવી પહોંચતાં સારાયે ક્ષત્રિય-કુંડ નગરમાં ભારે હલચલ મચી ગઈ. સહુ એ ચિર-સ્મરણીય પાવન પ્રસંગમાં ભાગ લેવાની તૈયારી કરવા લાગ્યા. રાજભવન સ્વજન, સંબંધી અને મિત્રવર્ગથી ઉભરાવા લાગ્યું. દીક્ષા માટેનો નિર્ધારિત સમય આવી

પહોંચતાં શ્રી મહાવીરે શીતળ જળથી સ્નાન કર્યું અને ઉત્તમ બારીક શ્વેત વસ્ત્ર તથા મણિમય અલંકારો ધારણ કર્યાં. પછી ચંદ્રપ્રભા નામની શિબિકામાં બેસીને વિશાળ જનસમૂહ સાથે ઉત્તર ક્ષત્રિયકુંડ નગરની વચમાં થઈને નગર બહાર ઈશાન ખૂણામાં આવેલા જ્ઞાતૃખંડ નામના ઉદ્યાનમાં આવ્યા. ત્યાં શિબિકામાંથી નીચે ઊતરીને એક વિશાળકાય અશોકવૃક્ષની નીચે ઊભા રહીને શરીર પરનાં સર્વ વસ્ત્રાભૂષણો ઉતારી નાખ્યાં અને પોતાના હાથે જ દાઢી, મૂછ તથા મસ્તકના વાળનો લોચ કર્યો. કેશ એ શરીરની શોભા ગણાય છે, એટલે જ યોગસાધકો મસ્તકનું મૂંડન પસંદ કરે છે.

એ વખતે ઇંદ્રે દેવદુષ્ય નામનું એક વસ્ત્ર નાખ્યું. તેને ડાબા સ્કંધ પર ધારણ કરીને તેમણે સિદ્ધ ભગવંતોને એટલે પરમાત્મદશા પામેલા આત્માઓને ત્રણવાર નમસ્કાર કર્યા અને જીવનપર્યંત કોઈ પણ પાપકર્મ સ્વયં કરીશ નહિ, કરાવીશ નહિ કે કરતાંને અનુમતિ આપીશ નહિ એવી ભીષણ પ્રતિજ્ઞા સાથે સામાયિકનો સ્વીકાર કરીને પ્રવ્રજ્યા—દીક્ષા ગ્રહણ કરી. જેનાથી સમત્વનો લાભ થાય —સમત્વની પ્રાપ્તિ થાય તેને જૈન શાસ્ત્રોમાં સામાયિક કહેવામાં આવે છે. ભગવદ્‌ગીતામાં પણ समत्वं योग उच्यते એ શબ્દો સ્પષ્ટપણે કહેલા છે.

શાસ્ત્રકારો કહે છે કે આ પ્રતિજ્ઞાનો સ્વીકાર કરતાં જ તેમને મનઃપર્યવ નામનું ચોથું જ્ઞાન ઉત્પન્ન થયું કે

જેના વડે પર્યાપ્ત અને વ્યક્ત મનવાળાં સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણિઓના મનોભાવો પ્રત્યક્ષ થાય છે. આ રીતે શ્રી મહાવીર મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચાર જ્ઞાનથી યુક્ત થયા પણ છેવટનુ કેવળજ્ઞાન બાકી હતું કે જેના લીધે આત્મા ભૂત, ભવિષ્ય અને વર્તમાનની સર્વ વસ્તુઓના સર્વ ભાવ યથાર્થપણે જોઈ શકે છે. આવા જ્ઞાનની પ્રાપ્તિ કરવી અને તેના વડે જગતનો ઉદ્ધાર કરવો એ ભગવાન મહાવીરનું લક્ષ્ય હતું અને તે માટે જ તેમણે ઉપર જણાવી તેવી ભીષણ પ્રતિજ્ઞા લઈ સામાયિકયોગનો સ્વીકાર કર્યો હતો.

આ પવિત્ર પ્રવ્રજ્યા સમયે વિજય નામનું મુહૂર્ત હતું, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ હતો અને છાયા પૂર્વમાં ઢળી ચૂકી હતી, એટલે ચોથી પૌરુષીનો સમય હતો.

ક્ષત્રિયકુંડની સમસ્ત પ્રજા તેમના આ ઉત્કટ ત્યાગ-વૈરાગ્યની ભૂરિભૂરિ પ્રશંસા કરી હતી અને પોતાના બંને હાથ મસ્તકે જોડી વારંવાર વંદના કરતી હતી. શ્રી નંદિવર્ધન વગેરે સ્વજનો શ્રી વર્ધમાનની આ સ્થિતિ જોઈ દિલગીર થતા હતા અને તેમનો સુકોમલ સુવર્ણ દેહ વિવિધ યાતનાઓ શી રીતે સહન કરી શકશે? એ વિચારથી દિલગીર થતા હતા.

**વસ્ત્રદાન :**

પરંતુ શ્રી વર્ધમાન સર્વ સ્વજન–સંબંધીઓથી છૂટા પડી વિહાર કરવા તત્પર થયા. તેજ વખતે, સોમ નામના

એક વૃદ્ધ બ્રાહ્મણે હાથ જોડી વિનંતિ કરી કે 'હે ભગવન્! આપે વર્ષ સુધી દાન આપીને દુનિયાભરનું દારિદ્રય દૂર કર્યું પણ મને તો કંઈ લાભ મળ્યો નહિ. હું એ વખતે પરદેશમાં હતો, માટે હવે મારા પર કૃપા કરો.'

તીર્થંકરના આત્માઓ પરોપકારાદિ મહાન ગુણોથી વિભૂષિત હોય છે અને ક્રમશઃ તેમાં વધારો થતો આવે છે, એટલે ચરમ ભવમાં તો એ ગુણો પરાકાષ્ટાએ પહોંચે છે. એ રીતે શ્રી વર્ધમાનમાં પણ એ ગુણો પરાકાષ્ટાએ પહોંચ્યા હતા, એટલે તેમણે પેલા બ્રાહ્મણની વિનંતિ ધ્યાનમાં લીધી અને પોતે ધારણ કરેલાં દેવદુષ્ય વસ્ત્રના બે ટુકડા કરી, તેમાંનો એક ટુકડો તેને આપી દીધો. આ વસ્ત્ર મહા મૂલ્યવાન હોવાથી તે બ્રાહ્મણ તેટલાથી પણ ખૂબ રાજી થયો.

### ગોવાળની ઘટના :

જ્ઞાતૃખંડ ઉદ્યાનથી વિહાર કરીને ભગવાન કુમ્માર ગામ પહોંચ્યા, ત્યારે બે ઘડી દિવસ બાકી હતો. અહીં રાત્રિ વ્યતીત કરવાના વિચારથી તેઓ એક વૃક્ષ નીચે ધ્યાન ધરીને ઊભા રહ્યા અને તેમાં સંસારની અસારતા, કર્મવિપાક તથા વિશ્વના સ્વરૂપનું ચિંતન કરવા લાગ્યા. થોડીવારે ત્યાં એક ગોવાળ આખો દિવસ હળ ખેંચી થાકેલા તથા ક્ષુધાપીડિત થયેલા બળદો લઇને આવ્યો. તેને ગામમાં ગાયો દોહવા જવું હતું. પરંતુ બળદોને ચારો ચરવાની ઇચ્છાવાળા જોઈને તેણે એ

બળદોને ભગવાન આગળ મૂકયા અને 'થોડી જ વારમાં આવું છું' એમ કહી ગામમાં ચાલ્યો ગયો. તેનાં મનમાં એમ કે આ સાધુ ઊભો છે, તે જરૂર પડતાં તેને સાચવી રાખશે. પણ તે ગોવાળ ગામમાં પહોંચ્યો કે બળદ ચારો ચરવા આડાઅવળા ચાલ્યા ગયા. આ બાજુ ગામમાંથી પાછા ફરતાં તે ગોવાળે બળદને જોયા નહિ, તેથી ભગવાનને પૂછવા લાગ્યો કે 'તમે બળદને કયાંઈ જોયા ?' પણ ધ્યાનસ્થ ભગવાન કંઈ બોલ્યા નહિ, એટલે તે બળદની શોધમાં નીકળી પડયો. પરંતુ બન્યું એવું કે તે બળદો રાતભર રખડીને સવાર થતાં પાછા ભગવાન આગળ આવી ગયા અને ત્યાં જ ઊભા રહ્યા. રાતભર રખડપટ્ટી કરીને પેલો ગોવાળ પણ ત્યાં જ આવી પહોંચ્યો અને બળદોને ત્યાં ઊભેલા જોઈને ગુસ્સામાં આવી ગયો. તેણે બૂમ મારીને કહ્યું : 'ભલા માણસ ! બળદ કયાં છે તે વાત જાણવા છતાં મને આખી રાત શા માટે રખડાવ્યો ?' અને તે રાશ ઉગામીને મારવા દોડયો. પણ તે જ વખતે તેમનાં ક્ષેમકુશળની ચિંતા કરી રહેલા ઇંદ્રે પ્રકટ થઈને તેને જણાવ્યું કે 'ઓ મૂર્ખ ! આ તો મહારાજા સિદ્ધાર્થના દીક્ષિત પુત્ર શ્રી વર્ધમાન છે, એટલું પણ તું જાણતો નથી ?' એટલે તે ભગવાનને નમસ્કાર કરી ચાલતો થયો. પછી ઇંદ્રે ઉચિત વંદનપૂર્વક ભગવાનને કહ્યું : 'પ્રભો ! બાર વર્ષ સુધી આપને વિવિધ ઉપસર્ગો થવાના છે, માટે આજ્ઞા આપો તો આપની સેવામાં જ રહું અને તે ઉપસર્ગોનું નિવારણ કરું.' પરંતુ ભગવાને તેનો ઉત્તર આપતાં

જણાવ્યું કે 'હે ઇંદ્ર ! એ વાત બની નથી અને બનવાની નથી. કોઈ પણ અર્હંત્ અન્યની સહાયથી કેવલજ્ઞાનને પ્રાપ્ત કરતા નથી, પરંતુ પોતાના પુરુષાર્થને લીધે જ તેને પ્રાપ્ત કરે છે અને નિર્વાણના અધિકારી થાય છે. માટે તું તારા રસ્તે સીધાવ અને મને કર્મો ઉપર મારું પરાક્રમ અજમાવવા દે, મારો પુરુષાર્થ સાધવા દે.' આમ છતાં ઇંદ્રે સિદ્ધાર્થ નામના એક વ્યંતરને તેમની સેવામાં મૂક્યો અને પોતે વિદાય લીધી.

### છઠ્ઠનું પારણું :

ભગવાને બીજા દિવસે સવારે કુમ્મારગ્રામથી વિહાર કર્યો અને કોલ્લાગ નામના સંનિવેશમાં બાહુલ નામના બ્રાહ્મણને ઘેર ક્ષીરનાં ભોજન વડે છઠ્ઠનું પારણું કર્યું.

### તાપસોના આશ્રમમાં :

અહીંથી વિહાર કરીને ભગવાન મોરાક સંનિવેશ પાસે તાપસોના આશ્રમમાં ગયા. ત્યાંનો કુલપતિ મહારાજા સિદ્ધાર્થનો મિત્ર હતો અને ભગવાનનો પણ પરિચિત હતો. તેણે ભગવાનને કહ્યું: 'આ આશ્રમ આપનો જ છે. અહીં રહીને તેને પવિત્ર કરો. ઓછામાં ઓછું એક ચાતુર્માસ તો અહીં વ્યતીત કરો.' એટલે ભગવાને તે વખતે તો ત્યાંથી વિહાર કર્યો પણ વર્ષા ઋતુની શરૂઆત પહેલાં જ ત્યાં આવી ગયા અને થોડે દૂર એક ઘાસની પર્ણકુટિ હતી તેમાં રહીને ધર્મધ્યાન કરવા લાગ્યા.

ભગવાનની દશા આ વખતે મોટા ભાગે અંતર્મુખ રહેતી, એટલે બાહ્ય પ્રવૃત્તિ કે બાહ્ય વ્યવહાર પર ભાગ્યે જ લક્ષ્ય દોરાતું. આને લીધે તેમની પર્ણકુટિનું ઘાસ ગાયો ખાઈ જતી, છતાં તેઓ હાંકતા નહિ કે ડચકારો પણ કરતાં નહિ. તાપસોને આ ન ગમ્યું. તેમણે કુલપતિને વાત કરી કે 'આ સાધુ તો દરેક વાતમાં ઉદાસીન છે, તેથી પર્ણકુટિનું રક્ષણ કરતા નથી, એટલે તે ખલાસ થશે.' એ પરથી કુલપતિએ ભગવાનને કહ્યું કે 'હે આર્ય ! એક પક્ષી પણ પોતાના માળાનું રક્ષણ કરે છે, તો ક્ષત્રિયપુત્ર થઈને તમે એક પર્ણકુટિનું રક્ષણ કરી શકતા નથી, એ તો બહુ આ-શ્ચર્ય કહેવાય !'

## પાંચ નિયમો:

ભગવાને તેના ઉત્તરમાં મૌન સેવ્યું, પણ આ બનાવ પરથી ધડો લઈને નીચે મુજબ પાંચ નિયમો ગ્રહણ કર્યા: (૧) અપ્રીતિ થાય તેવા સ્થાનમાં રહેવું નહિ. (૨) બને તેટલું ધ્યાનમાં રહેવું અને સ્થાન પણ તેને યોગ્ય પસંદ કરવું. (૩) બને તેટલું મૌન રાખવું. (૪) ભોજન હાથથી જ કરવું અને (૫) ગૃહસ્થનો વિનય કરવો નહિ. અર્થાત્ તેની ખુશામત કરવી નહિ, કારણ કે યોગસાધનામાં તે બાધક છે.

## શૂલપાણિ યક્ષનો ઉપસર્ગ:

આ નિયમને આધીન રહીને વર્ષાઋતુના પંદર દિવસ

વ્યતીત થયેલા હોવા છતાં તેમણે એ પર્ણકુટિ છોડી દીધી અને ત્યાંથી વિહાર કરીને અસ્થિક ગ્રામમાં આવ્યા. ત્યાં ગામ બહાર એક ટેકરા પર શૂલપાણિયક્ષનું મંદિર હતું, તેમાં વાસો કરવા દેવા ગામલોકોની રજા માગી. ત્યારે લોકોએ કહ્યું કે આ સ્થાનમાં શૂલિપાણિયક્ષ કોઇને રાતવાસો કરવા દેતો નથી, જે કોઈ રાતવાસો કરે તેને તે મારી નાખે છે, પરંતુ ભગવાને તેથી ભય ન પામતાં ત્યાંજ રાતવાસો કર્યો અને ધ્યાનમાં મગ્ન થયા. અહીં જે ઘટના બની તે કોઈપણ મનુષ્યનું કાળજું કંપાવી મૂકે તેવી છે. પોતાનાં સામર્થ્યનો અનાદર થયેલો જાણી શૂલપાણિયક્ષે પ્રથમ તો ભયંકર અટ્ટહાસ્ય કરી તેમને બીવડાવવાનો પ્રયત્ન કર્યો, પણ એ મહાસત્ત્વવંત યોગી તેનાથી જરાયે ક્ષોભ પામ્યા નહિ. એટલે તેણે હાથી, પિશાચ, સર્પ આદિના ભયંકર રૂપો વડે તેમને ભય પમાડવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે પણ નિષ્ફળ ગયો. જેનું ચિત્ત શાંત છે, સ્વસ્થ છે અને જે પ્રાણીમાત્રને પોતાના મિત્ર ગણે છે, તે એનાથી ભય કેમ પામે ? પણ શૂલપાણિયક્ષ એટલેથી અટકયો નહિ. એણે ભગવાનનાં શિર, નેત્ર, મૂત્રાશય, નાસિકા, દાંત, પૃષ્ઠ અને નખ એ સાત મર્મસ્થાને ભયંકર વેદના ઉપજાવી કે જેના લીધે કાચોપોચો મનુષ્ય તો ત્યાં જ ફાટી પડે, પણ શ્રી વર્ધમાને અપૂર્વ સહનશીલતા દાખવી એ બધી વેદના સહી લીધી. આ જાતના અહિંસક પ્રતિકારથી આખરે શૂલાપાણિ હાર્યો અને તે ભગવાનનાં શરણે આવ્યો. ભગવાને તેને બોધ આપી હવે પછી

આ રીતે કોઇની સતામણી ન કરવાનું જણાવ્યું, તે યક્ષે કબૂલ કર્યું અને ત્યારથી એ સ્થાન સહુને માટે ખુલ્લું થયું.

**અચેલકતા :**

અહીંથી વિહાર કરીને આગળ જતાં સુવર્ણવાલુકા નદીના કિનારે બાકી રહેલું અર્ધું વસ્ત્ર કાંટામાં ભરાઈને પડી ગયું, તે એમણે ફરી ગ્રહણ કર્યું નહિ.× એ તેમનું છેલ્લું વસ્ત્રપરિધાન હતું. શાસ્ત્રકારો તેમની આ વસ્ત્રરહિત એટલે એચેલક દશાનું વર્ણન કરતાં જણાવે છે કે તેઓ અચેલક થયા પછી બંને બાહુઓ સીધા નીચે ફેલાવીને વિહાર કરતા હતા. ઠંડીનાં કારણે બાહુઓને સમેટતા નહિ કે બાહુઓનો સંકોચ કરતા નહિ. શિશિર ઋતુમાં જ્યારે ઠંડો પવન જોરથી વાતો હોય અને અન્ય સાધુઓ કોઈ છાપરાવાળા કે સલામત સ્થાનની શોધ કરતા હોય, વસ્ત્ર લપેટવા ચાહતા હોય કે તાપસો વગેરે લાકડાં સળગાવી ઠંડીને દૂર કરવાનો પ્રયત્ન કરતા હોય, ત્યારે એવી દુઃસહ કડકડતી ઠંડીમાં પણ ભગવાન ખુલ્લાં સ્થાનમાં ઉઘાડા શરીરે રહેતા અને ઠંડીનો પ્રતિકાર કરવાની ઇચ્છા સુદ્ધાં કરતા નહિ. આ વખતે તેમને માત્ર ઠંડીનો જ નહિ પણ દંશ–મશકનો પરીષહ પણ સહન કરવો પડતો, પરંતુ તે સમભાવથી સહન કરી લેતા.'

× આ વસ્ત્ર તેમની પાછળ પાછળ ફરતા પેલા સોમ બ્રાહ્મણે લઈ લીધું હતું અને બંને ટૂકડા ભેગા કરતાં જે વસ્ત્ર તૈયાર થયું તેને વેચતાં અઢળક ધન પ્રાપ્ત થયું હતું.

## ચંડકૌશિકને પ્રતિબોધ :

ત્યાંથી ભગવાન ઉત્તરવાચાલા તરફ જવા નીકળ્યા, જ્યાં પહોંચવાને માટે બે રસ્તાઓ હતા. એક જંગલની અંદર થઈને જવાનો અને બીજો ઉપરવાડેનો. તેમાં પહેલો રસ્તો વિકટ હતો અને લગભગ ઉજ્જડ બની ગયો હતો, કારણ કે ત્યાં ચંડકૌશિક નામનો એક ભયંકર દૃષ્ટિવિષ સર્પ ઉત્પન્ન થયેલો હતો. ભગવાને આ પહેલો માર્ગ જ પસંદ કર્યો.

લોકોએ જોયું કે કોઈ સંત પુરુષ ભૂલથી આ માર્ગે જઈ રહ્યા છે, એટલે તેમણે વિનંતિ કરી કે 'ભલા થઈને આ રસ્તે જશો નહિ, ત્યાં જીવનું જોખમ છે.' પરન્તુ ભગવાને ઉપકારનું કારણ જાણી તે રસ્તે જ જવાનું ચાલુ રાખ્યું અને તેઓ કનખલ નામના આશ્રમમાં જઈ પહોંચ્યા. અહીં સર્પના દરથી થોડે છેટે, યક્ષનાં એક ભાંગ્યાં-તૂટયાં મંદિરમાં તેઓ કાયોત્સર્ગ-ધ્યાને ઊભા રહ્યા.

ચંડકૌશિક સર્પ જંગલમાં ઘૂમીને પાછો ફર્યો, તે વખતે તેણે ભગવાનને જોયા, એટલે દૂરથી જ ઝેરી દૃષ્ટિ ફેંકી, પણ તેનું કંઈ પરિણામ આવ્યું નહિ. તેથી બીજી વાર સૂર્ય સામે જોઈને વધારે ઝેરી દૃષ્ટિ ફેંકી, પણ તેય નિષ્ફળ ગઈ. આથી ખૂબ ક્રોધાયમાન થઈને તે સર્પ ભગવાન તરફ દોડયો અને તેમના પગના અંગૂઠે ડસ્યો. પરંતુ ભગવાને તેના પર જરાયે રોષ ન કરતાં માત્ર

એટલા જ શબ્દો કહ્યા કે 'હે ચંડકૌશિક! બુજ્ઝ! બુજ્ઝ!' અર્થાત્ બોધ પામ, બોધ પામ.

મહાપુરુષોની વાણી કદી નિષ્ફળ જતી નથી, એટલે આ શબ્દોથી તે સર્પને પોતાના પૂર્વ ભવનું જ્ઞાન થયું અને તેમાં તેણે જોઈ લીધું કે શિષ્ય પર અતિ ક્રોધ કરવાને પરિણામે મારી આ દુર્ગતિ થઈ છે અને હજી પણ હું ક્રોધને વશ બનીને ભયંકર હિંસા કરી રહ્યો છું, એટલે તેને વૈરાગ્ય થયો અને તેણે સઘળું ખાવાપીવાનુ છોડી દઈને સમતા ધારણ કરી. એ રીતે પંદર દિવસ સુધી અણસણ કરીને તે સમાધિપૂર્વક મૃત્યુ પામ્યો અને સ્વર્ગમાં ગયો. શ્રી મહાવીરે પોતાના સાધનાકાલમાં ક્ષમાગુણ કેટલી ઊંચી હદે કેળવ્યો હતો, તેનું આ જ્વલંત દૃષ્ટાંત છે.

કનખલ આશ્રમથી ભગવાન દક્ષિણવાચાલા ગામમાં ગયા અને ત્યાં પક્ષક્ષમણનું પારણું કર્યું. ત્યાં શ્વેતમ્બિકા અને સુરભિપુર થઈ મહાનદી ગંગા નૌકા દ્વારા પાર ઉતર્યા અને થૂણાક સંનિવેશ થઈ મગધમાં દાખલ થયા. કહેવાય છે કે તેઓ જ્યારે નૌકામાં બેસીને સામે કિનારે જઈ રહ્યા હતા ત્યારે પવનનું પ્રચંડ તોફાન થયું હતું અને નૌકા તેમાં સપડાઈ ગઈ હતી, પરંતુ આખરે તે સહી-સલામત પાર ઉતરી હતી. નૌકાના બધા પ્રવાસીઓએ માન્યું કે આ પ્રતાપ આ સાધુ મહાત્માનો છે, કારણ કે જ્યારે બધા પ્રાણ બચાવવાની ચિંતામાં પડ્યા હતા અને

વિવિધ ઉપાયો ચિંતવતા હતા, ત્યારે પણ તેઓ બિલકુલ શાંત અને સ્વસ્થ ચિત્તે પોતાનાં સ્થાને બેસી રહ્યા હતા. તેમનું ભવ્ય લલાટ, નમણું નાક, પીયૂષપૂર્ણ નેત્રો અને વિશાળ સ્કંધો તેઓ કોઈ મહા પુરુષ હોય તેની પ્રતીતિ આપતા હતા.

શાસ્ત્રકારો કહે છે કે મનુષ્યનાં સ્થૂલ ચક્ષુઓ ભલે દેખી ન શકે પણ આ ઉપદ્રવ એક દૈવી આફત હતી. શ્રી મહાવીર પોતાના પૂર્વભવમાં ત્રિપૃષ્ટ નામના વાસુદેવ હતા ત્યારે તેમણે જે સિંહને માર્યો હતો, તે સુદંષ્ટ્ર નામે નાગકુમાર તરીકે ઉત્પન્ન થયો હતો. તેણે પૂર્વ વૈર યાદ આવતાં આ તોફાન મચાવ્યું હતું, પણ સંબલ અને કંબલ નામના બે ભલા નાગકુમારોથી આ સહન થયું નહિ, એટલે તેમણે એનો જોરથી સામનો કર્યો અને નૌકાને સલામત રાખી. આવા જીવલેણ પ્રસંગે પણ શ્રી મહાવીરે અપૂર્વ ધૈર્ય રાખ્યું અને ઉપદ્રવ કોણ કરી રહ્યું છે તે જાણવા છતાં તેના પર જરાયે રોષ ન કર્યો, એ આ ઘટનાનો બોધપાઠ છે.

## બીજું ચાતુર્માસ :

મગધમાં થોડો વિહાર કરીને ભગવાન રાજગૃહ નગરમાં એક તંતુવાયશાળામાં ચાતુર્માસ રહ્યા. અહીં મંખ જાતિનો યુવાન ભિક્ષુ ગોશાલક પણ ચાતુર્માસ રહેલો હતો. આ ચાતુર્માસમાં ભગવાને મહિના મહિનાના

ઉપવાસ કર્યા હતા અને તે દરેક ઉપવાસને પારણે તેમને નાલંદાના ગૃહસ્થો દ્વારા પરમભક્તિ તથા સત્કાર-પૂર્વક વિપુલ ભિક્ષા પ્રાપ્ત થઈ હતી. તે ઉપરથી તેમજ ભગવાનનાં તપ, ધ્યાન વગેરેથી આકર્ષાઈને ગોશાલકને તેમની સાથે રહેવાનો તથા તેઓ સ્વીકાર કરે તો તેમના શિષ્ય થવાની ઇચ્છા થઈ. પરંતુ તે બંને વચ્ચે એ પ્રકા-રની વાતચીત થઈ ન હતી. સાચી વાત તો એ છે કે તીર્થંકરો પોતાની છદ્મસ્થાવસ્થામાં એટલે કેવળ જ્ઞાન પ્રાપ્ત થાય તે પહેલાંની અવસ્થામાં કોઈને ઉપદેશ આપતા નથી કે કોઈનો શિષ્ય તરીકે સ્વીકાર કરતા નથી, એટલે શ્રી મહાવીર ગોશાલકનો એક શિષ્ય તરીકે સ્વીકાર શી રીતે કરે ? પણ તેમણે એને સાથે રહેવાનો સ્પષ્ટ નિષેધ કર્યો નહિ, એટલે તે એમની સાથે રહેવા લાગ્યો અને તે પોતાના ગુરુ હોય, તેમજ પોતે તેનો શિષ્ય હોય એવી જાતનું વર્તન રાખવા લાગ્યો.

આ ગોશાલક જો ભદ્ર પ્રકૃતિનો હોત કે મિત અને મધુરભાષી હોત તો શ્રી વર્ધમાનને તેથી એક સારા સાથી મળ્યાનો સંતોષ થાત પણ એ તો ભારે નટખટ અને બહુબોલો હતો તથા સ્વાર્થ સાધવામાં ઉસ્તાદ હતો, એટલે તેનો સાથ આફતોને નોતરનારો થઈ પડયો. આને આપણે કર્મની વિચિત્ર લીલા નહિ તો બીજું શું કહી શકીએ ?

## ગોશાલક સાથેના કેટલાક પ્રસંગો :

ગોશાલકે કેટલાક પ્રસંગોમાં જોયું હતું કે શ્રી મહાવીર કહેતા તે પ્રમાણે જ થતું, એટલે તેમનામાં ભવિષ્ય ભાખવાની શક્તિ અજબ રીતે ખીલેલી હતી, અને આવી શક્તિ પોતાનામાં આવે એવું તે અંતરથી ઇચ્છતો હતો, એટલે જ્યારે પણ પ્રસંગ મળે ત્યારે એ જાતના પ્રશ્નો પૂછતો, એની વિશેષ ખાતરી કરતો અને તેમાંથી કંઈ રહસ્ય મળી આવે તેવી જ વેતરણ કર્યા કરતો.

રાજગૃહીમાં ચાતુર્માસ પૂરું થયા પછી કાર્તિકી પૂર્ણિમાનો દિવસ આવતાં ગોશાલકે શ્રી મહાવીરને પૂછયું હતું કે આજે તો ઘેર ઘેર મહોત્સવ થશે અને જાતજાતની વાનીઓ રંધાશે, તો મને ભિક્ષામાં શું મળશે? શ્રી મહાવીરે કહ્યું: 'વાસી અન્ન અને દક્ષિણામાં ખોટો રૂપિયો.' એ સાંભળી ગોશાલક વહેલી સવારથી ભિક્ષા માગવા નીકળી પડયો પણ તેને ભિક્ષામાં વાસી અન્ન અને દક્ષિણામાં ખોટો રૂપિયો જ મળ્યો.

બીજા એક પ્રસંગે ગોશાલકને ભૂખ લાગી હતી અને માર્ગમાં કેટલાક ગોવાળીયાઓ ખીર રાંધી રહ્યા હતા. તે જોઈ તેણે શ્રી મહાવીરને વિનંતિ કરી કે, 'આવો આપણે આ ગોવાળીયાઓ પાસેથી ક્ષીરની ભિક્ષા માગીએ.' ત્યારે શ્રી મહાવીરે કહ્યું કે 'એ ક્ષીરની ભિક્ષા માગવી વ્યર્થ છે, કારણ કે ક્ષીર બનવાની નથી.' આ સાંભળી ગોશાલકને તેમના શબ્દોની ખાતરી કરવાનું મન થયું,

એટલે તેણે પેલા ગોવાળિયાઓને ચેતવ્યા અને તેમણે વાંસની ખપાટો વગેરે બાંધીને હાંડલીને સુરક્ષિત કરી લીધી પણ તેમાં ચોખા પ્રમાણથી વધારે પડેલા હતા, એટલે તે ફૂલી જતાં હાંડલી ફાટી ગઈ અને શ્રી મહાવીરનું વચન સત્ય ઠર્યું.

એક વાર ઉતરી ગયેલા ભાતની ભિક્ષા આપવા બદલ ગોશાલકે ઉપનંદ નામના એક માણસ પર અત્યંત ગુસ્સે થઈને કહ્યું કે 'હું આ મહાવીરનાં તપોબળની આણ આપીને કહું છું કે તારું ઘર બળી જાઓ.' શ્રી મહાવીરનું તપોબળ કેવું હતું, તેનો કેટલોક પરિચય આપણે કરી ગયા છીએ એટલે એ તપોબળ મિથ્યા કેમ થાય? તાત્પર્ય કે થોડી જ વારમાં ઉપનંદનું ઘર ભડભડ બળવા લાગ્યું. આ બનાવથી ગોશાલકને ખાતરી થઈ કે શ્રી મહાવીરનું તપોબળ પણ તેમનાં વચનની જેમ અમોઘ છે. શાસ્ત્રકારો કહે છે કે આવા બધા પ્રસંગોએ શ્રી વર્ધમાન નહિ પણ તેમની સેવામાં રહેલો સિદ્ધાર્થ વ્યંતર જ ઉત્તર આપતો કે ચમત્કાર બતાવતો.

## ત્રીજું ચતુર્માસ :

શ્રી મહાવીરે ચંપાનગરી આવી ત્રીજું ચોમાસું વ્યતીત કર્યું. એ વખતે તેમણે બે બે માસના બે ઉપવાસ કર્યાં હતા અને લાંબા વખત સુધી એક આસને સ્થિર રહી આસનસિદ્ધિ કરી હતી. ગોશાલક એ વખતે સાથે જ હતો.

### કૂવામાં લટકયા :

ચાતુર્માસ પૂર્ણ થયે ભગવાન ફરતાં ફરતાં ચોરાક ગામે આવ્યા અને એક નિર્જન સ્થાનમાં ધ્યાનમગ્ન થયા. એ વખતે ત્યાં શત્રુરાજાનો ભય વિશેષ હતો, એટલે કોટવાળોએ આવીને પૂછપરછ કરવા માંડી. પણ ભગવાન ધ્યાનમાં મગ્ન હતા, એટલે કંઈ બોલ્યા નહિ. આ વખતે ગોશાલકે પણ ચૂપકીદી ધારણ કરી અને ધ્યાનમાં હોય એવો દેખાવ કર્યો. આથી કોટવાળોએ તેમને પરરાજ્યના જાસુસ માની તેમનાં મુખેથી સત્ય હકીકત કઢાવવા તેમને દોરડાથી મુશ્કેટાટ બાંધ્યા અને એક કૂવામાં ઉતારી ડૂબકીઓ ખવડાવવાની તૈયારી કરી. એટલામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના સંપ્રદાયની સોમા અને જયંતી નામની બે સાધ્વીઓ ત્યાં આવી ચડી કે જે શ્રી મહાવીરને ઓળખતી હતી. તેમણે સત્ય હકીકત જણાવતાં પેલા કોટવાળોએ તેમને બંધનમાંથી મુક્ત કર્યા અને માફી માગી.

### ચોથું ચાતુર્માસ :

ભગવાને ચોથું ચાતુર્માસ પૃષ્ટચંપાનગરીમાં ચાર માસના ઉપવાસપૂર્વક જ્ઞાન–ધ્યાનમાં વ્યતીત કર્યું.

### રાઢના જંગલી પ્રદેશમાં :

ત્યારબાદ શેષ કર્મોની શીઘ્ર નિર્જરા કરવાના આશયથી તેઓ રાઢ નામના અનાર્ય પ્રદેશમાં ગયા કે જે મુર્શીદાબાદની નવાબીમાં આવેલો હોવાનું અનુમાન કરવામાં આવે છે.

આ પ્રદેશના વજ્રભૂમિ અને શુદ્ધભૂમિ એવા બે ભાગો હતા, તેમાં વજ્રભૂમિના લોકો ઘણા ક્રૂર અને નિર્દય હતા. તેઓ એમને મારપીટ કરતા, કૂતરા કરડાવતા અને હાંકી કાઢતા. કોઈવાર તો તેઓ ભગવાનનાં શરીર પર હથિયારથી પ્રહાર પણ કરતા અને તેમનાં માથે ધૂળનો વરસાદ વરસાવતા, વળી કોઈ વાર તેમને ઊંચેથી નીચે પટકતા અને આસન પરથી ગબડાવી પાડતા. આ પ્રદેશમાં કેટલોક ભાગ તો એવો હતો કે જ્યાં ઘણે દૂર સુધી એક પણ ગામડું ન હોય કે મનુષ્યની વસ્તી પણ ન હોય. પરંતુ શ્રી મહાવીરે આ બધી યાતનાઓ સમભાવે સહી લીધી અને એક સાધક ધારે તો કેટલી હદે પોતાની સહનશક્તિ કેળવી શકે છે, તેનું એક અપૂર્વ ઉદાહરણ પૂરું પાડ્યું.

અહીંથી બહાર નીકળી ભગવાને પાંચમું ચાતુર્માસ ભદ્દિલપુરમાં, છઠ્ઠું ચાતુર્માસ ભદ્રિકાપુરીમાં, સાતમું ચાતુર્માસ મગધનાં રાજગૃહ નગરમાં વ્યતીત કર્યું હતું. ત્યાર પછી પાછા તેઓ આ પ્રદેશમાં આવ્યા હતા અને નવમું ચાતુર્માસ અનેક પ્રકારના ઉપસર્ગો સહન કરીને ત્યાં જ વ્યતીત કર્યું હતું.

**ગોશાલકનો બચાવ :**

ત્યાંથી ભગવાન સિદ્ધાર્થપુર આવ્યા અને કૂર્મગ્રામ તરફ વળ્યા. માર્ગમાં તલનો છોડ જોઈને ગોશાલકે ભગવાનને પૂછ્યું કે 'આ તલનો છોડ ફળશે કે નહિ ?'

ભગવાને કહ્યું : 'એ છોડ જરૂર ફળશે અને તેની શીંગમાં સાત તલ ઉત્પન્ન થશે.' ગોશાલકે ભગવાનનાં આ વચનની પરીક્ષા માટે તેઓ ન જાણે એ રીતે એ છોડને ત્યાંથી ઉખેડી નાખ્યો અને દૂર ફેંકી દીધો.

કૂર્મગ્રામ આવતાં ગોશાલકે વૈશિકાયન નામના તાપસની ઠેકડી કરી એટલે તેણે ગુસ્સે થઈને ગોશાલક પર તેજોલેશ્યા મૂકી પણ ભગવાને અનુકંપાબુદ્ધિથી શીતલેશ્યા મૂકી તેનો બચાવ કર્યો.

આ પ્રસંગથી ગોશાલકને લાગ્યું કે હું પણ તેજોલેશ્યા મેળવી લઉં તો ઘણી કામ આવે, એટલે ભગવાન પાસેથી એનો વિધિ જાણી લીધો.

ત્યાંથી ભગવાન તથા ગોશાલક સિદ્ધાર્થપુર તરફ પાછા વળ્યા. માર્ગમાં પેલા તલવાળા છોડનો પ્રદેશ આવ્યો. ગોશલકને તો ખાતરી જ હતી કે એ તલનો છોડ ત્યાં હોય જ ક્યાંથી ? પણ તેણે અત્યંત અજાયબી વચ્ચે જોયું કે ત્યાં તલનો એક સુંદર છોડ લહેરી રહ્યો હતો અને તેની શીંગમાં તલના બરાબર સાત દાણા થયા હતા. બન્યું હતું એવું કે પેલા ઉખેળાઇ ગયેલા છોડનું મૂળ એક ગાયની ખરી નીચે દબાઈ જતાં જમીનમાં ચોંટી ગયું હતું અને અકાળે વૃષ્ટિ થતાં આ છોડ પાંગર્યો હતો. અહીંથી ગોશાલક છૂટો પડ્યો અને તેણે શ્રાવસ્તી નગરીમાં જઈ છમાસના યથાવિધિ તપદ્વારા તેજોલેશ્યાની પ્રાપ્તિ કરી.

ઉપરાંત થોડું નિમિત્ત જ્ઞાન પણ મેળવી લીધું અને આજીવક સંપ્રદાયનો પ્રચાર કરવા લાગ્યો.

**સંગમના ઉપસર્ગો :**

દશમું ચાતુર્માસ શ્રાવસ્તી નગરીમાં પસાર કરી ભગવાન મ્લેચ્છોથી ભરપૂર એવી દૃઢભૂમિમાં વિચરવા લાગ્યા અને પેઢાલ ગામની બહાર પોલાસ નામનાં ચૈત્યમાં આવી, એક રાત્રિની મહાપ્રતિમા ધારી, કાર્યોત્સર્ગ-ધ્યાને ઊભા રહ્યા. એ વખતે સંગમ નામના દુષ્ટ દેવે તેમને ધ્યાનમાંથી ચળાવવા માટે નાના મોટા ઉપસર્ગો કર્યા પણ ભગવાન રજમાત્ર ડગ્યા નહિ. પછી એ દુષ્ટ દેવે તેમનો પીછો જ પકડ્યો અને છ મહિના સુધી ઉપદ્રવો કરવાનું ચાલુ રાખ્યું પણ મેરુ ચળે અને સમુદ્ર છળે તો જ આવા યોગસિદ્ધ મહાત્માઓ હિમ્મત હારી જાય કે મૃત્યુનો ભય પામી પોતાનાં ધ્યેયથી ચલિત થાય. તાત્પર્ય કે શ્રી મહાવીર એ આકરી કસોટીમાંથી અણિશુદ્ધ પાર ઉતર્યા ને આખરે એ દુષ્ટ દેવે વિદાય લીધી. શાસ્ત્રકારો કહે છે કે એ પ્રસંગે શ્રી મહાવીરની આંખમાં કરુણાનાં અશ્રુ આવ્યાં કે 'આ જીવનું શું થશે? તે છ છ માસ મારી સાથે રહ્યો, પરંતુ કંઇ પામ્યા વિના ખાલી હાથે પાછો જાય છે!'

**ઉગ્ર અભિગ્રહ :**

ત્યાંથી જુદાં જુદાં સ્થળે વિચરી અગિયારમું ચાતુર્માસ વૈશાલીનાં સમર નામનાં ઉદ્યાનમાં બળદેવનાં મંદિરમાં વ્યતીત કરી વિહાર કરતાં કૌશાંબી પધાર્યા અને પોષ વદિ

૧૦ના રોજ અતિ ઉગ્ર અભિગ્રહ ધારણ કર્યો. તે આ **પ્રમાણે:** દ્રવ્યથી સુપડાના એક ખૂણામાં પડેલા અડદના બાકળા; ક્ષેત્રથી એક પગ ઉંબરાની અંદર અને બીજો પગ ઉંમરાની બહાર; કાલથી બધા ભિક્ષુઓ ભિક્ષાચરી કરી ગયેલા હોય અને ભાવથી રાજકુમારી દાસી બનેલી હોય, માથે મૂંડન કરાવેલું હોય અને આંખમાં આંસુ હોય, આ રીતે ભિક્ષા મળે તો જ ગ્રહણ કરવી. આ અભિગ્રહનું પારણું પાંચ માસ અને પચીસ દિવસના ઉપવાસ પછી કૌશાંબીમાં જ શ્રીચંદનબાળાના હાથે થયું હતું.

## કાનમાં તૃણશલાકાઓ ખોસાઇ:

ત્યાંથી વિહાર કરતાં શ્રી મહાવીર ચંપાનગરીમાં આવ્યા અને સ્વાતિદત્ત બ્રાહ્મણની અગ્નિહોત્રશાળામાં ચોમાસી તપ વડે બારમું ચાતુર્માસ વ્યતીત કર્યું. ત્યાંથી તેઓ જૃંભક અને મેઢક નામનાં ગામોએ થઈ ષણ્માનિ નામનાં ગામ પાસે આવ્યા. ત્યાં મૂઢ ગોવાળોએ તેમને પોતાના ખોવાઈ ગયેલા બળદોના ચોર માનીને કેટલાક સવાલો પૂછ્યા પણ ભગવાને તેનો કંઇ પણ જવાબ ન આપતાં 'તું બહેરો છે કે શું ?' એમ કહીને એ ગોવાળોએ તેમનાં કાનમાં તૃણશલાકાઓ ખોસી દીધી. છતાં ક્ષમામૂર્તિ મહાવીરે તેમના પર જરા પણ ક્રોધ કર્યો નહિ. છેવટે મધ્યમા નગરીની અંદર ખરક નામના વૈદ્યે આ શલાકાઓ બહાર ખેંચી કાઢી અને તેમને શલ્યમુક્ત કર્યા. કહે-

વાય છે કે તેની વેદના એટલી દારુણ હતી કે અપૂર્વ સહનશીલ એવા ભગવાનનાં મુખમાંથી પણ ચીસ નીકળી ગઇ હતી.

**દીર્ઘ તપશ્ચર્યા :**

ભગવાન મહાવીરે આત્મશુદ્ધિ માટે જે તપશ્ચર્યાનો આશ્રય લીધો તે ઘણી જ કઠિન હતી. તેથી જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે **उग्गं च तवोकम्मं विसेसओ वद्धमाणस्स** । વિશેષે કરીને શ્રી વર્ધમાનનું તપકર્મ ઉગ્ર હતું. શ્રી આચારાંગસૂત્રમાં આ તપશ્ચર્યાનું વર્ણન કરતાં જણાવ્યું છે કે—

"શ્રમણ ભગવાન મહાવીર રોગોથી અસ્પૃશ્ય ને નીરોગી હોવા છતાં અલ્પ ભોજન કરતા. (ઊનોદરતા). વળી તેમનું શરીર નિત્ય નીરોગી હતું, છતાં કોઈ અકસ્માતથી વ્યાધિ કે રોગ આવી પડે તો તેનો પ્રતિકાર કરવા ઇચ્છતા નહિ. (કાયકલેશ).

તે તપસ્વી પ્રતિકાર વૃત્તિથી પર હોઈને તેમને રોગોના ઇલાજરૂપે જુલાબ, વમન તથા તેલમર્દન કે શરીરશુશ્રૂષા માટે સ્નાન, અંગચંપી કે દાતણની આવશ્યક્તા રહેતી નહિ.

તે શ્રમણ ઇંદ્રિયોના વિષયથી વિરક્ત રહેતા અને અલ્પભાષી બનીને વિહરતા હતા. (સંલીનતા).

તે તપસ્વીએ પોતાનો દેહ એટલો તો ઋતુસહિષ્ણુ બનાવી દીધો હતો કે તેઓ ઠંડી ઋતુમાં શીતલ છાયા નીચે તથા ઉષ્ણ ઋતુમાં ઉઘાડા તાપમાં ઉત્કુટિકાસને બેસીને ધ્યાન કરી શકતા. (કાયકલેશ).

તે તપસ્વી જ્યારે ક્ષુધા લાગે કે તપશ્ચર્યાનું પારણું હોય ત્યારે માત્ર શરીરના નિર્વાહ અર્થે ભિક્ષાર્થે જતા હતા અને ઘણીવાર તો માત્ર લૂખા ભાત, બોરકૂટ અને અડદના બાકળા જેવો આહાર મેળવીને જ નિર્વાહ કરી લેતા ભગવાન આ ત્રણ વસ્તુઓ પર જ લાગલાગટ આઠ માસ સુધી રહ્યા હતા. (રસત્યાગ).

દીર્ઘ તપસ્વી મહાવીર ઘણીવાર એકી સાથે પંદર પંદર ઉપવાસ, માસખમણ તથા બબ્બે મહિનાની તપશ્ચર્યા કરતા અને છ છ મહિના સુધી અન્ન અને પાણી બંનેનો ત્યાગ કરી રાત્રિદિવસ નિરીહ તથા અપ્રમત થઈને વિચરતા. (અણસણ). તેમજ બબ્બે, ત્રણ ત્રણ, ચાર ચાર ઉપવાસને પારણે પણ જ્યારે અન્નપાણી લેતા, ત્યારે કેવળ નિરાસક્તભાવે શરીરસમાધિ ટકાવવા સારું જ લેતા હોઈ મધ્યમ અને સાદો ખોરાક જ લેતા.

મળેલી ભિક્ષાનો આહાર ભીંજાયેલો હોય, શુષ્ક હોય, ઠંડો હોય, બહુ દિવસના અડદનો, જૂનાં ધાન્યનો કે જવ વગેરે નિરસ ધાન્યનો હોય તો પણ તેને સમભાવે આરોગતા અને કદાચ ભિક્ષાર્થે બહુ પરિભ્રમણ કરવા છતાં કંઈ ન મળતું તો ય તેઓ એને સહજ તપશ્ચર્યા માની અપ્રમત્ત રહેતા.

વળી તે શ્રમણ મહાવીર ઉત્કટિકાસન, ગોદોહિકાસન તથા વીરાસન વગેરે આસનો સાધી તે પર સ્થિર થઈ સમાધિવંત બની ધ્યાનમાં લીન રહેતા. તે

અવસ્થામાં ત્રણે લોકનું સ્વરૂપ વિચારતા. (સંલીનતા અને ધ્યાન.)

આ રીતે એ દીર્ઘ તપસ્વી અને મહાયોગી કષાય-રહિત તથા આસક્તિરહિત બનતા જતા હોવાથી શબ્દાદિ વિષયો એમને સહજ પણ લોભાવી ન શકતા. એ શ્રમણ હમેશા આત્મધ્યાનમાં જ મગ્ન રહેતા અને એ રીતે છદ્મા-વસ્થામાં પણ કર્મ દૂર કરવા માટે તેમણે અતિ પ્રબલ પુરુષાર્થ દાખવ્યો હતો.

ભગવાન મહાવીરનો સાધનાકાલ ૪૫૧૫ દિવસનો એટલે ૧૨ વર્ષ, ૬ માસ અને ૧૫ દિવસનો ગણાય છે. તેટલા દિવસોમાં પારણાના દિવસો તો માત્ર ૪૪૯ જ હતા અને બાકીના બધા દિવસો ઉપવાસના હતા. તેની તાલિકા નીચે મુજબ છે:

| તપ | દિવસ |
|---|---|
| છમાસી એક | ૬ ×૩૦× ૧= ૧૮૦ |
| છમાસી એક (ઊણા પાંચ દિવસની) | ૬ ×૩૦− ૫= ૧૭૫ |
| ચૌમાસી નવ | ૪ ×૩૦× ૯=૧૦૮૦ |
| ત્રણમાસી બે | ૩ ×૩૦× ૨= ૧૮૦ |
| અઢીમાસી બે | ૨॥×૩૦× ૨= ૧૫૦ |
| બેમાસી છ | ૨ ×૩૦× ૬= ૩૬૦ |
| દોઢમાસી બે | ૧॥×૩૦× ૨= ૯૦ |
| માસક્ષમણ બાર | ૧ ×૩૦×૧૨= ૩૬૦ |
| પક્ષક્ષમણ બોંતેર | ૦॥×૩૦×૭૨=૧૦૮૦ |

| | | |
|---|---|---|
| સર્વતોભદ્ર પ્રતિમા એક | | = ૧૦ |
| મહાભદ્ર પ્રતિમા એક | | = ૪ |
| અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) બાર | ૩×૧૨ | = ૩૬ |
| છઠ્ઠ (બે ઉપવાસ) બસો ઓગણત્રીસ | ૨×૨૨૯ | = ૪૫૮ |
| ભદ્રપ્રતિમા | | = ૨ |
| એક ઉપવાસ | | = ૧ |
| પારણાના દિવસો | | ૩૪૯ |
| | | ૪૫૧૫ |

આવી મહાન તપશ્ચર્યા કરવાથી તેઓ 'દીર્ઘ તપસ્વી' કહેવાયા અને ઘોર સંકટોમાં પણ નિશ્ચયથી જરાયે ડગ્યા નહિ, અંતરના શત્રુઓ સાથે એક સરખા પરાક્રમથી લડતા રહ્યા તેથી 'મહાવીર' કહેવાયા. બાળપણમાં દેવે તેમને મહાવીર કહીને સંબોધ્યા હતા, તે નામ તેમણે આગળ જતાં આ રીતે સાર્થક કર્યું.

**કેવલજ્ઞાન–કલ્યાણક :**

જે સાધકો પોતાનાં લક્ષ્ય તરફ જ એકાગ્ર થઈને સર્વ પ્રવૃત્તિ કરે છે તથા માર્ગમાં આવતાં તમામ વિઘ્નોનો વીરતાપૂર્વક જય કરે છે, તે જ આખરે સિદ્ધિ કે સરળતા પ્રાપ્ત કરે છે. શ્રી મહાવીરે આ રીતે જ પોતાની સાધના કરી હતી, એટલે તેમની સાધના સફળ થઈ અને વૈશાખ સુદિ ૧૦ ના પાછલા પહોરે તેઓ જંભિય ગામની સમીપે રહેલી ઋજુવાલિકા નદીના તટે, શામક નામના ગૃહસ્થનાં

ખેતરની સમીપે, વ્યાવૃત્ત નામના ચૈત્યની નજીક, **શાલ** વૃક્ષ નીચે ઉત્કટિક આસને રહીને શુક્લધ્યાન× ધરતા હતા કે શેષ ઘાતી કર્મોનો * ક્ષય થયો અને અપ્રતિહત÷ એવાં કેવળજ્ઞાન તથા કેવળદર્શનની પ્રાપ્તિ થઈ. આથી તેઓ **સર્વજ્ઞ** અને **સર્વદર્શી** બન્યા અને સકલ લોકા લોકના સર્વ પદાર્થોની ભૂત ભવિષ્ય તથા વર્તમાન સ્થિતિ યથાર્થપણે જાણવા લાગ્યા.

ભગવાને આ સાધનાદ્વારા રાગદ્વેષનો સર્વથા જય કર્યો હતો એટલે તેઓ **જિન** થયા હતા, સર્વ ભયોને સંપૂર્ણ જીતી લીધા હતા એટલે તેઓ **જિતભય** થયા હતા અને સર્વ લોકોને તેમના પ્રત્યે પરમ પૂજ્યભાવ પ્રકટ થાય એવી સ્થિતિ પેદા થઈ હતી, એટલે તેઓ **અર્હત્** થયા હતા.

આ પ્રસંગની જાણ થતાં જ દેવો ટોળે મળ્યા અને સ્વતંત્ર કે સમૂહગત આવીને તેમનાં દર્શન–પૂજન કરવા લાગ્યા તથા વિવિધ પ્રકારના સંગીત–નૃત્ય વડે તેની ઉજવણી કરવા લાગ્યા. આ આનંદની લહરિઓ વિશ્વના આંતર-પ્રવાહોમાં ભળી જતાં સર્વત્ર આનંદની છટા છવાઇ રહે એમાં આશ્ચર્ય શું ?

---

× ધર્મધ્યાન પછીનું ધ્યાન કે જે વિક્ષેપ અને વ્યામોહથી રહિત હોય છે. * આઠ પ્રકારના કર્મો પૈકી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મ ઘાતીકર્મ કહેવાય છે, કારણ કે તે આત્માના મૂળ ગુણોનો ઘાત કરે છે. વિશેષ હકીકત કર્મવાદમાં જુઓ. ÷ એક વાર પ્રાપ્ત થયા પછી ન ચાલ્યું જાય તેવું.

## તીર્થપ્રવર્તન :

ભગવાન મહાવીરે સર્વજ્ઞ અને સર્વદર્શી એવા જિન-અર્હત્ થયા પછી તીર્થનું પ્રવર્તન કર્યું હતું, એટલે તેઓ **તીર્થંકર** કહેવાયા.

તીર્થંકરોનો આત્મા પરોપકારાદિ વિશિષ્ટ ગુણોથી વિભૂષિત હોય છે અને તે ગુણો ક્રમશઃ વિકાસ પામતા છેલ્લા ભવમાં પરાકાષ્ઠાએ પહોંચે છે, એ હકીકત અમે પાછળ જણાવી ગયા છીએ. આ ગુણોની ઉત્કૃષ્ટતાને લીધે જ તેમનાં હૃદયમાં જગત્નો ઉદ્ધાર કરવાની ભાવના નિરંતર જાગૃત રહે છે, પણ જ્યારે પોતાને પૂર્ણજ્ઞાન એટલે કેવળજ્ઞાન થાય ત્યારે જ તેઓ એ કાર્ય માટે આગળ પડે છે અને પ્રભાવશાળી પ્રવચનોવડે તથા ધર્મ-સંઘની સુંદર વ્યવસ્થા દ્વારા એ કાર્ય સિદ્ધ કરે છે, જેને શાસ્ત્રીય પરિભાષામાં તીર્થપ્રવર્તન કહેવામાં આવે છે.

ભગવાન મહાવીરે અર્હત્ થયા પછી પહેલો ઉપદેશ દેવોને આપ્યો હતો, પણ તેનું ખાસ પરિણામ આવ્યું નહતું, પરંતુ એજ ઉપદેશ તેમણે અપાપાપુરી આવી મનુષ્યોને આપ્યો ત્યારે સહુ અત્યંત પ્રભાવિત થયા હતા અને ગૌતમ વગેરે ૧૧ મહાપંડિતોએ સંસારનો ત્યાગ કરી તેમણે ઉપદેશેલા સાધુધર્મનો સ્વીકાર કર્યો હતો અને તેમના શિષ્યોએ પણ એ જ માર્ગનું અનુસરણ કર્યું હતું, એટલે ભગવાને તે અગિયારે શિષ્યોને પોતાના શિષ્યગણના આચાર્ય–ગણધર બનાવ્યા હતા. વળી એજ

વ્યાખ્યાન—પરિષદ્‌માં શતાનીક રાજાને ઘેર રહેલી ચંદન-બાળા પણ હાજર હતી, તેણે પણ અસાર સંસારનો ત્યાગ કરી ભગવાને બતાવેલા શ્રમણધર્મનો સ્વીકાર કર્યો હતો અને એ પ્રસંગે બીજી પણ કેટલીક સ્ત્રીઓએ દીક્ષા લીધી હતી, તેને એમની દેખરેખમાં મૂકી પ્રવર્તિની પદ આપ્યું હતું. વળી ભગવાનનો આ ધર્મોપદેશ સાંભળીને જે પુરુષો તથા સ્ત્રીઓ સંસારનો ત્યાગ ન કરી શક્યા પણ ગૃહવાસમાં રહીને વ્રત—નિયમો પાળવા તૈયાર થયા તેનો ભગવાને શ્રાવક—શ્રાવિકા વર્ગમાં સમાવેશ કર્યો હતો અને એ રીતે સાધુ—સાધ્વી—શ્રાવક—શ્રાવિકારૂપ ચતુર્વિધ ધર્મસંઘની રચના પૂર્ણ કરી હતી.

ભગવાનની એ અપૂર્વ ધર્મદેશના વડે એ ધર્મસંઘ નિરંતર વૃદ્ધિ પામતો રહ્યો હતો અને તેમાં અનેક નૃપતિઓ, નૃપપુત્રો, શ્રેષ્ઠીઓ, શ્રેષ્ઠીપુત્રો, બ્રાહ્મણો, વૈશ્યો, ખેડૂતો, કારીગરો વગેરે દાખલ થયા હતા. સાધુવર્ગમાં બિંબિસારપુત્ર મેઘકુમાર, રાજકુમાર નંદિષેણ, રાજા ઉદાયન, પોતનપુરપતિ પ્રસન્નચંદ્ર વગેરે ક્ષત્રિયો હતા. અગિયારે ગણધરો તથા તેમનો શિષ્યસમુદાય વગેરે બ્રાહ્મણો હતા. ધન્ય—શાલિભદ્ર વગેરે ધનકુબેર વૈશ્યો હતા અને બીજા ખેડૂતો તથા કારીગરો હતા. સાધ્વીવર્ગમાં ચંદનબાળા, ભગવાનની પુત્રી પ્રિયદર્શના, મૃગાવતી આદિ ક્ષત્રિયપુત્રીઓ હતી, દેવાનંદા આદિ બ્રાહ્મણપુત્રીઓ હતી અને બીજી વૈશ્યપુત્રીઓ તથા શૂદ્રપુત્રીઓ પણ ઘણી હતી. શ્રાવકધર્મમાં મગધરાજ શ્રેણિક, તેમનો

પુત્ર અજાતશત્રુ કોણિક, દશાર્ણ દેશનો રાજા દશાર્ણભદ્ર, અપાપાપુરીનો રાજા હસ્તિપાલ તથા જ્ઞાત, મલ્લ અને લિચ્છવી ગણના લગભગ બધા રાજાનો સમાવેશ થતો હતો. તે સિવાય આનંદ, કામદેવ, શકડાલ વગેરે અનેક ધનકુબેર ખેડૂતો તથા કારીગરો પણ તેમના ગૃહસ્થ-શિષ્ય હતા.

ભગવાનના નિર્વાણ બાદ અનેક કપરી કસોટીના પ્રસંગો આવવા છતાં આ ધર્મસંઘ પોતાનું અસ્તિત્વ ટકાવી શક્યો હતો અને આજે પણ તે આશરે વીસ લાખની સંખ્યામાં મૌજૂદ છે, જે જૈન સંઘ કે જૈન સમાજનાં નામથી પ્રસિદ્ધ છે.

ભગવાન મહાવીરે જે ઉપદેશ આપ્યો તેને જ આપણે જૈન ધર્મના મૂળ સિદ્ધાંતો કહી શકીએ અને તે આપણે હવે પછીનાં જુદાં જુદાં પ્રકરણોમાં જોવાના છીએ, પણ અહીં તેમની ઉપદેશશૈલીની કેટલીક વિશિષ્ટતા અને તેની થયેલી તત્કાલીન અસરની નોંધ લઇશું.

તે વખતના ધર્મોપદેશકો મોટા ભાગે સંસ્કૃતનો આશ્રય લેતા અથવા બહુ આડંબરી ભાષામાં પોતાનાં પ્રવચનો કરતા, એટલે અમુક વર્ગજ તેનો લાભ લઈ શકતો અને શૂદ્રોને તો એ પ્રવચનનો લાભ લેવાના અધિકારી પણ માનવામાં આવતા ન હતા. પરંતુ ભગવાન મહાવીરે ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય અને શૂદ્ર એ ચારે જાતિના લોકોને કોઈપણ જાતના ભેદભાવ વિના અર્ધમાગધી ભાષામાં ઉપ-

દેશ આપ્યો કે જે બીજી પ્રચલિત ભાષાઓનાં મિશ્રણ-વાળી હોઇ સહુ સરળતાથી સમજી શકતા હતા. વળી તેમની શૈલી સરળ અને સચોટ હતી તથા દૃષ્ટાંતોથી ભર-પૂર હતી એટલે તેની અસર લોકહૃદય પર ખૂબ ઊંડી થઈ. જે ધર્મોપદેશની પાછળ અનુભવ અને આચારનું બળ હોય, પરોપકારની પરમ નિષ્ઠા હોય અને વાણીનો વિશદ પ્રયોગ હોય ત્યાં એ ઉપદેશ લોકહૃદય સુધી કેમ ન પહોંચે ?

એ વખતે કેટલાક ધર્મોપદેશકો ધર્મની વ્યાખ્યા માત્ર બાહ્ય ક્રિયાકાંડ અને પૂજા–પ્રાર્થના પૂરતી જ કરતા હતા અને તે નિમિત્તે યજ્ઞ–યાગાદિ કરી પુષ્કળ પશુઓનો બલિ આપતા હતા. વળી ધર્મ એક ઈજારાની વસ્તુ બની ગઇ હતી અને બ્રાહ્મણો સંસ્કારનાં નામે ગર્ભાધાનથી માંડી માણસના મૃત્યુ બાદ બાર મહિના સુધીના તમામ પ્રસં-ગોના લાગા લગાવી બેઠા હતા. આ કારણે ઘણા માણ-સોને ધર્મ પ્રત્યે નફરત પેદા થઈ હતી અને એક પ્રકારની નાસ્તિકતા જોર પકડતી જતી હતી. પરંતુ ભગવાન મહાવીરે પ્રચંડ ઘોષણા કરીને કહ્યું કે ધર્મ એ તો ઉત્કૃષ્ટ મંગળ છે અને તે અહિંસા, સંયમ અને તપનાં યથાર્થ આરાધનવડે પ્રાપ્ત કરી શકાય છે. જે લોકોનાં મનમાં નિરંતર ધર્મ વસે છે, તે આખરે દેવોના પણ દેવ બનવાની શક્તિ પ્રાપ્ત કરી શકે છે, અર્થાત્ મોક્ષ અને સ્વર્ગનાં સુખો મેળવી શકે છે, માટે નાસ્તિકતાને છોડી ધર્મને

અનુસરો અને જે મનુષ્યભવ ઘણાં કષ્ટે પ્રાપ્ત થયો છે તેને સફળ કરો. '

તેમના આ ઉપદેશનો પડઘો જબ્બર પડ્યો. યજ્ઞયાગો ઓછા થઈ ગયા અને પશુબલિ પણ મોટા ભાગે બંધ પડ્યો. વળી જીવનના સામાન્ય વ્યવહારમાં પણ અહિંસાનો અમલ થવા લાગ્યો, એટલે આહારમાં મદ્ય તથા માંસાહારનો વ્યવહાર ઘણોજ ઘટી ગયો. કેટલાક કહે છે કે એ વખતે માંસાહાર વ્યાપક પ્રમાણમાં ચાલુ હતો, તેથી ભિક્ષામાં આવેલું માંસ બધા ધર્મના સાધુઓ લેતા હતા અને તેમાંથી જૈન શ્રમણો પણ બાકાત ન હતા. પરંતુ આ વાત ઉપજાવી કાઢેલી છે. જૈન શ્રમણો તો પ્રારંભથી જ अमज्जमंसासिणो એટલે મદ્ય અને માંસાહાર નહિ કરવાના જ નિશ્ચયવાળા હતા અને તેમનું એ વલણ આજ પર્યંત તેવા ને તેવા સ્વરૂપે ચાલુ રહ્યું છે.

ભગવાનના સતત ઉપદેશથી લોકો આત્મશુદ્ધિનું મહત્ત્વ સારી રીતે સમજવા લાગ્યા, તેથી સ્વચ્છંદાચાર અને ભોગવિલાસની ભાવના મંદ પડી અને સંયમ તથા તપોમાર્ગની વિપુલ પ્રમાણમાં વૃદ્ધિ થઈ. તેણે ભારતના જર્જરિત થઈ ગયેલા ધર્મદેહને નવું જીવન આપ્યું અને એ રીતે પ્રજાજીવન પ્રાણવંતુ બનતાં સમસ્ત ભારતવર્ષમાં નવી ચેતના પ્રકટી. ભગવાન મહાવીરનો આ અનંત ઉપકાર ભારતની પ્રજા કેમ ભૂલી શકે ?

એ વખતે બીજા પણ કેટલાક નામાંકિત ધર્મોપદેશકો

હતા, પણ તેમાંના કોઈએ ભગવાન મહાવીર જેટલી તપશ્ચર્યા કરી ન હતી કે તેમના જેવું અપ્રતિહત કેવળ-જ્ઞાન પ્રાપ્ત કર્યું ન હતું. એ ધર્મપ્રચારકોમાં ગૌતમ બુદ્ધ આગળ પડતા હતા પણ તેમણે તપશ્ચર્યાના માર્ગને કઠિન માની અધવચ્ચે છોડી દીધો હતો અને તેથી પૂર્ણ-તાની સમીપ પહોંચી શકયા ન હતા. પરંતુ તેમનામાં ઉપદેશ આપવાની કળા સુંદર હતી અને લોકોને બહુ તપશ્ચર્યા પણ નહિ અને બહુ ભોગવિલાસ પણ નહિ એવા મધ્યમ માર્ગનો ઉપદેશ આપ્યો હતો, તેથી અનુયાયીઓની સંખ્યા ઠીક ઠીક મેળવી શકયા હતા. પાછળથી અશોક વગેરે મહાન નૃપતિઓનો ટેકો મળતાં બૌદ્ધ ધર્મનો ઘણો વિસ્તાર થયો હતો, પણ તેના આચાર્યો તથા સાધુઓ ખૂબ શિથિલ બની જતાં વિક્રમની દશમી સદી આસપાસ તેનો આ દેશમાંથી અંત આવ્યો હતો. હાલ તેનો આ દેશમાં પુનઃ પ્રચાર શરૂ થયો છે અને તેને રાજ્યનો ટેકો હોય એવો દેખાવ થઇ રહ્યો છે, પરંતુ કોઈ પણ ધર્મ છેવટે તો પોતાના જ સત્ત્વ પર ટકે છે, એ વાતમાં શ્રદ્ધા રાખી આપણે તેનું ભવિષ્ય જોવાનું જ વધારે પસંદ કરીશું.

**નિર્વાણકલ્યાણક :**

આ રીતે ત્રીશ વર્ષ સુધી ધર્મનો સતત ઉપદેશ આપ્યા પછી ભગવાન મહાવીર ફરતા ફરતા પાવાપુરી આવ્યા અને હસ્તિપાળ રાજાની લેખશાળામાં ઉતર્યા. ત્યાં મલ્લગણના ૯ રાજાઓ, લિચ્છવી ગણના ૯ રાજાઓ

તથા બીજા સંખ્યાબંધ ઉપાસકોને છત્રીશ કલાક સુધી સતત દેશના આપી અક્ષય–અનંત નિર્વાણ પામ્યા. આવો મહાન જગદ્દીપક બૂઝાઈ જતાં તેની ખોટ પૂરી પાડવા માટે, તે રાત્રે ભવ્ય દીપમાળાઓ રચવામાં આવી હતી. એ હતી અમાવાસ્યાની રાત્રિ, એ હતો આસો માસનો છેલ્લો દિવસ. તે દિવસથી ભારતવર્ષમાં દીપાવલી—દીવાળીનું પર્વ શરૂ થયું.

આ વિશ્વવંદ્ય વિભૂતિને આપણે પુનઃ પુનઃ નમસ્કાર કરીને હવે તેમણે ઉપદેશેલા સિદ્ધાંતનો મર્મ સમજવા તત્પર થઈએ.

## પ્રકરણ ત્રીજું

## વિશ્વવ્યવસ્થા

ભગવાન મહાવીરથી ઉપદેશાયેલા અને આચાર્યોની પરંપરાથી પુષ્ટ થયેલાં જૈન ધર્મનાં મંતવ્યો કેવા પ્રકારનાં છે અને તે મનુષ્યજાતિને અભીષ્ટ સુખ-શાંતિ માટે કયા પ્રકારનું માર્ગદર્શન આપે છે, તેનું હવે ક્રમશઃ દર્શન કરાવીશું. આ મંતવ્યોમાં વિશ્વ અને તેની વ્યવસ્થાનો પ્રશ્ન પ્રથમ હાથ ધરીશું, કારણકે એ સમજાયા વિના બીજાં મંતવ્યો સમજાવાં મુશ્કેલ છે.

દુનિયા, જગત્, સૃષ્ટિ, બ્રહ્માંડ કે વિશ્વને માટે જૈનોનો પારિભાષિક શબ્દ ‘ લોક ’ છે. દરેક શબ્દને પોતાનો વિશિષ્ટ અર્થ હોય છે, તેમ આ લોક શબ્દને પણ પોતાનો વિશિષ્ટ અર્થ છે. लोक्यतेऽसौ लोकः—જે જણાય તે લોક. તાત્પર્ય કે આપણી આંખો વડે તથા અન્ય પ્રમાણો વડે જે વસ્તુઓ જોઈ-જાણી શકીએ છીએ, તે સર્વેનું એક નામ લોક છે.

આ લોકનો વિચાર દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી એમ ચાર પ્રકારે થઈ શકે છે.

દ્રવ્યથી વિચાર કરીએ તો લોક એ ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ અને આત્મા એ છ દ્રવ્યોનો સમૂહ છે. અહીં ધર્મ અને અધર્મ શબ્દથી પુણ્ય–પાપ કે સદાચાર–દુરાચારદર્શક પ્રવૃત્તિ નહિ પણ એક પ્રકારનાં દ્રવ્યો સમજવાનાં છે.

ધર્મદ્રવ્ય તેને કહેવામાં આવે છે કે જે સ્વભાવથી ગતિ કરી રહેલા પુદ્ગલ અને આત્માને સહાયરૂપ થાય છે. જો એક દ્રવ્ય પોતાના સ્વભાવથી જ ગતિ કરતું હોય તો તેને અન્ય દ્રવ્યની સહાયની શી જરૂર? એવો પ્રશ્ન ઉઠવાનો સંભવ છે, એટલે અહીં સ્પષ્ટીકરણ કરવામાં આવે છે કે જેમ માછલામાં તરવાની શક્તિ રહેલી છે, પણ તે જળ વિના તરી શકતું નથી, એટલે સ્વભાવથી ગતિ કરી રહેલા માછલાંને જળની સહાય અપેક્ષિત છે, તે પ્રમાણે સ્વભાવથી ગતિ કરી રહેલા પુદ્ગલ અને આત્માને પણ ધર્મદ્રવ્યની સહાય અપેક્ષિત છે. આનો અર્થ એ થયો કે લોકના જેટલા ભાગમાં ધર્મદ્રવ્ય વ્યાપેલું છે, તેટલા ભાગમાં જ પુદ્ગલ અને આત્માની ગતિ સંભવે છે, પણ તેથી બહાર નહિ. આજના વિજ્ઞાનની Etherની કલ્પના લગભગ આવી છે.

અધર્મદ્રવ્ય તેને કહેવામાં આવે છે કે જે સ્વભાવથી

સ્થિર થયેલા પુદ્‌ગલ અને આત્માને સ્થિર થવામાં સહાયભૂત થાય. સ્થિર થવાની શક્તિવાળા મનુષ્યને સ્થિર થવામાં જે રીતે શય્યા તથા આસન સહાયભૂત થાય છે, તે રીતે આ દ્રવ્ય પુદ્‌ગલ તથા આત્માને સ્થિર થવામાં સહાયભૂત થાય છે.

આ બંને દ્રવ્યો અખંડ અને અવિભાજ્ય છે.

આકાશદ્રવ્ય તેને કહેવામાં આવે છે કે જે અન્ય સર્વ દ્રવ્યોને પોતાની અંદર રહેવાનો અવકાશ આપે છે, અર્થાત્ તેને પોતાની અંદર સમાવી લે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને પોતાની અંદર શી રીતે સમાવી શકે? એનો ઉત્તર એ છે કે જેમ દૂધ સાકરને પોતાની અંદર સમાવી લે છે, તે રીતે આ દ્રવ્ય અન્ય દ્રવ્યોને પોતાની અંદર સમાવી લે છે. આ દ્રવ્ય સ્વરૂપથી એક અને સળંગ છે, છતાં વ્યવહારથી તેના બે ભેદો કરવામાં આવે છે: (૧) લોકાકાશ અને (૨) અલોકાકાશ. જેટલા ભાગમાં ધર્મ અને અધર્મ વ્યાપેલા છે અને તેથી જ્યાં સુધી પુદ્‌ગલ અને આત્માની ગતિ તથા સ્થિતિ છે, તે લોકાકાશ અને અને જ્યાં આકાશ સિવાય અન્ય કોઈ દ્રવ્ય નથી તે અલોકાકાશ. આનું તાત્પર્ય એ છે કે આકાશ અનંત છે અને તેના એક ભાગમાં જ આપણી દુનિયા, આપણું જગત્ આપણું વિશ્વ કે આપણો લોક આવેલો છે. આજનું વિજ્ઞાન પણ અનંત આકાશના એક ભાગમાં જ આ વિશ્વને વ્યવસ્થિત થયેલું માને છે

કાલ દ્રવ્ય તેને કહેવામાં આવે છે કે જેના લીધે વસ્તુની વર્તનાનો–અસ્તિત્વનો ખ્યાલ આવે છે. જેમકે આ વસ્તુ છે, હતી કે હશે.

પુદ્ગલ દ્રવ્ય તેને કહેવામાં આવે છે કે જે અણુ (Atom) અને સ્કંધ (Molecule) રૂપ છે તથા પૂરણ અને ગલન સ્વભાવવાળું છે. અહીં પૂરણ શબ્દથી જોડાવાની, પરસ્પર મળવાની ક્રિયા અને ગલન શબ્દથી છૂટા પડવાની, વિભાજન થવાની ક્રિયા સમજવાની છે. શબ્દ, અંધકાર, પ્રકાશ, કાંતિ, છાયા, આતપ, વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ એ બધાં એનાં લક્ષણો છે. આધુનિક વિજ્ઞાનમાં તેને માટે Matter મેટર શબ્દ યોજાયેલો છે.

આત્મા એટલે ચૈતન્યશક્તિ. તેનું મુખ્ય લક્ષણ જ્ઞાન છે. જીવનશક્તિ ધારણ કરવાને લીધે તેને જીવ પણ કહેવામાં આવે છે. લોકમાં આવા જીવો અનંત છે. તે દરેકનાં સુખ–દુઃખ તથા ઉત્થાન અને પતનની અવસ્થાઓ જુદી જુદી હોવાથી એક આત્મા કે એક બ્રહ્મ જેવી સ્થિતિ સંભવતી નથી. તાત્પર્ય કે આ દરેક જીવને પોતાનું વ્યક્તિત્વ હોય છે, પોતાનો ઇતિહાસ હોય છે.

આજનું વિજ્ઞાન તો ચૈતન્યને પણ જડની જ અંતિમ પરિણતિ માનતું હતું અને તે માટે વિરોધી સમાગમ, તથા ગુણાત્મક પરિવર્તનનો સિદ્ધાન્ત આગળ ધરતું હતું. ઉદાહરણાર્થ ઓક્સિજન એક પ્રાણપોષક તત્ત્વ છે અને

હાઈડ્રોજન એક પ્રાણનાશક તત્ત્વ. આ બે વિરોધીઓના સમાગમથી જલ જેવા જીવનોપયોગી તત્ત્વનો આવિર્ભાવ થાય છે. આત્મા કે ચૈતન્ય પણ આવી જ રીતે કોઈ પદાર્થવિશેષના સમાગમથી થનારું ગુણાત્મક પરિવર્તન છે. (આ સિદ્ધાન્ત આપણા લોકાયતિક દર્શના સિદ્ધાન્ત જેવો થયો, પણ આસ્તિક દર્શનોએ તેનો સ્વીકાર કર્યો નથી.) પરંતુ પ્રો. આલ્બર્ટ આઇન્સ્ટાઇન જેવા આ યુગના પ્રમુખ વૈજ્ઞાનિકે એ ભ્રમનું નિરસન કરતાં જણાવ્યું કે I believe that intelligency is manifested throught all nature. હું વિશ્વાસ ધરાવું છું કે સમસ્ત વિશ્વમાં ચેતના કામ કરી રહી છે; અર્થાત્ તેમણે ચેતનાનો એક સ્વતંત્ર તત્ત્વ તરીકે સ્વીકાર કર્યો. બીજા કેટલાક વૈજ્ઞાનિકોએ તેમના આ મતનું સમર્થન કર્યું છે અને જે વિજ્ઞાન માત્ર ભૌતિકવાદ હતો, તેમાં આત્મવાદનાં આછાં દર્શન થવા લાગ્યાં છે.

છ દ્રવ્યો પૈકી કાલ સિવાયનાં પાંચ દ્રવ્યોને અસ્તિકાય કહેવામાં આવે છે. અહીં અસ્તિનો અર્થ પ્રદેશ અને કાયનો અર્થ સમૂહ છે, એટલે આ બધાં દ્રવ્યો પ્રદેશના સમૂહરૂપ છે એમ સમજવાનું છે. કાલને આ વિશેષણ ન લગાડવાનું કારણ એ છે કે ભૂતકાલ તો નષ્ટ થયેલો છે અને ભવિષ્યકાળ આ વખતે અસત્ છે, તેમજ વર્તમાન કાળ તો ક્ષણ માત્ર છે, એટલે તેમાં પ્રદેશોનો સમૂહ સંભવી શકે નહિ.

છ દ્રવ્યો પૈકી પુદ્ગલ સિવાયનાં પાંચ દ્રવ્યોને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી એટલે તેને અરૂપી કહેવામાં આવે છે, જ્યારે પુદ્ગલમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે, તેથી તેને રૂપી કહેવામાં આવે છે.

ક્ષેત્રથી વિચાર કરીએ તો આ લોક કેડ પર બંને હાથ ટેકવીને તથા બંને પગ પહોળા કરીને ટટ્ટાર ઊભા રહેલા પુરુષ જેવો છે. તેમાં પગથી કેડ સુધીનો ભાગ તે અધોલોક છે, નાભિસ્થાન તે તિર્યગ્ લોક છે અને ઉપરનો ભાગ તે ઊર્ધ્વલોક છે. જૈન શાસ્ત્રો જ્યાં ત્રિલોક શબ્દ વાપરે છે, ત્યાં આ ત્રણ લોક સમજવાના છે.

આ લોકનું માપ ચૌદ રજ્જુ કે રાજ પ્રમાણ છે. આ પ્રમાણ ઘણું મોટું હોવાથી તે યોજનોની સંખ્યા વડે દર્શાવી શકાય એવું નથી, એટલે તેને ઉપમા વડે દર્શાવવામાં આવે છે. તે આ રીતે કે નિમિત્ત માત્રમાં લાખ યોજન જનારો દેવ છ માસમાં જેટલું અંતર કાપે તેને એક રજ્જુ કે એક રાજ સમજવું. પદાર્થોની ગતિમાં તથા ગ્રહો વગેરેનાં અંતરમાં હાલના વૈજ્ઞાનિકો પણ પ્રકાશવર્ષ વગેરે ઉપમાનોનો આવી જ રીતે ઉપયોગ કરે છે.

સાત રાજથી કંઈક વધારે ભાગ અધોલોકમાં છે અને સાત રાજથી કંઈક ઓછો ભાગ ઊર્ધ્વલોકમાં છે. વચ્ચેનો ૧૮૦૦ યોજનનો ભાગ તિર્યગ્લોક કે મનુષ્યલોકમાં છે, જે નીચેથી રાજનો ક્રમ ગણતાં આઠમા રાજમાં આવે છે.

આ ચૌદરાજ પ્રમાણ વિરાટ્ વિશ્વમાં સહુથી ઉપર સિદ્ધશિલા, તેની નીચે પાંચ અનુત્તર વિમાનો, તેની નીચે નવ ગ્રૈવેયકો, તેની નીચે બાર દેવલોકો, તેની નીચે જ્યોતિષ્ચક્ર એટલે સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા અને તેની નીચે તિર્યગ્લોક કે મનુષ્યલોક અવસ્થિત છે. તેની નીચે વ્યંતર, વાણવ્યંતર અને ભવનપતિ દેવોનાં સ્થાન તથા ઘમ્મા પૃથ્વીનાં પ્રતરો પરસ્પર એક બીજાનાં આંતરે આવેલાં છે. તેની નીચે વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા અને માઘવતી નામના વિભાગો છે, જેમાં અનુક્રમે સાતે નરકો સમાયેલાં છે. તાત્પર્ય કે ઘમ્મામાં પહેલું નરક છે અને માઘવતીમાં સાતમું નરક છે.

કાળથી વિચાર કરીએ તો ભૂત, ભવિષ્ય અને વર્તમાનના આધારે જે કંઈ જણાય તે સઘળો લોક છે અને ભાવથી વિચાર કરીએ તો જે કંઈ ગુણ–પર્યાયો છે, તે સઘળાનું નામ લોક છે.

આ લોકનું–વિશ્વનું સમગ્ર તંત્ર કોઈ પણ ચોક્કસ નિયમોને અનુસરે છે, તેથી તેમાં વ્યવસ્થા છે એમ કહી શકાય. સૂર્ય–ચંદ્ર નિયમિત ઉગે છે અને આથમે છે, ગ્રહોના ઉદય–અસ્ત પણ નિયમિત જણાય છે, ઋતુઓ પણ પોતપોતાના નિયમો પ્રમાણે જ આવે છે ને જાય છે, સાગરમાં ભરતી અને ઓટ પણ નિયમ પ્રમાણે જ થાય છે, અમુક પદાર્થોથી જીવોનું પોષણ થાય છે, અમુક પદાર્થોથી જીવોનું શોષણ થાય છે, અમુક પદાર્થસંયોજનનુ

પરિણામ અમુક જ આવે છે વગેરે વગેરે. આ વ્યવસ્થામાં કદી પણ કોઈ પણ પ્રકારની ત્રુટિ આવતી નથી કે ગોલ-માલ થતી નથી, એટલે તે અટલ, અચલ કે ધ્રુવ છે એમ કહી શકાય. જો આ વિશ્વનું તંત્ર ઘડીભર જ તૂટી પડે, ક્ષણ માત્ર જ સ્થંભી જાય કે નિમિત્ત માત્ર ગોટાળામાં પડે તો તેનું પરિણામ એ આવે કે વિશ્વની સઘળી વસ્તુઓની ઉથલપાથલ થઈ જાય, અથવા બધી વસ્તુઓ ભેગી મળીને એક મોટો પીંડો બની જાય, અથવા તેના પરમાણુએ પરમાણુ છૂટા પડી અનંત આકાશમાં ગમે ત્યાં વીખરાઇ જાય, પણ આપણા સદ્‌ભાગ્યે વિશ્વમાં એવો પ્રકૃતિકંપ ક્યારે પણ થતો નથી, એટલે જ તે નિયમ મુજબ–વ્યવસ્થા મુજબ ચાલતું જણાય છે.

વિશ્વની આવી વ્યવસ્થાનું નિર્માણ ક્યારે થયું ? એ પ્રશ્નનો ઉત્તર એ છે કે આ વિશ્વ જેમ અત્યારે છે, તેમ ઘડી પૂર્વે પણ હતું અને જેમ ઘડી પૂર્વે હતું તેમ ગઈ કાલે પણ હતું. વળી જેમ તે ગઈ કાલે હતું, તેમ ગયા પક્ષે, ગયા માસે, ગયા વર્ષે, ગયા યુગે*, ગઈ શતાબ્દિમાં, ગઈ સહસ્રાબ્દિમાં તેમજ ગઈ લક્ષાબ્દિમાં પણ હતું. એ રીતે ત્યાર પહેલાં પણ તે હતું જ હતું. જો એમ ન હોય તો તે ક્યારેક એકાએક ઊભું થઇ ગયું, તેની સમગ્ર વ્યવસ્થા એકાએક થઈ ગઈ એમ માનવું

* અહીં યુગ એટલે પાંચ વર્ષ જેટલો સમય સમજવો.

પડે. પણ એમ માનવું એ કારણ અને કાર્યના સ્થાપિત સિદ્ધાંતનો ભંગ કરનારું છે. તાત્પર્ય કે આ વિશ્વમાં કારણ વિના કોઈ કાર્યની ઉત્પત્તિ થતી નથી તો વિશ્વવ્યવસ્થા રૂપ કાર્યની ઉત્પત્તિ શી રીતે થાય ? જો કારણ વિના જ કાર્ય ઉત્પન્ન થયું એમ માનીએ તો વર્તમાન ક્ષણે પણ એમ કેમ ન થાય ? એ સંયોગોમાં પહાડ પોતાનું સ્થાન છોડી ઉડવા માંડે કે નદીઓ સાગર ભણી વહી જવાને બદલે પહાડ ભણી વહેવા લાગે કે અગ્નિ બાળવાને બદલે ઠારવાનું કામ કરે અને જળ ઠારવાને બદલે કોઈ પણ વસ્તુને સળગાવી મૂકે તો આશ્ચર્ય પામવાનું રહે નહિ, પણ આ રીતે કારણ વિના કાર્ય થતું જણાતું નથી, એટલે તે નિયમ અબાધિત છે. અર્થાત્ તે આજે જેટલો સાચો છે, તેટલો જ ભૂતકાળમાં—મહાભૂતકાળમાં–અનંત ભૂતકાળમાં પણ સાચો હતો અને તેથી વિશ્વની વ્યવસ્થા એકાએક ઊભી થઈ ગઈ એમ માની શકાય નહિ. આ સંયોગોમાં એમ જ કહેવું પડે કે તે અનાદિ છે–આદિ રહિત છે.

જો આ પ્રમાણે વિશ્વ અનાદિ કાળથી અવસ્થિત છે, તો કોઈ પણ વખતે તેનો અંત આવશે કે કેમ ? એ પ્રશ્ન પણ આપણી સામે ખડો થાય છે, પરંતુ કારણ–કાર્યનો નિયમ આપણને ઉત્તર આપે છે કે જો તેનો નાશ થવાનો હોત તો અત્યાર પૂર્વે કયારનો થઇ ગયો હોત, પણ તેનો નાશ હજી સુધી થયો નથી એ જ સૂચવે છે

કે તેનો નાશ હવે પછી પણ થવાનો નથી. જે વસ્તુ નાશવંત હોય તે ક્રોડો-અબજો વર્ષ સુધી પોતાની હસ્તી ટકાવી શકે જ શી રીતે?

પરિવર્તન એ નાશ નથી એ પણ આપણે સ્પષ્ટ રીતે સમજી લેવું જોઈએ. એક-બે ઉદાહરણથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે. એક માણસ પાસે સોનાના વેઢ-વીંટી હોય તે ભંગાવીને કુંડલ કરે અને તે કુંડલ ભંગાવીને પણ હાર કરે તો એમાં રૂપનું પરિવર્તન થાય છે-પર્યાય બદલાય છે, પણ મૂળ દ્રવ્યનો નાશ થતો નથી, એ તો કાયમ જ રહે છે. અથવા મનુષ્યો જુદી જુદી જાતનાં ભોજનો કરે છે, તેમાંથી રસ થાય છે, રસમાંથી રુધિર બને છે, રુધિરમાંથી માંસ બને છે અને તેમાંથી મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર બને છે. એ રીતે દ્રવ્યનું રૂપાંતર થવાની ક્રિયા ચાલુ રહે છે, પણ તેમાં જે દ્રવ્ય છે તે તો કાયમ જ રહે છે. આ પ્રમાણે લોકમાં-વિશ્વમાં અનેક પ્રકારનાં પરિવર્તનો થયા જ કરે છે અને તેને લીધે જ તેને જગત્-ચાલતું-પરિવર્તનશીલ એવી સંજ્ઞા પ્રાપ્ત થયેલી છે. એ રીતે વિચાર કરીએ તો જેઓ એક કાળે દુનિયાના પ્રલયની વાત કરે છે, તે અર્થહીન લાગે છે. એનો વધારેમાં વધારે અર્થ તો એટલો જ થાય કે જ્યાં આજે જળ છે ત્યાં એક વખત સ્થળ થવાનું અને જ્યાં સ્થળ છે ત્યાં જળ થવાનું, પણ જળ અને સ્થળ બંને કાયમ તો રહેવાનાં જ. તાત્પર્ય કે આ વિશ્વ જેમ અનાદિ છે, તેમ અનંત પણ છે—અંતરહિત છે.

લોક કે વિશ્વની સ્થિતિ આ પ્રકારની હોઈ કોઇએ તેનું સર્જન કર્યું, કોઇ તેનું રક્ષણ કરે છે કે કોઇ તેનો સંહાર કરશે, એ સઘળા વિચારો ભ્રાંત જણાય છે.

જ્યાં વિશ્વ પોતાના નિયમોને આધારે વ્યવસ્થિત ચાલી રહ્યું છે, ત્યાં ઇશ્વરને વચ્ચે લાવવાની જરૂર શી ? એ રીતે ઈશ્વરને વચ્ચે લાવતાં તેનું જે મંગળમય સ્વરૂપ તે, તે દૂષિત થાય છે.

ઇશ્વરે આ વિશ્વનું સર્જન કર્યું એમ માનીએ તો પહેલો પ્રશ્ન આપણા મનમાં એમ ખડો થાય છે કે તેણે શા માટે આ વિશ્વનું સર્જન કર્યું ? એના ઉત્તરમાં એમ કહેવામાં આવે કે 'તેને ઇચ્છા થઈ એટલે તેણે સર્જન કર્યું' તો 'એ ઇચ્છા કયા કારણે થઈ ?' તે જાણવાનું દિલ થાય છે અને 'ઇચ્છા ત્યારે જ કેમ થઈ અને તે પહેલાં કેમ ન થઈ ?' એ જાણવાની પણ ઈંતેજારી જાગે છે. જો એમ કહેવામાં આવે કે 'ઇશ્વરને કેમ ઇચ્છા થઇ ?' એવો પ્રશ્ન આપણાથી પૂછી શકાય જ નહિ, કારણ કે એ તો અખિલ વિશ્વનો અધિપતિ છે, એટલે ગમે ત્યારે ગમે તે કરે, એનો અર્થ તો એ થયો કે ઇશ્વર ખ્વાળી યા તરંગી છે કે જે ગમે ત્યારે ગમે તે પ્રકારની ઇચ્છા કર્યા કરે છે અને તેનો ગમે ત્યારે અમલ કરે છે.

કેટલાક કહે છે કે દરેક વસ્તુનો કોઇને કોઇ બનાવનાર હોય છે, તેમ ઈશ્વર આ વિશ્વનો બનાવનાર છે. પણ આપણે આ સિદ્ધાંતનો સ્વીકાર કરીએ તો ઈશ્વર

પણ એક પ્રકારની વસ્તુ હોઈ તેનો બનાવનારો પણ કોઈ હોવો જોઈએ એ નક્કી થયું. તો એને બનાવનારો કોણ ? એ પ્રશ્ન ઉત્તર માગે છે. જો કોઈએ તેને બનાવ્યો એમ કહીએ તો એ બનાવનારનો બનાવનારો કોણ ? અને તે બનાવનારનો બનાવનારો પણ કોણ ? એ પ્રશ્નો ઉત્તર માગતા ઊભા જ રહે છે.

વળી ઇશ્વરે વિશ્વનું સર્જન કર્યું તો એક શ્રીમંત અને બીજો ભીખારી કેમ ? એક બુદ્ધિશાળી ને બીજો જડ કેમ ? એક બળવાન ને બીજો નિર્બળ કેમ ? વળી તે એકને મેવામીઠાઈ ખવડાવે અને બીજાને સૂકો રોટલો પણ ન આપે એવું શા માટે ? આ રીતે તો ઈશ્વિર અન્યાયી અને અપૂર્ણ જ ઠરે. જો કોઈ એમ કહે કે એ તો એમનાં કર્મનો બદલો આપે છે, તો ઇશ્વરની મરજી નહિ પણ કર્મનો કાયદો સર્વોપરી થયો કે જેને અનુસર્યા સિવાય તેનો છૂટકો થતો નથી. આ રીતે ઈશ્વરને સૃષ્ટિનો સર્જનહાર માનવા જતાં બીજાં પણ અનેક દૂષણો આવે છે, એટલે જૈન ધર્મને આ વિચારસરણી માન્ય નથી.

અહીં એવો પ્રશ્ન પૂછાવાનો સંભવ છે કે '**જૈન** ધર્મ ઇશ્વરને માને છે કે નહિ ?' એનો ઉત્તર એ છે કે **જૈન** ધર્મ ઈશ્વરને માને છે પણ તેના દ્વારા લોક કે વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ કે સંહાર થાય છે તેમ માનતો નથી. ઇશ્વર વિષે તેનું મંતવ્ય એવું છે કે જે શ્રેષ્ઠ અધિકાર ભોગવે તે જ ઇશ્વર કહેવાય ( સંસ્કૃત સાહિત્યમાં **ईश्** ધાતુ

અધિકાર ભોગવવાના અર્થમાં પ્રસિદ્ધ છે.) અને એવો અધિકાર આ જગત્‌માં અરિહંતો અને સિદ્ધો જ ભોગવે છે, એટલે તેઓ જ સાચા ઈશ્વર છે. જૈનો આ સાકાર-નિરાકાર બંને ઇશ્વરની અનન્ય મને ઉપાસના-આરાધના-ભક્તિ કરે છે, એટલે તેઓ કેટલાક ધારે છે તેમ નાસ્તિક નથી, પણ પરમ આસ્તિક છે. વૈદિક દર્શનમાં પણ કેટલાક ઈશ્વિરને સૃષ્ટિકર્તા માનતા નથી, છતાં તેમને નાસ્તિક માનવામાં આવતા નથી, તો જેઓ ઈશ્વિરની નિરંતર ઉપાસના કરનારા છે, એવા જૈનોને શા માટે નાસ્તિક માનવામાં આવે? તાત્પર્ય એ કે એ રીતે જૈનોને નાસ્તિક માનવા-મનાવવા એ ખોટું છે.

## પ્રકરણ ચોથું

## અનેકાન્તવાદ અથવા સ્યાદ્વાદ

વસ્તુની એક બાજુ કે એક છેડો ( અંત ) જોઇને પ્રતિપાદન કરવું એ એકાન્ત દૃષ્ટિ છે અને વસ્તુની અનેક બાજુ કે અનેક છેડા ( અંત ) જોઈને તેનું પ્રતિપાદન કરવું એ અનેકાન્ત દૃષ્ટિ છે.

એકાન્ત દૃષ્ટિએ વસ્તુનું પ્રતિપાદન કરતાં તેનું યથાર્થ સ્વરૂપ રજૂ થતું નથી. અનેકાન્ત દૃષ્ટિએ વસ્તુનું પ્રતિપાદન કરતાં તેનું યથાર્થ સ્વરૂપ રજૂ થાય છે.

આ એકાન્ત અને અનેકાન્ત દૃષ્ટિ સમજવા માટે છ આંધળા અને હાથીનું દૃષ્ટાન્ત ધ્યાનમાં લેવા યોગ્ય છે.

એક રાજાનો રસાલો તળાવના કિનારે થોભ્યો હતો. તેમાં ઘણા ઘોડા હતા, ઘણા ઊંટ હતા અને એક સુંદર હાથી પણ હતો. ગામલોકો એ રસાલો જોવાને આવ્યા, તેમાં છ આંધળા પણ સામેલ હતા. બધા લોકો આઘાપાછા થયા પછી તેમણે હાથીના મહાવતને વિનંતિ કરી કે

અમને ઘણા દિવસથી હાથી જોવાનું મન છે, પણ અમે ચક્ષુહીન હોઈને નજરે દેખી શકીએ તેમ નથી, માટે ભલો થઈને અમને સ્પર્શ કરવા દે તો હાથી કેવો હોય તે અમે સમજી જઈશું.'

મહાવત ભલો હતો. તેણે છ આંધળાની વિનંતિ માન્ય રાખી અને તે દરેકને હાથીનો સ્પર્શ કરવા દીધો. તે પરથી જેના હાથમાં કાન આવ્યો તે બોલ્યો કે આ હાથી તો સૂપડા જેવો લાગે છે; જેના હાથમાં તેની લાંબી સૂંઢ આવી તે બોલ્યો કે આ હાથી તો મોટા સાંબેલા જેવો જણાય છે; જેના હાથમાં તેના વાંકડિયા દંતૂશળ આવ્યા તે બોલ્યો કે આ હાથી તો ભૂંગલ જેવો જણાય છે; જેના હાથમાં તેનો ભારેખમ પગ આવ્યો તે બોલ્યો કે આ હાથી તો થાંભલા જેવો જણાય છે; જેના હાથમાં તેનું પહોળું પેટ આવ્યું તે બોલ્યો કે આ હાથી તો પખાલ જેવો જણાય છે અને જેના હાથમાં તેની પાતળી પૂંછડી આવી તે બોલ્યો કે મને તો એ સાવરણી જેવો જણાય છે.

તે દરેક આંધળો એમ સમજતો હતો કે પોતાની વાત સાચી છે અને બીજાની વાત જૂઠી છે, એટલે તેઓ માંહોમાંહે ચર્ચા કરવા લાગ્યા અને એક બીજાને જૂઠો ઠરાવવા લાગ્યા. એમ કરતાં ઝઘડો પેદા થયો. એ વખતે હાથીનો મહાવત કે જે આ ચર્ચા ધ્યાનથી સાંભળી રહ્યો હતો તે આગળ આવીને કહેવા લાગ્યો કે તમે બધા આ

પ્રમાણે શા માટે લડો છો ? તમારામાંના કોઈએ પૂરો હાથી જોયો નથી. તમે બધાએ માત્ર તેના એક એક અંગનો સ્પર્શ કર્યો છે અને તે પરથી આખા હાથીનો અભિપ્રાય આપવા તૈયાર થયા છો, તેથી આ કમનશીબ સ્થિતિ પેદા થઈ છે. પણ હું તો આ હાથીની સાર સંભાળ લાંબા વખતથી કરું છું ને તેને રોજ નવડાવું–ખવડાવું છું, એટલે તેનાં એકે એક અંગથી વાકેફ છું. તેથી તમને કહું છું કે આ હાથી તો સૂપડા જેવો પણ છે, સાંબેલા જેવો પણ છે, ભૂંગળ જેવો પણ છે, થાંભલા જેવો પણ છે, પખાલ જેવો પણ છે અને સાવરણી જેવો પણ છે.'

આ સાંભળી છએ આંધળાઓ અવાક્ થઈ ગયા અને ચૂપચાપ પોતાનાં સ્થાને ચાલ્યા ગયા.

આ દૃષ્ટાન્તનો બોધપાઠ એ છે કે એક વસ્તુમાં અનેક ગુણો, અનેક ધર્મો સંભવે છે, એટલે તેનું પ્રતિપાદન જુદી જુદી રીતે થઈ શકે છે, પણ તેથી એક પ્રતિપાદન સાચું ને બીજું ખોટું એમ કહી ન શકાય. આ સંયોગોમાં તો એમજ કહેવું જોઈએ કે આ વસ્તુ આવી પણ છે ને તેવી પણ છે. એમ કહેતાં એ વસ્તુની અંદર રહેલા અનેક પ્રકારના પરસ્પર વિરોધી જણાતાં ધર્મોનો સ્વીકાર થાય છે અને તે જ વસ્તુનું પ્રતિપાદન કરવાની સાચી રીત છે.

આ રીતે અનેકાન્તદૃષ્ટિથી વસ્તુનું પ્રતિપાદન કરવાનો જે વાદ કે સિદ્ધાન્ત તે અનેકાન્તવાદ એમ સમજવાનું છે. તેમાં પણ શબ્દથી અનેક દૃષ્ટિબિન્દુઓ કે અનેક

અપેક્ષાઓનો સ્વીકાર કરવામાં આવે છે, એટલે તેને અપેક્ષાવાદ પણ કહે છે; અને સંસ્કૃત ભાષામાં આ પણ શબ્દનો ભાવ સ્યાત્ પદથી લાવવામાં આવે છે, એટલે તેને સ્યાદ્વાદ પણ કહે છે. તાત્પર્ય કે અનેકાન્તવાદ, અપેક્ષાવાદ કે સ્યાદ્વાદ એ એક જ વસ્તુ છે.

કેટલાક કહે છે કે 'એક વસ્તુ આવી પણ છે અને તેવી પણ છે' એમ પ્રતિપાદન કરવું એ એક પ્રકારની અનિશ્ચિતતા જ છે અથવા તો ફેરકુદડી ફરવા જેવું છે, એટલે સ્યાદ્વાદ એ એક પ્રકારનો સંશયવાદ કે કુદડીવાદ છે અને તેથી સ્વીકારવા યોગ્ય નથી. ખુદ શંકરાચાર્યને પણ આવો જ ભ્રમ પેદા થયો હતો. પરંતુ જ્યાં વસ્તુ સ્થિતિ જ એવા પ્રકારની હોય ત્યાં બીજું શું બની શકે? આ મહાનુભાવોને અમે વેદ, ઉપનિષદ્ અને ગીતાનાં કેટલાંક પ્રમાણો આપીશું કે જેમાં પણ શબ્દથી એક જ વસ્તુમાં નાના પ્રકારના ધર્મોનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

ઋગ્વેદમાં જણાવ્યું છે કે नासदासीन्न सदासीत्तदानीम् (૧૦-૧૨૯-૧) અર્થાત્ એ વખતે સત્ પણ ન હતું અને અસત્ પણ ન હતું. ઈશાવાસ્યોપદનિષદ્માં જણાવ્યું છે કે 'तदेजति तन्नैजति तद्दूरे तदन्तिके (૫) અર્થાત્ તે હાલે છે અને નથી હાલતો, તે દૂર છે અને નજીક પણ છે. કઠોપનિષદ્માં બ્રહ્મનું વર્ણન કરતાં જણાવ્યું છે કે अणोरणीयान् महतो महीयान् (૨-૧૦) અર્થાત્ તે અણુથી પણ નાનો છે અને મહાનથી પણ મહાન છે.

ભગવદ્ગીતામાં કહ્યું છે કે **संन्यासः कर्मयोगश्च निःश्रेयस्करा-वुभौ** (૫–૧) અર્થાત્ સંન્યાસ પણ ઉત્તમ છે અને કર્મયોગ પણ ઉત્તમ છે.

સૂક્ષ્મતાથી જોવામાં આવે તો વેન્દાન્તના અનિર્વચનીયવાદમાં, કુમારિલના સાપેક્ષવાદમાં અને બૌદ્ધોના મધ્યમ માર્ગમાં પણ અનેકાન્ત દૃષ્ટિનો સ્વીકાર થયેલો માલુમ પડશે.

આધુનિક તત્ત્વચિંતકોમાં પણ આ જાતના વિચારોની ખોટ નથી. જર્મનીનો પ્રખ્યાત તત્ત્વવેત્તા હેગલ કહે છે કે વિરુદ્ધધર્માત્મકતા એ જ આ સંસારનું મૂળ છે. કોઈ વસ્તુનું યથાર્થ વર્ણન કરવા માટે એ વસ્તુ સંબંધી સંપૂર્ણ સત્ય કહેવાની સાથે એ વસ્તુના વિરુદ્ધ ધર્મોનો સમન્વય કેમ થઈ શકે એ બતાવવું જ જોઈએ. નૂતન વિજ્ઞાનવાદનો પ્રચારક બ્રેડલે જણાવે છે કે બીજી વસ્તુઓ સાથે તુલના કરવાથી પ્રત્યેક વસ્તુ આવશ્યક અને અનાવશ્યક એમ બે રીતે સિદ્ધ થાય છે. માનસશાસ્ત્રના વિદ્વાન્ પ્રો. વિલિયમ જેમ્સ કહે છે કે આપણી દુનિયા અનેક છે. સાધારણ મનુષ્ય એ દુનિયાનું જ્ઞાન એક બીજાથી અસંબદ્ધ અને અનપેક્ષિત કરે છે, પરંતુ પૂર્ણ તત્ત્વવેત્તા તે જ છે કે જે બધી દુનિયાઓને એક બીજાથી સંબદ્ધ તથા અપેક્ષિત રૂપમાં જાણે છે. આવા જ વિચારો નૈયાયિક જોસેફ, પેટી અને એડમન્ડ હાર્મ્સ આદિ વિદ્વાનોએ પ્રકટ કરેલા છે.

સ્યાદ્વાદ વિચારોનો સમન્વય કરવામાં તથા વ્યવ-

હારની સિદ્ધિ કરવામાં અત્યંત ઉપયોગી છે, એ સત્ય સમજાયા પછી અનેક નામાંકિત પુરુષોએ તેની મુક્તકંઠે પ્રશંસા કરી છે. યુગપુરુષ મહાત્મા ગાંધીજીએ જણાવ્યું છે કે 'અનેકાંતવાદ મને બહુ પ્રિય છે. તેમાંથી હું મુસલમાનોની દૃષ્ટિએ તેમનો, ખ્રિસ્તીની દૃષ્ટિએ તેમનો વિચાર કરતાં શીખ્યો. મારા વિચારોને કોઈ ખોટા ગણે ત્યારે મને તેના અજ્ઞાન વિષે પૂર્વે રોષ આવતો. હવે હું તેઓનું દૃષ્ટિ બિન્દુ તેઓની આંખે જોઈ શકું છું. અનેકાન્તનું મૂળ અહિંસા અને સત્યનું યુગલ છે.'

સ્યાદ્વાદ કહે છે કે અમુક અપેક્ષાએ વિચાર કરતાં આપણા મનમાં એવો ખ્યાલ પેદા થાય છે કે આ વસ્તુ છે અને બીજી અપેક્ષાએ વિચાર કરતાં એવો ખ્યાલ પેદા થાય છે કે આ વસ્તુ નથી. આ બંને પરિસ્થિતિ સાથે જ સંભવે છે પરંતુ તેનું વર્ણન કરવું હોય તો કોઇ પણ ક્રમનો સ્વીકાર કરવો પડે છે ને તેથી પૂર્વભાવ–પશ્ચાત્ભાવ પેદા થાય છે. એ સ્વરૂપને એક જ સાથે કહેવું હોય તો તે અવક્તવ્ય બને છે. આમ છતાં તેના ખંડ વિષે કંઈ પણ કહેવું હોય તો પૂર્વના ત્રણ ભંગોની મેળવણી કરીને કહી શકાય, પણ તેની અપેક્ષાને ધ્યાનમાં રાખવી જોઇએ. આ રીતે વસ્તુનું પ્રતિપાદન કરતાં કુલ સાત ભંગો થાય છે, તે આ પ્રમાણે:—

(૧) स्याद् अस्ति–આ વસ્તુ અમુક અપેક્ષાએ છે.

(૨) स्याद् नास्ति–આ વસ્તુ અમુક અપેક્ષાએ નથી.

(૩) स्याद् अस्तिनास्ति–આ વસ્તુ અમુક અપેક્ષાએ છે ને અમુક અપેક્ષાએ નથી.

(૪) स्याद् अवक्तव्य–આ વસ્તુ બે વિરુદ્ધ અપેક્ષાથી કહી શકાય તેવી નથી.

(૫) स्याद् अस्ति अवक्तव्य–આ વસ્તુ અવક્તવ્ય હોવા છતાં અમુક અપેક્ષાએ છે.

(૬) स्याद् नास्ति अवक्तव्य–આ વસ્તુ અવક્તવ્ય હોવા છતાં અમુક અપેક્ષાએ નથી.

(૭) स्याद् अस्तिनास्ति अवक्तव्य–આ વસ્તુ અવક્તવ્ય હોવા છતાં અમુક અપેક્ષાએ છે ને અમુક અપેક્ષાએ નથી.

આ પ્રમાણે સાત ભંગથી વસ્તુનું પ્રતિપાદન કરવાની રીતને સપ્તભંગી કહેવામાં આવે છે અને ને જૈન ન્યાયનો અભેદ્ય કિલ્લો ગણાય છે. તેના વડે પરસ્પર વિરુદ્ધ જણાતા અનેક વાદોનો સમન્વય કરી શકાય છે અને એ રીતે વિચારઘર્ષણનો અંત લાવી શકાય છે.

સ્યાદ્વાદથી વ્યવહારમાં શી રીતે સિદ્ધ મળે છે? તે પણ જોઈએ. ધારો કે એક ઘરમાં સાસુ અને વહુમાં ઝઘડો ચાલે છે, તે કોઈ રીતે પતતો નથી. તેમાં જો સાસુનો પક્ષ કરવામાં આવે તો વહુને ખોટું લાગે છે અને વહુનો પક્ષ કરવામાં આવે તો સાસુને ખોટું લાગે છે. ત્યાં એમ જ કહેવું પડે છે કે 'આમાં સાસુની પણ

કંઈક ભૂલ છે અને વહુની પણ કંઈક ભૂલ છે. હવે બંને-એ શાણા થઈને અરસપરસ સમજી જવું જોઈએ.' અને તો જ ઝઘડો પતે છે.

સ્યાદ્‌વાદ એમ કહે છે કે વસ્તુમાં પરસ્પર વિરોધી એવા અનેક ધર્મો સંભવે છે, એટલે આપણે વસ્તુની એક જ બાજુ કે વસ્તુનો એક જ ગુણ પકડીને બેસી રહેવાનું નથી પણ અન્ય ગુણોને શોધી કાઢવાના છે અને તેની અપેક્ષાઓ સમજવાની છે. લોખંડ ભારે છે એટલે તે પાણીમાં ડૂબી જાય છે, એટલી જ વાત પકડીને જો આપણે બેસી રહ્યા હોત તો લોખંડની હજારો ટન વજન વાળી સ્ટીમરો કદી પણ પાણીની સપાટી પર તરતી થઈ હોત ખરી? અથવા શબ્દ એ આકાશનો ગુણ છે, એમ માનીને બેસી રહ્યા હોત ને તે એક પ્રકારનો પુદ્‌ગલનો પર્યાય છે તેથી તેને પકડી પણ શકાય છે એવું જ્ઞાન મેળવ્યું ન હોત તો આજે રેડિયો જેવી કોઈ વસ્તુની હસ્તી હોત ખરી? તાત્પર્ય કે વસ્તુઓ આપણને ઉપલક દૃષ્ટિએ દેખાય છે તેવી જ નથી, પણ બીજાં અનેક સૂક્ષ્મ રહસ્યોથી ભરેલી હોય છે અને એ રીતે એનો અભ્યાસ કરવો, એની અન્ય પદાર્થો સાથે તુલના કરવી તથા એનો સમન્વય સાધવો એ સ્યાદ્‌વાદ છે અને એ જ સર્વ વ્યાવહારિક સિદ્ધિઓનો અમોઘ ઉપાય છે.

# પ્રકરણ પાંચમું

## નવતત્ત્વ

(૧) જીવ, (૨) અજીવ, (૩) પુણ્ય, (૪) પાપ, (૫) આસ્રવ, (૬) સંવર, (૭) નિર્જરા, (૮) બંધ અને (૯) મોક્ષ એ નવ તત્ત્વો છે.

### ૧ જીવ.

વિશ્વવ્યવસ્થાનાં પ્રકરણમાં આપણે જોઈ ગયા કે ષડ્ દ્રવ્યો પૈકીનું એક દ્રવ્ય આત્મા છે અને તેને જ જીવ કહેવામાં આવે છે તથા તેનું મુખ્ય લક્ષણ ચૈતન્ય એટલે જ્ઞાન છે. પ્રાણ ધારણ કરવાની શક્તિને લીધે તેને પ્રાણી પણ કહેવામાં આવે છે. આ જીવનું વિશેષ લક્ષણ એ છે કે તે કર્મનો કર્ત્તા છે, કર્મફળનો ભોક્તા છે, સંસારમાં પરિભ્રમણ કરનારો છે અને મોક્ષમાં જઇ શકે એવી શક્તિવાળો છે.

પ્રથમ તો આ વિશ્વમાં કર્મ નામની કોઈ વસ્તુ

હસ્તી ધરાવે છે કે કેમ? એવો પ્રશ્ન ઉઠાવવામાં આવે છે. તેનો જવાબ એ છે કે આ વિશ્વમાં કોઇ મનુષ્ય તવંગર અને કોઇ મનુષ્ય ગરીબ દેખાય છે, કોઈ મનુષ્ય ઊંચો અને કોઇ મનુષ્ય નીચો જણાય છે, કોઇ સુંદર જોવામાં આવે છે ને કોઈ અસુંદર જોવામાં આવે છે, તેમજ કોઇને સુખનો અનુભવ કરતો નિહાળીએ છીએ ને કોઈને દુઃખનો અનુભવ કરતો નિહાળીએ છીએ. આમ બધાં મનુષ્યોની સ્થિતિ વચ્ચે અંતર જણાય છે, એટલે તેનું કોઈ નિશ્ચિત કારણ હોવું જ જોઇએ અને તે કર્મ છે.

આ કર્મ એ શું વસ્તુ છે? તેનો જવાબ એ છે કે તે એક પ્રકારની પુદ્ગલની વર્ગણાઓ છે, એટલે જીવ કે આત્માના સ્વભાવથી ભિન્ન એવો સ્વભાવ ધરાવનારી છે અને તેથી જ જીવમાં સ્વભાવ અને વિભાવ એવી બે સ્થિતિ ઉત્પન્ન થાય છે. દાખલા તરીકે જીવનો સ્વભાવ જ્ઞાન છે પણ કર્મના સંયોગને લીધે તેનામાં અજ્ઞાન પણ દેખાય છે.

કર્મો કેટલા પ્રકારનાં છે? તેનો જવાબ એ છે કે તે મુખ્યત્વે આઠ પ્રકારનાં છે. જે કર્મો આત્માના જ્ઞાન-ગુણનું આવરણ કરે છે તે જ્ઞાનાવરણીય કર્મ. જે કર્મો આત્માના દર્શન ગુણનું આવરણ કરે છે તે દર્શનાવરણીય કર્મ. જેના લીધે આત્માને શાતા અને અશાતાનો અનુભવ

કરવો પડે છે તે વેદનીય કર્મ. જેના લીધે આત્માના સમ્યક્ શ્રદ્ધાન અને સમ્યક્ ચારિત્રગુણનો રોધ થાય છે તે મોહનીય કર્મ. જેના લીધે આત્માને અમુક શરીરમાં અમુક સમય સુધી રહેવું પડે છે તે આયુકર્મ. જેને લીધે અમૂર્ત એવા આત્માને મૂર્ત થવું પડે છે એટલે કે શુભાશુભ શરીરો ને સુંદર-અસુંદર અંગોપાંગો ધારણ કરવાં પડે છે તે નામકર્મ. જેને લીધે આત્માને ઉચ્ચ-નીચ ગોત્રમાં અવતરવું પડે છે તે ગોત્ર કર્મ અને જેના લીધે આત્માની જ્ઞાન, લાભ આદિ શક્તિઓનો અંતરાય થાય છે તે અંતરાય કર્મ.

આ કર્મો પોતાની મેળે ચોટી પડતા નથી પણ આત્મા વડે ગ્રહણ થાય છે, એટલે તેને કર્મનો કર્તા માનવામાં આવે છે. આ કર્મોનું ફળ તેને પોતાને જ ભોગવવું પડે છે, એટલે કે બીજો કોઈ ભોગવી આપે એવી સ્થિતિ નથી, માટે તેને કર્મનો ભોક્તા માનવામાં આવે છે. આ આત્માને કર્મવશાત્ ચાર ગતિ અને ચોરાશી લક્ષ જીવ-યોનિમાં ઉત્પન્ન થવું પડે છે, એટલે તેને સંસરણ કરનારો માનવામાં આવે છે અને તેનામાં સર્વ કર્મોનો નાશ કરવાની મૂળભૂત શક્તિ છે, એટલે તેને મોક્ષગમનનો અધિકારી માનવામાં આવે છે.

જીવમાં સંકોચ અને વિસ્તાર પામવાનો ગુણ છે એટલે જે શરીર ધારણ કરે તે શરીરમાં બરાબર સમાઈ

જાય છે પણ તેનો કોઇ ભાગ બાકી રહેતો નથી કે તે શરીર બહાર પ્રસરતો નથી.

જીવ નરી આંખે જોઇ શકાતો નથી પણ જીવંત પ્રાણીમાં હલનચલન, શ્વાસોચ્છ્‌વાસ, ભાષા, વિચાર આદિ જે જે ક્રિયાઓ જોવામાં આવે છે, તેના લીધે તેનું અસ્તિત્વ જાણી શકાય છે. પત્થર, લોઢું, કાચ વગેરે જીવંત નથી માટે તેનામાં આવા ગુણો જણાતા નથી. જીવતાં માણસમાં અને મડદામાં જે ફેર જણાય છે તે આ કારણે જ જણાય છે. જેમ સોનું પ્રાથમિક અવસ્થામાં માટીમાં મળી ગયેલું હોવાથી માટી જેવું જ લાગે છે પણ વિવિધ ઉપાયો વડે તેનું સંશોધન થતાં તે શુદ્ધ સ્વરૂપે બહાર નીકળી આવે છે, તેમ જીવ પણ પ્રારંભિક અવસ્થામાં ઘણાં કર્મોવાળો હોઇ એટલે કે ઘણી જડ વર્ગણાથી યુક્ત હોઇ જડપ્રાયઃ જણાય છે, પણ જેમ જેમ કર્મોનો ભાર હળવો થાય છે, તેમ તેમ તે શુદ્ધ સ્વરૂપે બહાર આવતો જાય છે અને છેવટે સંપૂર્ણ શુદ્ધ થતાં મોક્ષનો અધિકારી બને છે. આ રીતે જીવંત આત્માઓ એટલે જીવ માત્રના બે વિભાગો પાડી શકાયઃ (૧) સંસારી–સંસારમાં પરિભ્રમણ કરતા અને (૨) મુક્ત –સર્વાંશે કર્મ રહિત થયેલા. મુક્ત જીવોને સિદ્ધ પણ કહે છે.

સંસારી જીવોમાં કેટલાક પોતાની જાતે હલનચલન કરી શકે એવા હોતા નથી અને કેટલાક પોતાની જાતે

હલનચલન કરી શકે એવા હોય છે, એટલે તેના સ્થાવર-સ્થિર રહેતા અને ત્રસ–હલનચલન કરતા એવા બે વિભાગો પડે છે.

બધા સ્થાવર જીવો એક ઇન્દ્રિયવાળા હોય છે, તેના પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય એવા પાંચ ભેદો પાડી શકાય. તાત્પર્ય કે આપણે જેને માટી કે પૃથ્વી કહીએ છીએ તેમાં પણ જીવ છે, જેને પાણી કે અપ્ કહીએ છીએ તેમાં પણ જીવ છે, જેને અગ્નિ કે તેજસ્ કહીએ છીએ તેમાં પણ જીવ છે, જેને પવન કે વાયુ કહીએ છીએ તેમાં પણ જીવ છે અને જેને ઝાડપાન કે વનસ્પતિ કહીએ છીએ તેમાં પણ જીવ છે. આધુનિક યુગમાં વૈજ્ઞાનિક સાધનો વડે વનસ્પતિ વગેરેમાં જીવ હોવાનું સાબીત કરવામાં આવ્યું છે.

ત્રસ જીવોમાં કેટલાક બેઇન્દ્રિયવાળા, કેટલાક ત્રણ ઈન્દ્રિયવાળા, કેટલાક ચાર ઈન્દ્રિયવાળા ને કેટલાક પાંચ ઇન્દ્રિયવાળા હોય છે. દાખલા તરીકે શંખ, કોડા, છીપ, ગંડોલ (પેટના કૃમિ), જળો, ચંદન, અળસિયાં, લાળિયા (વાસી ખોરાકમાં ઉત્પન્ન થતાં), કાષ્ઠ, કીડા, કૃમિ, પાણીના પોરા વગેરે બેઈન્દ્રિયવાળા જીવો છે. કાનખજૂરો, માંકડ, જૂ, કીડી, ઉધેઈ, મકોડા, ઇયળ, ધીમેલ, ગીંગોડા, ગધૈયા, ચોરકીડા, છાણના કીડા, ગોકળગાય વગેરે ત્રણ ઈંદ્રિયવાળા જીવો છે. વીંછી, બગાઈ, ભમરા, ભમરી, તીડ, મચ્છર, ડાંસ, મસક, કંસારી, ખડમાકડી વગેરે ચાર ઇંદ્રિયવાળા

જીવો છે અને માછલા, સાપ, પશુ–પક્ષી તથા મનુષ્ય વગેરે પાંચ ઈંદ્રિયવાળા જીવો છે.

અહીં એટલી સ્પષ્ટતાની આવશ્યક્તા છે કે એક જ ઇન્દ્રિયવાળા જીવોને માત્ર સ્પર્શેન્દ્રિય હોય છે; બે ઇન્દ્રિયોવાળા જીવોને સ્પર્શનેન્દ્રિય ઉપરાંત રસનેન્દ્રિય પણ હોય છે. ત્રણ ઈન્દ્રિયોવાળાને સ્પર્શનેન્દ્રિય–રસનેન્દ્રિય ઉપરાંત ઘ્રાણેન્દ્રિય પણ હોય છે; ચાર ઈન્દ્રિયોવાળાને વિશેષમાં ચક્ષુરિન્દ્રિયપણ હોય છે અને પાંચ ઈન્દ્રિયોવાળાને એ ચાર ઈન્દ્રિયો ઉપરાંત શ્રવણેન્દ્રિય પણ હોય છે.

જીવની આહાર ગ્રહણ કરવાની શક્તિને આહારપર્યાપ્તિ કહેવામાં આવે છે, તેને શરીરરૂપે પરિણમાવવાની શક્તિને શરીરપર્યાપ્તિ કહેવામાં આવે છે, તેની ઈન્દ્રિય રચવાની શક્તિને ઈન્દ્રિયપર્યાપ્તિ કહેવામાં આવે છે, તેની શ્વાસોચ્છ્વાસ લેવાની શક્તિને શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ કહેવામાં આવે છે, તેની બોલવાની શક્તિને ભાષાપર્યાપ્તિ કહેવામાં આવે છે ને વિચારવાની શક્તિને મનઃપર્યાપ્તિ કહેવામાં આવે છે. તેમાંથી સ્થાવર જીવોને પ્રારંભની ચાર પર્યાપ્તિ હોય છે, બેઈન્દ્રિયવાળા, ત્રણ ઈન્દ્રિયોવાળા તથા ચાર ઈન્દ્રિયોવાળા જીવોને તથા પંચેન્દ્રિયમાં જેઓ અસંજ્ઞી એટલે મનરહિત હોય છે તેમને પાંચ પર્યાપ્તિ હોય છે અને સંજ્ઞીપંચેન્દ્રિયને છ પર્યાપ્તિ હોય છે.

પંચેન્દ્રિય જીવોના નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા એવા ચાર વિભાગો છે. તેમાં પહેલી નારકીના

જીવો, બીજી નારકીના જીવો એમ નારકીના જીવો સાત પ્રકારના છે. તિર્યંચો જલચર–જલમાં ફરનારા, સ્થલચર–જમીન પર ફરનારા અને ખેચર એટલે આકાશમાં ઉડનારા એમ ત્રણ પ્રકારના છે. માછલા ઝુંડ, મગર વગેરે જલચર છે; ગાય, ભેંસ, ઘોડા, હાથી, વાનર વગેરે સ્થલચર છે; અને કાગડા, કબૂતર સમળી વગેરે ખેચર છે કે જેને આપણે પક્ષી કહીએ છીએ.

મનુષ્યના ત્રણ વિભાગો છે: કર્મભૂમિમાં જન્મેલા અકર્મભૂમિમાં જન્મેલા અને અંતરદ્વીપમાં જન્મેલા. આ વિભાગો જૈન ભૂગોળ પ્રમાણે જેને કર્મભૂમિ, અકર્મભૂમિ અને અંતરદ્વીપ કહેવામાં આવે છે, તે પ્રમાણે કરેલા છે. કર્મભૂમિઓ ૧૫ છે, અકર્મભૂમિઓ ૩૦ છે અને અંતરદ્વીપ ૫૬ છે, એટલે મનુષ્યના કુલ ભેદ ૧૦૧ છે.

દેવોના ચાર વિભાગો છે: (૧) ભુવનપતિ, (૨) વ્યંતર (૩) જ્યોતિષી અને (૪) વૈમાનિક. તેમાં ભવનપતિના દશ પ્રકારો છે, વ્યંતરના વ્યંતર અને વાણવ્યંતર એવા બે વિભાગો છે ને તે દરેકના આઠ આઠ ભેદો છે. જ્યોતિષીના પાંચ ભેદો છે અને વૈમાનિકના કલ્પવાસી અને કલ્પાતીત એવા બે ભેદો છે.

આ જીવોના શરીર, આયુષ્ય વગેરેનો વિચાર જૈન શાસ્ત્રોમાં ખૂબ સૂક્ષ્મતાથી કરેલો છે.

## ૨. અજીવ

જેનામાં જીવ નથી તેને અજીવ કહેવામાં આવે છે

આ રીતે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલ અને પુદ્ગલાસ્તિકાય એ પાંચે દ્રવ્યો અજીવ છે.

### ૩. પુણ્ય

જીવ માનસિક, વાચિક અને કાયિક ક્રિયા દ્વારા જે શુભ અને અશુભ કર્મો ઉપાર્જન કરે છે તેને અનુક્રમે પુણ્ય અને પાપ કહેવામાં આવે છે. તેમાં પુણ્ય ૯ પ્રકારે બંધાય છે. સાધુ-સંત તથા દીન-દુઃખીઓને (૧) અન્ન દેવાથી, (૨) પાણી દેવાથી, (૩) સ્થાન એટલે ઉતરવાની જગા આપવાથી, (૪) શય્યા દેવાથી, (૫) વસ્ત્ર દેવાથી, તેમજ (૬) મન વડે શુભ સંકલ્પ કરવાથી, (૭) વચન વડે શુભ સંકલ્પ કરવાથી, (૮) કાયા વડે શુભ સંકલ્પ કરવાથી અને (૯) દેવ-ગુરુને નમસ્કાર કરવાથી.

આ પુણ્યનાં ફળ સ્વરૂપે જીવને દેવગતિ, મનુષ્ય-ગતિ, ઉચ્ચગોત્ર, પંચેન્દ્રિયની પૂર્ણતા, પ્રમાણોપેત સુંદર શરીર, ઘાટીલાં અવયવો, રૂપ, કાંતિ, આરોગ્ય, સૌભાગ્ય અને દીર્ઘાયુષની પ્રાપ્તિ થાય છે અને જ્યાં જાય ત્યાં આદર-સત્કાર પામે છે.

### ૪. પાપ

**પાપ ૧૮ પ્રકારે બંધાય છે.**

૧. પ્રાણાતિપાત એટલે જીવહિંસા કરવાથી.

૨. મૃષાવાદ એટલે જૂઠું બોલવાથી.

૩. અદત્તાદાન એટલે ચોરી કરવાથી.

૪. મૈથુન એટલે બ્રહ્મચર્યનો ભંગ કરવાથી.

૫. પરિગ્રહ એટલે વસ્તુઓ પર મૂર્છા રાખવાથી.
૬. ક્રોધ એટલે ગુસ્સો કરવાથી.
૭. માન એટલે અભિમાન કરવાથી.
૮. માયા એટલે કપટ કરવાથી.
૯. લોભ એટલે તૃષ્ણા રાખવાથી.
૧૦. રાગ એટલે ઈષ્ટ વસ્તુ પર આસક્તિ રાખવાથી.
૧૧. દ્વેષ એટલે અનિષ્ટ વસ્તુનો તિરસ્કાર કરવાથી.
૧૨. કલહ એટલે કજિયો કરવાથી.

૧૩. અભ્યાખ્યાન એટલે કોઈના પર દોષારોપણ કરવાથી.

૧૪. પૈશુન્ય એટલે ચાડી ખાવાથી.
૧૫. રતિ–અરતિ એટલે હર્ષ અને વિષાદ કરવાથી.
૧૬. પરપરિવાદ એટલે બીજાની નિંદા કરવાથી.
૧૭. માયા–મૃષાવાદ એટલે કપટપૂર્વક જૂઠું બોલવાથી.
૧૮. મિથ્યાત્વશલ્ય એટલે હૃદયમાં મિથ્યાત્વ રાખવાથી.

[ મિથ્યાત્વનો વિશેષ પરિચય આગળ આવશે. ]

પાપનું ફળ પુણ્યથી ઊંધું મળે છે, એટલે તેનાં ફળ સ્વરૂપે નરક અને તિર્યંચ ગતિ તથા ચાર ઈન્દ્રિયપણું, ત્રણઈન્દ્રિયપણું, બે ઈન્દ્રિયપણું અને સ્થાવરપણું પ્રાપ્ત થાય છે, તેમજ નીચગોત્ર, કદરૂપો દેહ, વરવા અંગો, રોગ–વ્યાધિ, દુર્ભાગ્ય તથા અલ્પાયુષની પ્રાપ્તિ થાય છે તથા અપયશ સાંપડે છે.

અહીં એટલું યાદ રાખવાની જરૂર છે કે પુણ્ય અને પાપ બંને કર્મફળ હોઇને મોક્ષપ્રાપ્તિ માટે તે બંનેનો ક્ષય કરવો જરૂરી છે.

પુણ્ય એ શુભાસ્રવ છે અને પાપ એ અશુભાસ્રવ છે એટલે કેટલાક તેનો *આસ્રવમાં જ સમાવેશ* કરે છે અને પુણ્ય–પાપની સ્વતંત્ર તત્ત્વ તરીકે ગણના કરતા નથી, પણ પુણ્ય–પાપનો સ્પષ્ટ બોધ થવા માટે તેનું સ્વતંત્ર પ્રતિપાદન જરૂરી છે, એટલે અહીં પુણ્ય અને પાપની સ્વતંત્ર તત્ત્વ તરીકે ગણના કરવામાં આવી છે.

## ૫ આસ્રવ

જેનાથી કર્મોનું જીવભણી આવવું થાય તેને આસ્રવ કહે છે. જો જીવને આપણે તલાવની ઉપમા આપીએ તો કર્મ એ પાણી છે અને આસ્રવ એ તેને આવવાનાં ગરનાળાં છે. તેના કુલ ભેદો ૪૨ માનવામાં આવ્યા છે, તે આ પ્રમાણે :

હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ એ પાંચનો ત્યાગ ન કરવો, વિરતિ ન કરવી તે ૫ અવ્રતાસ્રવ.

ક્રોધ, માન, માયા અને લોભનું સેવન કરવું તે ૪ કષાયાસ્રવ.

સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોતેન્દ્રિય એ પાંચ ઇંદ્રિયોને નિયમમાં ન રાખવી અર્થાત્ પ્રમાદ સેવવો તે ૫ ઈન્દ્રિયાસ્રવ.

મન, વચન અને કાયાના યોગને–વ્યાપારને ભોગાદિ વિષયોમાં જતાં ન રોકવો તે ૩ યોગાસ્રવ. તેમજ નીચેની પચીસ ક્રિયાઓ કરવાથી કર્મનો આસ્રવ થાય છે :

(૧) કાયિકીક્રિયા––કાયાને અયત્નાએ પ્રવર્તાવવી તે.

(૨) આધિકરણિકી ક્રિયા—ઘરનાં ઉપકરણ–અધિકરણ વડે જીવોનું હનન કરવું તે.

(૩) પ્રાદ્વેષિકી ક્રિયા–જીવ–અજીવ પર દ્વેષ કરવો તે.

(૪) પારિતાપતિકી ક્રિયા–પોતાને તથા પરને પરિતાપ ઉપજાવવો તે.

(૫) પ્રાણાતિપાતિકી ક્રિયા–એકેન્દ્રિયાદિ જીવોને હણવા–હણાવવા તે.

(૬) આરંભિકી ક્રિયા–જેમાં ઘણી હિંસા થવાનો સંભવ હોય તે.

(૭) પારિગ્રહિકી ક્રિયા–ધન ધાન્યાદિક નવવિધ પરિગ્રહ મેળવતાં તથા તેના પર મોહ રાખતાં જે ક્રિયા લાગે તે.

(૮) માયાપ્રત્યયિકી ક્રિયા–છળ કપટ કરી બીજાને ઠુભવવા તે.

(૯) મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા–મિથ્યા દર્શન એટલે અસત્ય માર્ગનું પોષણ કરતાં જે ક્રિયા લાગે તે.

(૧૦) અપ્રત્યાખ્યાનિકી ક્રિયા–અભક્ષ્ય અને અપેય વસ્તુઓનો ત્યાગ નહિ કરવાથી જે ક્રિયા લાગે તે.

(૧૧) દૃષ્ટિકી ક્રિયા–સુંદર વસ્તુઓ જોઇને તેના પર રાગ કરવો તે.

(૧૨) સ્પૃષ્ટિકી ક્રિયા—સુકુમાર વસ્તુઓને રાગવશાત્ સ્પર્શ કરવો તે.

(૧૩) પ્રાતિત્યકી ક્રિયા—બીજાની ઋદ્ધિ—સમૃદ્ધિ જોઇને ઈર્ષ્યા કરે તે.

(૧૪) સામન્તોપનિપાતકી ક્રિયા—પોતાની ઋદ્ધિ—સમૃદ્ધિની કોઈ પ્રશંસા કરે તેથી ખુશ થતાં જે ક્રિયા લાગે તે અથવા તેલ, ઘી, દૂધ, દહીં આદિનાં વાસણો ખુલ્લાં રાખવાથી જીવો તેમાં આવી પડે અને તેથી જે હિંસા થાય તે.

(૧૫) નૈસૃષ્ટિકી ક્રિયા—રાજાદિના હુકમથી બીજાની પાસે યંત્ર—શસ્ત્રાદિ તૈયાર કરાવવાં તે.

(૧૬) સ્વહસ્તકી ક્રિયા—પોતાના હાથથી કે શિકારી કૂતરાઓ આદિ દ્વારા જીવોને મારવા તે. અથવા પોતાના હાથે ક્રિયા કરવાની જરૂર નહિ હોવા છતાં અભિમાનથી પોતાના હાથે ક્રિયા કરવી તે.

(૧૭) આનયનકી ક્રિયા—જીવ અથવા અજીવના પ્રયોગથી કોઈ વસ્તુ પોતાની પાસે આવે એવી કોશીષ કરવી તે.

(૧૮) વિદારણકી ક્રિયા—જીવ અથવા અજીવનું છેદન ભેદન કરવું તે.

(૧૯) અનાભોગિકી ક્રિયા—શૂન્યચિત્તે વસ્તુઓને લેવી મૂકવી, બેસવું—ઉઠવું, ચાલવું કરવું કે ખાવું—પીવું તે.

(૨૦) અનવકાંક્ષાપ્રત્યયકી ક્રિયા—આ લોક અને પરલોક સંબંધી વિરુદ્ધ કાર્યનું આચરણ કરવું તે.

(૨૧) પ્રાયોગિકી ક્રિયા–મન, વચન, કાયા સંબંધી ખરાબ વિચારમાં પ્રવૃત્તિ કરવી પણ નિવૃત્તિ ન કરવી તે.

(૨૨) સમુદ્દાનક્રિયા–કોઇ એવું કર્મ કરવું કે જેનાથી જ્ઞાનાવરણીય આઠે કર્મોનો એકી સાથે બંધ થાય તે.

(૨૩) પ્રેમપ્રત્યયિકી ક્રિયા–માયા અને લોભથી જે ક્રિયા થાય તે.

(૨૪) દ્વેષપ્રત્યયિકી ક્રિયા–ક્રોધ અને માનથી જે ક્રિયા થાય તે.

(૨૫) ઈર્યાપથિકી ક્રિયા–પ્રમાદરહિત સાધુઓને તથા કેવલજ્ઞાની ભગવાનને ગમનાગમન કરતાં જે ક્રિયા લાગે તે.

આમાં કેટલીક ક્રિયાઓ સરખા જેવી લાગે છે, પણ તે સરખી નથી.

આ બધા ભેદોના તીવ્રભાવ, મન્દભાવ, જ્ઞાતભાવ, અજ્ઞાતભાવ આદિ કારણોથી અનેક ભેદાનુભેદ થઇ શકે છે.

## ૬ સંવર

કર્મોને જીવભણી આવતાં અટકાવવા તેને સંવર કહે છે. આ ક્રિયા આસ્રવથી બિલકુલ ઉલટી છે, એટલે તેને આસ્રવરોધ પણ કહેવામાં છે. તેના ૫૭ ભેદો નીચે પ્રમાણે માનવામાં આવે છે:

૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૧૦ યતિધર્મ ૧૨ ભાવના, ૨૨ પરીષહ અને ૫ ચારિત્ર.

ચારિત્રનાં પાલનનિમિત્તે સમ્યક્પ્રવૃત્તિ કરવી તેને સમિતિ કહેવામાં આવે છે. તેના ઈર્યાસમિતિ, ભાષાસમિતિ,

એષણાસમિતિ, આદાન–નિક્ષેપ સમિતિ અને પારિષ્ઠાપનિકી સમિતિ એવા પાંચ પ્રકારો છે. ઈર્યાસમિતિ એટલે ઉપયોગપૂર્વક નીચી નજરે અવર–જવરવાળા માર્ગે દિવસના સમયે ચાલવું. ભાષા સમિતિ એટલે મિત, હિત અને પ્રિય વચન બોલવું. એષણાસમિતિ એટલે આહાર, પાણી, વસ્ત્ર, ઔષધ, શય્યા, પાટ, પાટલા આદિ દોષ રહિત મેળવવા. આદાન–નિક્ષેપસમિતિ એટલે વસ્ત્ર, પાત્ર ઉપકરણો વગેરે પ્રમાર્જી–પૂંજીને લેવા–મૂકવા. પારિષ્ઠાપનિકી સમિતિ એટલે મલ, મૂત્ર, થૂંક તથા પરઠવવા યોગ્ય વસ્તુઓ નિરવદ્ય એટલે જીવહિંસા ન થાય તેવા સ્થાનમાં પરઠવવી.

ચારિત્રનાં પાલન નિમિત્તે મન, વચન અને કાયાની પ્રવૃત્તિને ગોપવવી, તેનો નિરોધ કરવો તેને ગુપ્તિ કહેવામાં આવે છે. તેના મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એ ત્રણ પ્રકારો છે.

આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને અષ્ટ પ્રવચન માતા કહેવામાં આવે છે, કારણ કે પ્રવચન એટલે ચારિત્રનું ધારણ અને પોષણ કરવામાં તે માતા જેવું કામ કરે છે.

સાધુઓએ–યતિઓએ ખાસ આરાધવા યોગ્ય દશ ગુણોને દશવિધ યતિધર્મ કહેવામાં આવે છે, તે આ પ્રમાણે: ક્ષાંતિ ( ક્ષમા ), મૃદુતા, ઋજુતા ( સરળતા ), મુક્તિ (નિર્લોભવૃત્તિ ), તપ, સંયમ, સત્ય, શૌચ ( મન, વચન, કાયાની શુદ્ધિ ), અકિંચનતા (પરિગ્રહનો ત્યાગ) અને બ્રહ્મચર્ય.

જેમ ઔષધમાં અમુક ગુણ લાવવા માટે તેને જુદા જુદા રસોની ભાવના આપવામાં આવે છે, તેમ આત્માને પવિત્ર બનાવવા માટે ૧૨ પ્રકારની–વિચાર ધારાઓનો આશ્રય લેવામાં આવે છે, તેને બાર ભાવના કે દ્વાદશાનુપ્રેક્ષા કહેવામાં આવે છે. તે નીચે મુજબઃ—

૧ અનિત્યભાવના–સર્વ પરપદાર્થની અનિત્યતા ચિંતવવી.

૨ અશરણભાવના–અરિહંતાદિ ચાર શરણ વિના સંસારમાં પ્રાણીને કોઈનું શરણ નથી, તેવું ચિંતન કરવું.

૩ સંસારભાવના–સંસારમાં જીવનું અનાદિ પરભ્રમણ તથા તેનાં અનંત જન્મ, મરણ અને અસ્થિર સંબંધોનું ચિંતન કરવું.

૪ એકત્વભાવના–જન્મ–મરણ તથા સુખ–દુઃખ સંસારમાં એકલા જીવને જ અનુભવવા પડે છે એવું ચિંતન કરવું.

૫ અન્યત્યભાવના–આત્માને ધન, બંધુ તથા શરીરથી ભિન્ન ચિંતવવો.

૬ અશુચિત્વભાવના–શરીરનું અપવિત્રપણું ચિંતવવું.

૭ આસ્રવભાવના–અવિરતિ, કષાય, પ્રમાદ, યોગ તથા મિથ્યાત્વને અશુભ કર્મના હેતુ તરીકે ચિંતવવા.

૮ સંવરભાવના–સંયમનું સ્વરૂપ અને તેના લાભો ચિંતવવા.

૯ નિર્જરાભાવના—કર્મની નિર્જરામાં કારણભૂત એવા તપનો મહિમા ચિંતવવો.

૧૦ ધર્મસ્વાખ્યાતભાવના—જિનેશ્વરોએ ધર્મ સારી રીતે કહેલો છે અને તે મહાપ્રભાવશાળી છે એમ ચિંતવવું.

૧૧ લોકભાવના—ચૌદ રાજલોકનું સ્વરૂપ ચિંતવવું.

૧૨ બોધિદુર્લભભાવના—સમ્યકત્વ પામવું દુર્લભ છે, તેથી તેમાં ઉપયોગ રાખવાનું ચિંતન કરવું.

ચારિત્રનું પાલન કરતાં જે કંઇ કષ્ટ, મુશીબત કે મુશ્કેલી આવી પડે તેને સમતાથી સહન કરી લેવી તેને પરીષહજય કહેવામાં આવે છે. તેના ૨૨ પ્રકારો નીચે મુજબ છે :

૧ ક્ષુધાપરીષહ—ભૂખથી ઉત્પન્ન થતી વેદના સહન કરવી.

૨ તૃષાપરીષહ—તૃષાથી ઉત્પન્ન થતી વેદના સહન કરવી.

૩ શીતપરીષહ—ઠંડીથી થતી વેદના સહન કરવી.

૪ ઉષ્ણપરીષહ—તાપથી થતી વેદના સહન કરવી.

૫ દંસ–મશકપરીષહ—ડાંસ અને મચ્છરના કરડવાથી ઉત્પન્ન થતી વેદના સહન કરવી.

૬ અચલેકપરીષહ—વસ્ત્રરહિત કે ફાટેલાં વસ્ત્રવાળી સ્થિતિથી ખેદ ન પામવો.

૭ અરતિ પરીષહ—ચારિત્ર પાળતાં મનમાં ગ્લાનિ થવા ન દેવી.

૮ સ્ત્રીપરીષહ–સ્ત્રીઓના હાવભાવાદિ પ્રસંગથી મનને ચલાયમાન થવા દેવું નહિ.

૯ ચર્યાપરીષહ–કોઇ ગામ ઉપર મમત્વ ન રાખતાં રાષ્ટ્રભરમાં વિચરતા રહેવું અને એ રીતે વિહાર કરતાં–પરિભ્રમણ કરતાં જે કષ્ટો આવે તે સહન કરી લેવાં.

૧૦ નિષદ્યાપરીષહ–સ્ત્રી, પશુ અને નપુંસક રહિત સ્થાનમાં રહી એકાંતવાસ સેવવો.

૧૧ શય્યાપરીષહ–સૂવાની જગા કે સૂવાની પાટ વગેરે ગમે તેવી મળે તેથી ખેદ ન પામવો.

૧૨ આક્રોશપરીષહ–કોઇ મનુષ્ય આક્રોશ કરે, તિરસ્કાર કરે, અપમાન કરે તેને શાંતિથી સહી લેવું.

૧૩ વધપરીષહ–કોઇ મારઝૂડ કરે તો પણ શાંતિ રાખવી.

૧૪ યાચનાપરીષહ–સાધુને દરેક વસ્તુ યાચીને જ મેળવવાની હોય છે, તેથી મનમાં કંટાળો લાવવો નહિ.

૧૫ અલાભપરીષહ–ભિક્ષા માગવા છતાં કોઇ વસ્તુ ન મળે તો તેનો સંતાપ ન કરવો.

૧૬ રોગપરીષહ–ગમે તેવો રોગ કે વ્યાધિ ઉત્પન્ન થાય પણ હાયવોય કે બૂમ બરાડા ન પાડતાં તેની બધી વેદના શાંતિથી સહન કરી લેવી.

૧૭ તૃણસ્પર્શપરીષહ–બેસતાં, ઉઠતાં તથા સૂતાં દર્ભાદિ તૃણોનો જે કઠોર સ્પર્શ થાય તે શાંતિથી સહન કરી લેવો.

૧૮ મલપરીષહ—પરસેવા તથા વિહાર વગેરેનાં કારણે શરીર પર મેલ ચડી જવા છતાં સ્નાનની ઇચ્છા ન કરવી.

૧૯ સત્કારપરીષહ—કોઇ ગમે તેવો સત્કાર કરે તેથી અભિમાન ન કરતાં મનને કાબૂમાં રાખવું અને આ સત્કાર મારો નહિ પણ ચારિત્રનો થાય છે તેમ સમજવું.

૨૦ પ્રજ્ઞાપરીષહ—બુદ્ધિ કે જ્ઞાનનો મદ કરવો નહિ.

૨૧ અજ્ઞાનપરીષહ—ઘણો પરિશ્રમ કરવા છતાં સૂત્ર–સિદ્ધાંતનો જોઈએ તેવો બોધ ન થાય તો તેથી નિરાશ થવું નહિ.

૨૨ સમ્યકત્વપરીષહ—કોઇ પણ સ્થિતિમાં સમ્યક્ત્વને ડગમગવા ન દેતાં તેનું સંરક્ષણ કરવું.

ચારિત્ર પાંચ પ્રકારનું છે: (૧) સામાયિક, (૨) છેદોપસ્થાપનીય, (૩) પરિહારવિશુદ્ધિ, (૪) સૂક્ષ્મસંપરાય અને (૫) યથાખ્યાત. તેમાં મન, વચન અને કાયાથી પાપકર્મ કરવું નહિ, કરાવવું નહિ, તથા કરતાને અનુમતિ આપવી નહિ એવા સંકલ્પપૂર્વક જે ચારિત્ર ગ્રહણ કરવામાં આવે છે તેને સામાયિકચારિત્ર કહે છે.

નવા શિષ્યને ષડ્જીવનિકા અધ્યયન ભણ્યા પછી જે વડી દીક્ષા આપવામાં આવે છે, તેને છેદોપસ્થાપનીય ચારિત્ર કહે છે. અથવા એક તીર્થંકરના સાધુ બીજા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરે એ વખતે તેને નવું ચારિત્ર લેવું પડે છે તેને પણ છેદોવસ્થાપનીય ચારિત્ર કહે છે. શ્રી

પાર્શ્વનાથ ભગવાનના ચાતુર્યામ વ્રતવાળા સાધુઓએ પાંચ મહાવ્રતવાળાં શ્રી મહાવીરસ્વામીનો માર્ગ સ્વીકાર્યો ત્યારે નવેસરથી ચારિત્ર ગ્રહણ કર્યું, તે આ પ્રકારનું સમજવું.

જેમાં વિશેષ તપ કરવાથી કર્મની નિર્જરા થાય તેને પરિહારવિશુદ્ધિચારિત્ર કહેવામાં આવે છે. જેમાં કષાય ખૂબ પાતળા પડી નામ માત્રના રહે તેને સૂક્ષ્મ-સંપરાયચારિત્ર કહે છે અને જેમાં કષાયનો સર્વથા નાશ થાય એવા ચારિત્રને યથાખ્યાતચારિત્ર કહે છે. આ છેલ્લાં ત્રણ પ્રકારનાં ચારિત્રો વર્તમાનકાળે અતિ દુર્લભ માનવામાં આવે છે.

## ૭. નિર્જરા

આત્માને લાગેલાં કર્મોનું જરી જવું, ખરી જવું તેને નિર્જરા કહેવામાં આવે છે. તેનો મુખ્ય ઉપાય તપ છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે **भवकोडीसंचियं कम्मं तवसा निज्जरिज्जइ** ક્રોડો ભવમાં સંચિત કરેલું કર્મ તપ વડે નાશ પામે છે. તપના મુખ્ય પ્રકારો ૧૨ છે, તેમાં ૬ તપો બાહ્ય ગણાય છે અને ૬ તપો આભ્યંતર ગણાય છે. બાહ્ય તપનો વિશેષ સંબંધ કાયા સાથે છે, અભ્યંતર તપનો વિશેષ સંબધ મન સાથે છે; એટલે કાયિક તથા માનસિક બંને તપશ્ચર્યાને જૈન ધર્મમાં સમાન સ્થાન આપવામાં આવ્યું છે. કાયાને પુષ્ટ કરીએ અને મનનું દમન કરવા ઇચ્છીએ તો એ થતું નથી અને કાયાને કૃશ કરીએ પણ મનને મોકળું મૂકીએ તો એનું પરિણામ સારું આવતું નથી, એટલે ઉભયનું દમન કરવાની આવશ્યકતા છે.

અનશન એટલે ભોજનનો ત્યાગ એ પહેલું બાહ્ય તપ છે. તેમાં એક ટંક સિવાય ખાવાનો ત્યાગ કરવો તેને એકાશન–એકાસણું કહે છે. એવું એકાસણું જ્યારે રસવાળા પદાર્થોના ત્યાગપૂર્વક હોય ત્યારે તેને આયંબિલ કહે છે અને જેમાં આગળનું ટંક, દિવસના બે ટંક તથા ત્યાર પછીનું એક ટંક એમ ચાર ટંકનો ત્યાગ કરવામાં આવે તેને ચઉત્થભત્ત કે ઉપવાસ કહે છે. તેમાં સૂર્યોદય થયા પછી એક પ્રહર બાદ અચિત્ત જળનો ઉપયોગ કરી શકાય તેવા ઉપવાસને તેવિહારો (ત્રિવિધ આહારનો ત્યાગ કરનારો) કહે છે અને જેમાં અચિત્ત જળનો પણ ઉપયોગ ન કરી શકાય એવા ઉપવાસને ચોવિહારો (ચતુર્વિધ આહારનો ત્યાગ કરનારો) કહેવામાં આવે છે. કોઈ પણ તપમાં રાત્રિભોજનનો સર્વથા ત્યાગ હોય છે, એટલે સંધ્યાકાળથી લઇને બીજા દિવસના સૂર્યોદય સુધી કોઇ પણ પ્રકારનું અન્ન કે જળ વાપરવામાં આવતું નથી. તાત્પર્ય કે અન્ય ધર્મના ઉપવાસમાં દૂધ, ફળ, રાજગરાનો શીરો, ચાહ, કોફી વગેરે લેવાની છૂટ હોય છે, તેવી છૂટ આમાં હોતી નથી, એટલે આ ઉપવાસ આકરા ગણાય છે. આમ છતાં જૈનોનાં નાનાં નાનાં બાળકો પણ આવા ઉપવાસો કરે છે અને તે એકાદ–બે નહિ પણ ત્રણ–ત્રણ કે ચાર–ચાર કરે છે. વળી દશ વર્ષથી ચૌદ વર્ષની ઉમર સુધીના બાળકોએ અઠ્ઠાઇ એટલે એક સામટા આઠ ઉપવાસ કર્યાના દાખલાઓ પણ છે. મોટી ઉમરના સ્ત્રીપુરુષો એક ઉપવાસથી માંડીને આઠ ઉપવાસ, પંદર ઉપવાસ, ત્રીસ ઉપવાસ

કે પાંત્રીશ ઉપવાસ પણ કરે છે ને કેટલાક બે માસ કે અઢી માસના ઉપવાસ પણ કરે છે. આ કાળમાં ઉત્કૃષ્ટ ઉપવાસનું માન છ મહિનાનું છે કે જે અકબરના સમયમાં ચંપા શ્રાવિકાએ કર્યા હતા.

આ બધા ઉપવાસોમાં તપ પૂર્ણ થયે ફરી ભોજનની આંકાક્ષા હોય છે, જ્યારે યાવત્કથિક અનશનમાં તે પ્રકારની ઇચ્છા હોતી નથી; અર્થાત્ તેમાં જીવે ત્યાં સુધી ત્રિવિધ કે ચતુર્વિધ આહારનો ત્યાગ હોય છે. તેનું શાસ્ત્રીય નામ સંલેખના છે. આ જાતનું સંલેખના–તપ કરનાર દર્ભ કે ઊનની શય્યા પર સંથારો કરીને કાયાને કૃશ કરતો થકો ચિત્તસમાધિમાં આયુષ્ય પર્ણ કરે છે. આપઘાતમાં કોઈ પણ જાતની વ્યથા કે વેદનાથી જીવનનો અંત લાવવાની તાલાવેલી હોય છે, જ્યારે સંલેખનામાં સંસારના સર્વ મોહનો ત્યાગ કરી શાંતિ, સમતા કે સમાધિપૂર્વક શેષ જીવન પૂર્ણ કરવાનું હોય છે, એટલે તે બે વસ્તુઓ એક ગણી શકાય નહિ. ઘણા પાશ્ચિમાત્ય વિદ્વાનોએ આ તપનું રહસ્ય નહિ સમજવાથી સંલેખના–તપને Self mortification એટલે મરજીઆત આપઘાત તરીકે ઓળખાવ્યું છે, પણ તે વ્યાજબી નથી.

ઊનોદરિકા એટલે ભૂખથી કંઈક ઓછું જમવું એ બીજું બાહ્ય તપ છે.

વૃત્તિસંક્ષેપ એટલે આહારપાણીરૂપ વૃત્તિનો ઘટાડો

કરવો અર્થાત્ અમુક દ્રવ્યોથી વિશેષ દ્રવ્ય વાપરવા નહિ એ ત્રીજું બાહ્યતપ છે. સાધુઓને આ તપ અભિગ્રહરૂપ હોય છે, એટલે દ્રવ્યથી અમુક વસ્તુ મળે તો, ક્ષેત્રથી અમુક સ્થિતિમાં મળે તો, કાળથી અમુક સમયે મળે તો અને ભાવથી દાતાના અમુક ભાવપૂર્વક મળે તો લેવી એવો સંકલ્પ હોય છે. જ્યાં સુધી એ સંકલ્પપૂર્વકની ભિક્ષા ન મળે ત્યાં સુધી તેમને અનશન તપ ચાલુ રહે છે. શ્રી મહાવીર પ્રભુએ કૌશાંબીમાં દશ બોલથી ઉગ્ર અભિગ્રહ ધારણ કર્યો હતો ને પાંચ માસ તથા પચીસ દિવસ પછી શ્રી ચંદનબાળાના હાથે તેનું પારણું થયું હતું, એ હકીકત પ્રસિદ્ધ છે.

રસત્યાગ એટલે દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ (સાકર) અને પકવાન્નનો ત્યાગ કરવો એ ચોથું બાહ્યતપ છે. રસથી વિકાર ઉત્પન્ન થાય છે, એટલે તેને વિકૃતિ કે વિગઇ કહેવામાં આવે છે. આયંબિલમાં આ તપશ્ચર્યા મુખ્ય હોય છે.

કાયક્લેશ એટલે સંયમના નિર્વાહ અર્થે કાયાને પડતાં કષ્ટો સમભાવે સહન કરી લેવા એ પાંચમું બાહ્યતપ છે અને સંલીનતા એટલે અંગોપાંગ સંકોચીને રહેવું તથા એકાંતનું સેવન કરવું એ છઠ્ઠું બાહ્ય તપ છે.

આ તપશ્ચર્યાઓનો આશ્રય લીધા વિના શરીર પરની આસક્તિ છૂટતી નથી કે વિષય–કષાયો પર જોઈએ તેવો કાબૂ આવી શકતો નથી.

ભૂલો માટે દંડ રૂપ તપશ્ચર્યા કરવી એ પ્રાયશ્ચિત્ત નામે પહેલું અભ્યંતર તપ છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપનો તેમજ વિદ્યાદાતા ગુરુનો ઔપચારિક વિનય કરવો એ વિનય નામનું બીજું અભ્યંતર તપ છે.

આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન (માંદા કે અશક્ત), શૈક્ષ (નવદીક્ષિત), કુલ, ગણ, સંઘ અને સાધર્મિક એ દશની નિરાશંસ ભાવે એટલે કર્મક્ષયના હેતુથી શુશ્રૂષા કરવી એ વૈયાવૃત્ત્ય નામનું ત્રીજું અભ્યંતર તપ છે.

શાસ્ત્રોના પાઠ તથા અર્થની વાચના લેવી, તે સંબંધી પૃચ્છા કરવી, તેનું પરાવર્તન કરવું, તે સંબંધી ઊંડું ચિંતન કરવું તથા તેનો યોગ્ય અધિકારીને વિનિમય કરવો એ સ્વાધ્યાય નામનું ચોથું અભ્યંતર તપ છે.

મનના શુભ વિચારોમાં એકાગ્રતા કરવી એ પાંચમું ધ્યાન નામનું અભ્યંતર તપ છે અને ઉત્કૃષ્ટ ત્યાગ વૃત્તિથી રહેવું એ ઉત્સર્ગ નામનું છઠ્ઠું અભ્યંતર તપ છે.

ઘણા કઠિન અને નિકાચિત કર્મબંધનની નિર્જરા આ અભ્યંતર તપો વડેજ થાય છે.

## ૮. બંધ

આત્મા અને કર્મનું જોડાવું, આત્મા સાથે કાર્મણ-

વર્ગણા (સ્કંધો)નો સંબંધ થવો તેને બંધ કહેવામાં આવે છે. જેમ સુવર્ણ સ્વભાવથી શુદ્ધ હોવા છતાં માટીનાં મિશ્રણને લીધે મલિન બને છે, તેમ આત્મા કર્મનાં બંધને લીધે—કર્મનાં મિશ્રણને લીધે મલિન બને છે.

બંધ ચાર પ્રકારનો માનવામાં આવ્યો છે: (૧) પ્રકૃતિબંધ, (૨) સ્થિતિબંધ, (૩) અનુભાગબંધ અને (૪) પ્રદેશબંધ.

પ્રકૃતિબંધ એટલે કર્મનો સ્વભાવ નક્કી થવો. જેમકે અમુક કર્મનો બંધ થયો તે તેની જ્ઞાનશક્તિનો રોધ કરશે, અમુક કર્મનો બંધ થયો તે તેની દર્શનશક્તિનો રોધ કરશે, વગેરે.

સ્થિતિબંધ એટલે કર્મ કેટલા કાળ સુધી રહેશે તેનો નિર્ણય થવો. જેમકે આ જ્ઞાનાવરણીય કર્મ આત્માની સાથે અમુક કાળ સુધી સંબંધમાં રહેશે.

અનુભાગબંધ એટલે ફળ દેવાની શક્તિનો નિર્ણય થવો. જેમકે આ કર્મ તીવ્ર ફળ આપશે, આ કર્મ મંદ ફળ આપશે.

પ્રદેશબંધ એટલે કાર્મણવર્ગણાનો સંચય થવો.

ચારે પ્રકારના કર્મબંધ એકી સાથે એક અધ્યવસાયથી પડે છે. તેમાં જે અધ્યવસાય અતિ તીવ્ર હોય તેનો બંધ નિકાચિત એટલે અતિ ગાઢ પડે છે અને જે અધ્યવસાય, તીવ્ર, મંદ કે મંદતર હોય તેનો બંધ અનુક્રમે

નિધત્ત, સ્પૃષ્ટ અને બદ્ધ પડે છે. એટલે ઉત્તરોત્તર ઓછો ગાઢ પડતાં માત્ર અડકવા જેવો જ પડે છે.

## ૯. મોક્ષ

આત્માનો કર્મથી સર્વથા છુટકારો થવો તેને મોક્ષ કહેવામાં આવે છે. મુક્તિ, સિદ્ધિ, શિવગતિ, નિર્વાણ, પરમ-પદ, પરમાત્મપદ એ તેના પર્યાયશબ્દો છે. સંસારમાં નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર પ્રકારની ગતિ હોય છે, એટલે મોક્ષ પામવાની સ્થિતિને પંચમગતિ કહેવામાં આવે છે.

દીવા પરથી આવરણ ઉચકાઈ જતાં તેનો પૂર્ણ પ્રકાશ પ્રકટ થાય છે, તેમ આત્મામાંથી કર્મની મલિનતા સર્વાંશે દૂર થતાં તેના સર્વગુણો પૂર્ણ સ્વરૂપમાં પ્રકાશવા માંડે છે. કર્મરહિત આત્માને સિદ્ધ કહેવામાં આવે છે.

આત્માની સ્વાભાવિક ગતિ ઊર્ધ્વ છે, એટલે તે સર્વ કર્મોથી રહિત થતાં જ ઊર્ધ્વગતિ કરતો લોકના અગ્રભાગે પહોંચી જાય છે અને સિદ્ધશિલામાં સ્થિર થાય છે. તેથી આગળ અલોક છે, એટલે ત્યાં આત્માની ગતિ સંભવતી નથી. કોઈ તુંબડાને કપડું વીંટાળ્યું હોય અને તેના પર માટીનો લેપ કર્યો હોય, વળી તેના પર બીજું કપડું વીંટાળ્યું હોય ને ફરી માટીનો લેપ કર્યો હોય, એ રીતે આઠ વાર કપડું વીંટાળ્યું હોય ને આઠ વાર માટીનો લેપ કર્યો હોય તો એ તુંબડું તરવાના સ્વભાવવાળું હોવા છતાં પાણીમાં નાખવાથી તેના તળિયે જઈને બેસે છે. પછી

પાણીના ઘર્ષણથી જેમ જેમ તેનો લેપ ઉખડતો જાય છે અને કપડાનાં બંધનો તૂટતાં જાય છે, તેમ તેમ તે હળવું થતું જાય છે અને બધો લેપ–બધાં બંધનો દૂર થતાં જ તે ઊર્ધ્વગતિ કરતું પાણીની સપાટી પર આવી જાય છે, તેમ આત્મા કર્મનાં બંધનોને લીધે સંસારમાં ગમે ત્યાં રખડે છે પણ તેનાં સર્વ કર્મબંધનો દૂર થતાં સ્વાભાવિક ગતિ પ્રમાણે ઉપર મુજબ સિદ્ધશિલામાં પહોંચી જાય છે.

સિદ્ધગતિને શિવ, અચલ, અરુજ, અનંત, અક્ષય, અવ્યાબાધ અને અપુનરાવૃત્તિ માનવામાં આવે છે. શિવ એટલે ઉપદ્રવરહિત. અચલ એટલે સ્થિર. અરુજ એટલે વ્યાધિ–વેદના રહિત. અનંત એટલે અંતરહિત. અક્ષય એટલે જેનો અલ્પાંશે કે સર્વાંશે ક્ષય–નાશ થતો નથી. અવ્યાબાધ એટલે જ્યાં કર્મજન્ય પીડા નથી. નવાં કર્મબંધનનાં કોઈ પણ કારણો વિદ્યમાન નહિ હોવાથી સિદ્ધના આત્માને ફરી કર્મબંધ થતો નથી. અપુનરાવૃત્તિ એટલે જ્યાં ગયા પછી ફરી સંસારમાં પાછું આવવાનું હોતું નથી.

કેટલાક એમ માને છે કે સિદ્ધના જીવો જગતનું દુઃખ જોઈ તેનો ઉદ્ધાર કરવા પાછા સંસારમાં આવે છે ને દુઃખી જગતનો ઉદ્ધાર કરે છે, પણ જ્યાં વિચાર, લાગણી કે રાગદ્વેષજન્ય સંવેદનો જ નથી ત્યાં એવું શી રીતે બની શકે ? એટલે સિદ્ધ પરમાત્માના જીવો તો રાગ અને દ્વેષથી પર થઈને પોતાના અનંત જ્ઞાનમય સ્વભાવમાં જ રમણ કરનારા હોય છે.

જે જીવો ચાર ઘાતીકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે, તે અંત સમયે શેષ ચાર કર્મોનો ક્ષય કરી અવશ્ય મોક્ષગતિને પ્રાપ્ત કરે છે.

આ રીતે જૈન શાસ્ત્રોએ નવતત્ત્વમાં જાણવા જેવું બધું જણાવી દીધું છે અને તેમાંથી છોડવા યોગ્ય શું છે અને ગ્રહણ કરવા યોગ્ય શું છે? તેનો બોધ પણ કરાવી દીધો છે. જીવ જાણવા યોગ્ય છે, અજીવ જાણવા યોગ્ય છે, પુણ્ય કરવા યોગ્ય છે પણ આખરે છોડવા યોગ્ય છે, પાપ કરવા યોગ્ય નથી અને છોડવા યોગ્ય છે, આસ્રવ પણ છોડવા યોગ્ય છે, સંવર કરવા યોગ્ય છે, નિર્જરા કરવા યોગ્ય છે, બંધ કરવા યોગ્ય નથી, મોક્ષ મેળવવા યોગ્ય છે.

સંવર એ સંયમ છે અને નિર્જરા એ તપ છે, એટલે સંયમ અને તપ એ જ આખરે મનુષ્યને મુક્તિ સમીપે લઈ જનારાં બે મહાન તત્ત્વો છે અને તેથીજ જૈનો તેની યથાશક્તિ આરાધના–ઉપાસના કરે છે.

## પ્રકરણ છઠ્ઠું

# મિથ્યાત્વ

વસ્તુનું જે સ્વરૂપ હોય તે ન માનતાં બીજી રીતે માનવું તેને વિપરીત શ્રદ્ધાન કે મિથ્યાત્વ કહેવામાં આવે છે. આ મિથ્યાત્વના જુદી જુદી દૃષ્ટિએ જુદા જુદા પ્રકારો પડે છે, તેમાંથી પાંચ પ્રકારો, છ પ્રકારો અને દશ પ્રકારો ખાસ સમજવા યોગ્ય છે.

### પાંચ પ્રકારો

(૧) આભિગ્રહિક, (૨) અનભિગ્રહિક, (૩) આભિનિવેશિક, (૪) સાંશયિક અને (૫) અનાભોગિક.

મિથ્યાદર્શનની માન્યતાની પકડ તે આભિગ્રહિક મિથ્યાત્વ. તે સત્ય પક્ષના વિરોધી એવા મિથ્યાદર્શનીઓને હોય છે.

સારા ખોટાનો ભેદ ન કરવો તે અનભિગ્રહિક મિથ્યાત્વ. તે સત્યપક્ષના અવિરોધી મિથ્યાદર્શનીને હોય છે. 'સર્વ મતો કે સર્વદર્શનો સારાં છે, તેમાં અમુકને સારું

અને અમુકને ખોટું શા માટે માનવું?' આવો વિચાર તે આ બીજા પ્રકારનું મિથ્યાત્વ છે.

શાસ્ત્ર અનુસારે સત્ય જાણવા છતાં અભિનિવેશ એટલે ખોટી પકડને લઈને જૂઠું માનવું તે આભિનિવેશિક મિથ્યાત્વ. તે મુખ્યત્વે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલાને હોય છે. 'જ્ઞાનીઓની કહેલી વાત મેં જાણી પણ યુક્તિથી એ વાત ખોટી છે!' એમ માનવું તે આ ત્રીજા પ્રકારનું મિથ્યાત્વ છે.

સર્વજ્ઞ અને વીતરાગે પ્રરૂપેલા સિદ્ધાંતોમાં સંશય રાખવો તેને સાંશયિક મિથ્યાત્વ કહે છે. જિન ભગવંતોએ નરક અને નિગોદની વાત કહી છે, પણ તેવાં સ્થાનો ખરેખર હશે કે કેમ? એવા વિચારો કરવા તે આ ચોથા પ્રકારનું મિથ્યાત્વ છે.

અજાણપણાને લીધે કંઈ ન સમજાય તે અનાભોગિક મિથ્યાત્વ. પૃથ્વીકાય વગેરે એકેન્દ્રિય જીવોને અનાદિ કાળથી આ પ્રકારનું મિથ્યાત્વ લાગેલું હોય છે.

## છ પ્રકારો

(૧) લૌકિકદેવગત, (૨) લૌકિકગુરુગત, (૩) લૌકિકપર્વગત, (૪) લોકોત્તરદેવગત, (૫) લોકોત્તરગુરુગત અને (૬) લોકોત્તરપર્વગત.

રાગદ્વેષ, અજ્ઞાન, મોહ વગેરે દોષવાળા લૌકિક દેવોને માનવા–પૂજવા અને તેમણે પ્રવર્તાવેલા ધર્મમાર્ગને અનુસરવું તે લૌકિકદેવગતમિથ્યાત્વ.

અઢાર પાપસ્થાનકને સેવનાર તથા મહાવ્રતથી રહિતને ગુરુ માનવા, તેમના ઉપદેશ સાંભળવા અને તેમની પ્રશંસા કરવી તે લૌકિકગુરુગતમિથ્યાત્વ.

પૌદ્ગલિક સુખની ઇચ્છાવાળાએ પ્રવર્તાવેલા હોળી, બળેવ, શીતળાસાતમ વગેરે લૌકિક પર્વોને માનવા તે લૌકિકપર્વગતમિથ્યાત્વ.

અઢાર દોષથી રહિત* એવા અરિહંત ભગવાનને આલોક–પરલોકના પૌદ્ગલિક સુખની ઇચ્છાએ માનવા–પૂજવા, તેમની યાત્રાના નિયમો વગેરે રાખવા તે લોકોત્તર દેતગતમિથ્યાત્વ.

શુદ્ધ જ્ઞાન–દર્શન–ચારિત્રવાળા મુનિરાજને આલોક–પરલોકના સુખની ઇચ્છાથી વાંદવા–પૂજવા કે પ્રતિલાભવા તથા વેશધારી શિથિલાચારીઓને ગુરુબુદ્ધિએ માનવા–પૂજવા તે લોકોત્તરગુરુગતમિથ્યાત્વ.

ઓળી, આઠમ, ચૌદશ, જિનકલ્યાણક વગેરે લોકોત્તર પર્વના દિવસે આલોક અને પરલોકનાં સુખને અર્થે ઉપવાસ, આયંબિલ, એકાશન આદિ તપ કરવું તે લોકોત્તર પર્વગત મિથ્યાત્વ.

---

* અરિહંત દેવ નીચેના અઢાર દોષથી રહિત હોય છે: ૧. દાનાન્તરાય, ૨. લાભાન્તરાય, ૩. વીર્યાન્તરાય, ૪. ભોગાન્તરાય, ૬. ઉપભોગાન્તરાય, ૬, હાસ–હાસ્ય, ૭. રતિ, ૮. અરતિ, ૯. ભય, ૧૦. જુગુપ્સા, ૧૧. શોક, ૧૨. કામ, ૧૩. મિથ્યાત્વ, ૧૪. અજ્ઞાન, ૧૫. નિદ્રા, ૧૬. અવિરતિ, ૧૭. રાગ અને ૧૮. દ્વેષ,

## દશ પ્રકારો

(૧) અધર્મને ધર્મ માનવો. (૨) ધર્મને અધર્મ માનવો. (૩) ઉન્માર્ગને માર્ગ માનવો. (૪) માર્ગને ઉન્માર્ગ માનવો. (૫) અસાધુને સાધુ માનવા. (૬) સાધુને અસાધુ માનવા. (૭) અજીવને જીવ માનવો. (૮) જીવને અજીવ માનવો. (૯) અમુક્તને મુક્ત માનવો અને (૧૦) મુક્તને અમુક્ત માનવો.

મિથ્યાત્વના યોગે જીવને પાપકર્મનો બંધ પડે છે અને અનંત કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે એટલે તેનો વહેલામાં વહેલી તકે નાશ કરવો એ સુજ્ઞજનોનું કર્તવ્ય મનાય છે. જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે–

न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषम् ।
न मिथ्यात्वसमो रोगो, न मिथ्यात्वसमं तमः ॥

આ જગત્‌માં શત્રુઓ ઘણા હોય છે, પણ મિથ્યાત્વ જેવો કોઈ શત્રુ નથી; વિષ અનેક પ્રકારનું હોય છે, પણ મિથ્યાત્વ જેવું કોઈ વિષ નથી; રોગ અનેક પ્રકારના હોય છે, પણ મિથ્યાત્વ જેવો કોઈ રોગ નથી; અને અંધારું અનેક પ્રકારનું હોય છે, પણ મિથ્યાત્વ જેવું કોઈ અંધારું નથી.

## પ્રકરણ સાતમું

### સમ્યકત્વ

તત્ત્વશ્રદ્ધારૂપ જીવના પ્રશસ્ત પરિણામને સમ્યકત્વ કહેવામાં આવે છે. મિથ્યાત્વનો ત્યાગ થાય ત્યારે જ આ સ્થિતિ ઉત્પન્ન થાય છે; એટલે તેને મિથ્યાત્વનો વિરોધીભાવ સમજવો જોઈએ.

સંસારમાં જે જીવો સમ્યકત્વ પામે છે, તેમને જ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય થાય છે અને તેઓ જ છેવટે સમ્યક્ ચારિત્રનો લાભ પામી મુક્તિમાં જઈ શકે છે, તેથી સમ્યકત્વને મોક્ષમાર્ગનું પ્રથમ પગથિયું માનવામાં આવે છે. જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે સમ્યકત્વરૂપી રત્ન વિના બધાં વ્રતો સેનાપતિ વિનાની સેનાની જેમ તત્કાલ નાશ પામે છે. અનુકૂળ વાતાવરણ વિના જેમ ખેતી ફલદાયક થતી નથી, તેમ સમ્યકત્વ વિના બધી ક્રિયાઓ પ્રાયઃ અલ્પ ફલ આપનારી થાય છે.

સમ્યકત્વ ગુરુના ઉપદેશ વગેરે અધિગમથી પણ

થાય છે અને તેવાં કોઈ નિમિત્ત વિના સહજ પણ થાય છે. તેના ત્રણ, પાંચ અને દશ પ્રકારો સમજવા યોગ્ય છે.

## ત્રણ પ્રકારો

(૧) કારક, (૨) રોચક અને (૩) દીપક.

(૧) ગુરુના ઉપદેશથી તપજપ વગેરે ક્રિયામાં શ્રદ્ધા થવી તે કારક સમ્યકત્વ. (૨) શાસ્ત્રનાં ઉદાહરણ કે હેતુ જાણ્યા વિના રુચિમાત્રથી શ્રદ્ધા થવી તે રોચક સમ્યકત્વ અને (૩) પોતાની શ્રદ્ધા બરાબર ન હોય તો પણ બીજાને તત્ત્વ શ્રદ્ધા પમાડવી તે દીપક સમ્યકત્વ. આ ત્રીજું સમ્યકત્વ વ્યવહાર માત્રથી જ સમ્યકત્વ છે, પણ તાત્વિક રીતે સમ્યકત્વ નથી.

## પાંચ પ્રકારો

(૧) ઔપશમિક, (૨) ક્ષાયોપમશિક (૩) ક્ષાયિક, (૪) સાસ્વાદન અને (૫) વેદક.

૧. આત્માને વળગેલાં મિથ્યાત્વનાં દળોનું ઉપશામન થવાથી જે સમ્યકત્વ ઉત્પન્ન થાય તે ઔપશમિક. આ સમ્યકત્વ કચરો નીચે બેસી ગયેલાં જળ જેવું નિર્મળ હોય છે.

૨. આત્માને વળગેલાં મિથ્યાત્વનાં દળો અમુક અંશે ઉપશમવાથી અને અમુક અંશે ક્ષય પામવાથી જે સમ્યકત્વ ઉત્પન્ન થાય તે ક્ષાયોપશમિક. આ સમ્યકત્વ કચરાથી ડહોળાયેલા જળ જેવું કલુષિત હોય છે.

૩. આત્માને વળગેલાં મિથ્યાત્વનાં તમામ દલોનો ક્ષય થવાથી જે સમ્યકત્વ ઉત્પન્ન થાય તે ક્ષાયિક. આ સમ્યકત્વ શુદ્ધ પાણીનાં પુર જેવું હોય છે.

૪. સમ્યકત્વથી પતિત થયેલા પરંતુ મિથ્યાત્વને નહિ પામેલા જીવનું જે સમ્યકત્વ તે સાસ્વાદન. આ સમ્યકત્વ વમન થયેલા અન્નના અનુભવ જેવું હોય છે.

૫. ક્ષાયિક સમ્યકત્વ પ્રકટતાં પહેલાં સમ્યકત્વ મોહનીયનાં જે દલો વેદાય છે, તે વેદક સમ્યકત્વ.

## દશ પ્રકારો

(૧) નિસર્ગરુચિ, (૨) ઉપદેશરુચિ, (૩) આજ્ઞારુચિ, (૪) સૂત્રરુચિ, (૫) બીજરુચિ, (૬) અભિગમરુચિ, (૭) વિસ્તારરુચિ, (૮) ક્રિયારુચિ, (૯) સંક્ષેપરુચિ અને (૧૦) ધર્મરુચિ.

(૧) જે જીવ જિનેશ્વરોએ યથાર્થ અનુભવેલા ભાવોને પોતાની મેળે જાતિસ્મરણાદિ જ્ઞાનથી જાણીને 'તે એમ જ છે પણ અન્યથા નથી' એવી શ્રદ્ધા રાખે તેને નિસર્ગરુચિ કહેવાય.

(૨) કેવળી કે છદ્મસ્થ ગુરુઓ વડે કહેવાયેલા ઉપર્યુક્ત ભાવો પર શ્રદ્ધા રાખે તેને ઉપદેશરુચિ કહેવાય.

(૩) રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાનથી રહિત મહાપુરુષની આજ્ઞાથી તત્ત્વપર રુચિ ધરાવે તે આજ્ઞારુચિ કહેવાય.

(૪) જે અંગપ્રવિષ્ટ કે અંગબાહ્ય* સૂત્રો ભણીને તત્ત્વમાં રુચિવાળો થાય તેને સૂત્રરુચિ કહેવાય.

(૫) જેમ એક બીજ વાવવાથી અનેક બીજો ઉત્પન્ન થાય, તેમ એક પદથી કે એક હેતુથી કે એક દષ્ટાંતથી ઘણાં પદો, ઘણા હેતુઓ અને ઘણાં દષ્ટાંતો પર શ્રદ્ધાવાળો થાય, તેને બીજરુચિ કહેવાય.

(૬) જે અગિયાર અંગ, બારમો દષ્ટિવાદ અને બીજા સિદ્ધાંતોના અર્થને બરાબર જાણીને તત્ત્વ પર શ્રદ્ધા કરે તેને અભિગમરુચિ કહેવાય.

(૭) જે છ દ્રવ્યોને પ્રમાણ અને નય (આ બે જૈન ન્યાયના પારિભાષિક શબ્દો છે.) વડે જાણીને તત્ત્વ પર શ્રદ્ધા કરે, તેને વિસ્તારરુચિ કહેવાય.

(૮) જે અનુષ્ઠાનોને વિષે કુશલ હોય તથા ક્રિયા કરવામાં રુચિવાળો હોય તેને ક્રિયારુચિ કહેવાય.

(૯) જે થોડું સાંભળીને પણ તત્ત્વની રુચિવાળો થાય, તેને સંક્ષેપરુચિ કહેવાય. ઉપશમ, સંવર અને વિવેક એ ત્રણ પદો સાંભળીને જ ચિલાતીપુત્ર નામના એક પુરુષ તત્ત્વમાં રુચિવાળા થયા હતા.

---

* જિનેશ્વર દેવનો ઉપદેશ સાંભળીને ગણધર ભગવંતો જે સૂત્રની રચના કરે છે તેને અંગ કહેવાય છે. તેમાં જેનો સમાવેશ થાય તે અંગપ્રવિષ્ટ સૂત્રો અને બીજા પૂર્વધર મહર્ષિઓ વગેરેએ રચેલાં સૂત્રો તે અંગબાહ્ય સૂત્રો. શ્રી મહાવીર પ્રભુના ગણધરોએ ૧૧ અંગ અને બારમું દષ્ટિવાદ એમ દ્વાદશાંગીની રચના કરેલી છે.

(૧૦) જે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે પદાર્થોને કહેનારાં જિનવચનો સાંભળીને ધર્મ ઉપર શ્રદ્ધાવાળો થાય તેને ધર્મરુચિ કહેવાય.

આ દશ પ્રકારના આત્માઓનું સમ્યકત્વ તે એના દશ પ્રકાર સમજવા.

## સામાન્ય લક્ષણ

અઢાર દોષરહિત અરિહંત ભગવાનને દેવ માનવા, પાંચ મહાવ્રતધારી સાધુમુનિરાજને ગુરુ માનવા અને સર્વજ્ઞ ભગવંતોએ કહેલા દયામય–સ્યાદ્વાદમય ધર્મને ધર્મ માનવો એ સમ્યકત્વનું સામાન્ય લક્ષણ છે.

## વિશેષ લક્ષણ

શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય એ પાંચ તેનાં વિશેષ લક્ષણો છે.

શમ એટલે ક્રોધાદિ કષાયોનું ઉપશમન, સંવેગ એટલે મોક્ષનો અભિલાષ, નિર્વેદ એટલે ભવભ્રમણનો કંટાળો, અનુકંપા એટલે કરુણા કે દયાની ભાવના, અને આસ્તિકય એટલે વીતરાગ મહાપુરુષોનાં વચનમાં શ્રદ્ધા. તાત્પર્ય કે જે આત્મા સમ્યકત્વને પામ્યો હોય તેનામાં ક્રોધ, માન, માયા અને લોભ બહુ ઓછા હોય, તેને સંસારમાં વારંવાર જન્મ લેવો પડે એ સ્થિતિથી કંટાળો આવે, મોક્ષમાં જવાની ઇચ્છા નિરંતર જાગૃત રહે, હૃદય સામાન્ય રીતે અતિ દયાળુ હોય અને તેને વીતરાગ

મહાપુરુષોએ કહેલા સિદ્ધાંતો પર પૂરેપૂરી શ્રદ્ધા જામેલી હોય.

સમ્યકત્વની શુદ્ધિ માટે સત્સંગ જરૂરી છે. મિથ્યાત્વીઓના વિશેષ પરિચયમાં આવવાથી તેમાં અશુદ્ધિ દાખલ થાય છે અને કેટલીક વાર ભ્રષ્ટ થવાનો પ્રસંગ પણ આવે છે.

જેને સમ્યકત્વનો સ્પર્શ થયો તે આખરે મુક્તિ પામે છે અને શાશ્વત સુખનો અધિકારી થાય છે, તેથી જ કહ્યું છે કે **सद्दहमाणो जीवो वच्चइ अयरामरं ठाणं**–શ્રદ્ધાવાળો જીવ અજરામર સ્થાનને પામે છે.

## પ્રકરણ આઠમું

## ધર્માચરણ

જે વિચાર, વાણી કે વર્તનથી આત્મા દુર્ગતિમાં જતો અટકે અને સદ્ગતિમાં સ્થિર થાય તેને ધર્મ કહેવામાં આવે છે. અહીં દુર્ગતિ શબ્દથી નરક અને તિર્યંચ ગતિ તથા સદ્ગતિ શબ્દથી મનુષ્ય અને દેવગતિ તથા સિદ્ધિગતિ સમજવાની છે.

જગત્‌માં જે કંઈ શુભ કે સારું દેખાય છે તે ધર્મનો પ્રતાપ છે અને જે કંઈ અશુભ કે ખરાબ દેખાય છે તે અધર્મનો પ્રતાપ છે, એમ જૈન ધર્મનું દૃઢ મંતવ્ય છે. સૂતાં, ઊઠતાં, બેસતાં, પર્વતનાં મસ્તકે, જંગલમાં કે સર્વ સ્થળે ધર્મ જ મનુષ્યનું રક્ષણ કરે છે, માટે મનુષ્યે તેનું આરાધન અવશ્ય કરવું જોઈએ.

મનુષ્યજીવનમાં ધર્મનું બની શકે તેટલું આરાધન કરી લેવું એ ડહાપણ છે. તેમાં પણ આર્યદેશ, ઉત્તમ-

કુળ, પાંચે ઇન્દ્રિયની પૂર્ણતા, દીર્ઘ આયુષ્ય અને બીજા સંયોગો પણ અનુકૂળ હોય તો ધર્મનું આરાધન વિશેષ પ્રકારે કરવું જોઈએ. જેઓ મનુષ્યભવ પ્રાપ્ત થવા છતાં ધર્મનું કંઈ આરાધન કરતા નથી અને બધું જીવન મોજ-શોખમાં, ભોગવિલાસમાં કે સાંસારિક પ્રવૃત્તિઓમાં જ પૂર્ણ કરે છે તે કાગડાને ઉડાડવા માટે ચિંતામણિ રત્નનો ઘા કરી રહ્યા છે અથવા સોનાની થાળીમાં સુંદર રસવતી પીરસવાને બદલે ધૂળ ફેંકી રહ્યા છે.

ધર્મના મુખ્યત્વે બે પ્રકારો પાડવામાં આવ્યા છે : (૧) સાધુધર્મ અને (૨) ગૃહસ્થધર્મ. તેમાં સાધુ-ધર્મનું મુખ્ય લક્ષણ સર્વવિરતિ (સર્વાંશે ત્યાગ) અને ગૃહસ્થધર્મનું મુખ્ય લક્ષણ દેશવિરતિ ( આંશિક ત્યાગ ) છે.

## સાધુધર્મ

જે આત્મા સંસારથી વૈરાગ્ય પામી સદ્ગુરુનાં શરણે જાય અને સદ્ગુરુ તેને યોગ્ય જાણી સર્વવિરતિરૂપ પંચ મહાવ્રત ધારણ કરાવે તેને યતિ, અણગાર, મુનિ, ભિક્ષુ, નિર્ગ્રંથ કે સાધુ કહેવામાં આવે છે.

કોઈ પણ જાતનું પાપકર્મ મન, વચન અને કાયાથી કરવું નહિ, કરાવવું નહિ તથા કરતાને અનુમોદન આપવું નહિ, એમ નવકોટિએ ત્યાગ કરવાથી સર્વવિરતિ પ્રત્યાખ્યાન થયું કહેવાય છે.

પાંચ મહાવ્રતોનાં નામો નીચે મુજબ છે: (૧) પ્રાણાતિપાતવિરમણવ્રત, (૨) મૃષાવાદવિરમણવ્રત. (૩) અદત્તાદાનવિરમણવ્રત, (૪) મૈથુનવિરમણવ્રત અને (૫) પરિગ્રહવિરમણવ્રત. તેમાં પ્રાણાતિપાતવિરમણવ્રતથી સર્વ પ્રકારની હિંસાનો ત્યાગ કરવામાં આવે છે, મૃષાવાદ વિરમણવ્રતથી સર્વ પ્રકારનાં અસત્યનો ત્યાગ કરવામાં આવે છે, અદત્તાદાનવિરમણથી કોઈએ ન દીધી હોય તેવી નાની મોટી સર્વ વસ્તુઓનો ત્યાગ કરવામાં આવે છે, મૈથુનવિરમણવ્રતથી બ્રહ્મચર્યનું શુદ્ધ પાલન કરવામાં આવે છે અને પરિગ્રહવિરમણવ્રતથી સર્વ પ્રકારની માલમિલકતનો ત્યાગ કરવામાં આવે છે. આ પાંચ મહાવ્રત સાથે છઠ્ઠું રાત્રિભોજનવિરમણવ્રત પણ અવશ્ય લેવામાં આવે છે, એટલે સાયંકાળથી માંડીને બીજા દિવસના સૂર્યોદય સુધી જૈન સાધુઓ કોઈ પણ પ્રકારના આહારપાણીનો ઉપયોગ કરતા નથી.

પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ સાધુને ચારિત્રનું ઘડતર કરવામાં મદદ કરે છે તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યને લગતા આચારનિયમો તેની મુક્તિસાધનાને શીઘ્ર બનાવે છે.

ચોમાસાના ચાર માસ સિવાય બાકીના સમયમાં જુદાં જુદાં સ્થળે વિચરતા રહેવું, ભિક્ષાથી જ નિર્વાહ કરવો, સદા સમતામાં રહેવું અને ધર્મોપદેશ કરવો એ સાધુજીવનની ચર્યા છે.

## ગૃહસ્થધર્મ

સમ્યકત્વપૂર્વક બાર વ્રતોનું પાલન કરવું તેને ગૃહસ્થ-ધર્મ કહેવામાં આવે છે. તે નીચે મુજબઃ—

૧ સ્થૂલપ્રાણાતિપાતવિરમણવ્રત એટલે કોઈ પણ નિરપરાધી ત્રસ જીવને નિરપેક્ષપણે સંકલ્પીને મારવો નહિ. ત્રસ જીવોની બને તેટલી જયણા કરવી.

૨ સ્થૂલમૃષાવાદવિરમણવ્રત એટલે કન્યા, ગાય, ભૂમિ વગેરે સંબંધી ખોટું કહીને કોઇને છેતરવા નહિ, કોઈની થાપણ ઓળવવી નહિ તથા કોર્ટકચેરીમાં ખોટી સાક્ષી આપવી નહિ.

૩ સ્થૂલઅદત્તાદાનવિરમણવ્રત એટલે ખાતર પાડીને, ગાંઠ છોડીને, ધાડ પાડીને, તાળા પર કુંચી કરીને કે બીજી રીતે પરાઈ વસ્તુ પોતાની કરવી નહિ.

૪. સ્વદારાસંતોષ—પરદારાગમનવિરમણવ્રત એટલે પોતાની સ્ત્રીથી સંતોષ પામવો અને બીજાની સ્ત્રીનું સેવન કરવું નહિ.

૫ પરિગ્રહપરિમાણવ્રત એટલે ધન, ધાન્ય, ક્ષેત્ર (જમીન), વાસ્તુ (મકાનો), રૂપું, સોનું , કૌપ્ય ( ધાતુનાં વાસણો તથા રાચરચીલું), દ્વિપદ (નોકર–ચાકર) અને ચતુષ્પદ (ઢોર–ઢાંખર) અમુક પ્રમાણથી વધારે રાખવાં નહિ.

આ પાંચ વ્રતોને પાંચ અણુવ્રત કહેવામાં આવે છે.

૬ દિક્‌પરિમાણવ્રત એટલે સંસાર–વ્યવહારનાં કાર્ય અંગે અમુક દિશામાં અમુક અંતરથી વધારે જવું નહિ.

૭ ભોગોપભોગપરિમાણુવ્રત એટલે ભોગ અને ઉપભોગની વસ્તુની મર્યાદા કરવી. અહીં ભોગ શબ્દથી એકવાર ભોગવાય તેવી અન્ન–પાન વગેરે વસ્તુઓ અને ઉપભોગ શબ્દથી વારંવાર ભોગવાય તેવી મકાન, ખુરશી વગેરે વસ્તુઓ સમજવાની છે. આ વ્રતમાં ઘણી હિંસા થાય તેવા ધંધાઓનો પણ યથાશક્તિ ત્યાગ કરવામાં આવે છે.

૮ અનર્થદંડવિરમણવ્રત એટલે જીવનધારણ અંગે, ખાસ જરૂરની ન હોય તેવી સઘળી પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો. તે એ રીતે કરવામાં આવે છે કે અપધ્યાન (આર્તધ્યાન–રૌદ્રધ્યાન) કરવું નહિ, પ્રમાદાચરણ સેવવું નહિ, હિંસક હથિયારો સજીને રાખવા નહિ કે બીજાને આપવાં નહિ અને અન્યને પાપકર્મનો ઉપદેશ કરવો નહિ.

છઠ્ઠા, સાતમા તથા આઠમા વ્રતને ગુણવ્રત કહેવામાં આવે છે, કારણ કે તે અહિંસા, સત્ય, અદત્તાદાન, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ મૂળ ગુણોની પુષ્ટિ કરનારાં છે.

૯ સામાયિક વ્રત એટલે સર્વ પાપ કર્મનો મન, વચન, કાયાથી અડતાલીસ મીનીટ સુધી ત્યાગ કરી ધર્મધ્યાન કે સ્વાધ્યાયમાં વખત ગાળવો.

૧૦ દેશાવકાશિક એટલે દિક્‌પરિમાણ, ભોગોપભોગપરિમાણવ્રત વગેરેમાં જે સામાન્ય મર્યાદાઓ રાખી હોય તેનો એક દિવસ પૂરતો સંકોચ કરવો. તે

માટે નીચેની ચૌદ વસ્તુઓનું પરિમાણ કરવામાં આવે છેઃ ૧ સચિત્ત વસ્તુઓ, ૨ દ્રવ્ય (ખાવાના પદાર્થો) ૩ વિકૃતિ (વિગય) ૪ ઉપાનહ (જોડાં–ચંપલ), ૫ તંબોલ, ૬ વસ્રો, ૭ પુષ્પો, ૮ વાહન, ૯ શયન (પલંગ–પથારી), ૧૦ વિલેપન (શરીરે લગાડવાની વસ્તુઓ), ૧૧ બ્રહ્મચર્ય ૧૨ દિશાઓમાં જવાનું માપ, ૧૩ સ્નાન અને ૧૪ ભોજન. ઉપલક્ષણથી પૃથ્વીકાય આદિ પાંચનું તથા અસિ, મસી અને કૃષિનું પણ પરિમાણ કરવામાં આવે છે.

૧૧ પોષધોપવાસ એટલે પર્વ તિથિએ આહાર, શરીર-સત્કાર, ગૃહવ્યાપાર તથા અબ્રહ્મચર્યનો ત્યાગ કરી ગુરુની નિષ્ઠામાં રહેવાપૂર્વક ધર્મનું પોષણ થાય તેવી પ્રવૃતિ કરવી. આ વ્રત એ સામાયિકનો જ વિસ્તાર છે, એટલે રાત્રિપોષધમાં ૧૨ કલાકનું સામાયિક થાય છે અને અહોરાત્રિ પોષધમાં ૨૪ કલાકનું સામાયિક થાય છે.

૧૨ અતિથિસંવિભાગવ્રત એટલે જેની આવવાની કોઇ તિથિ નિયત નથી એવા સાધુ મુનિરાજોને શુદ્ધ વસ્તુઓનું દાન આપવું.

છેલ્લા ચાર વ્રતોને શિક્ષાવ્રત કહેવામાં આવે છે, કારણ કે તે સર્વવિરતિની શિક્ષા આપનારાં છે.

## માર્ગાનુસરણ

જે આત્માઓ વિરતિભાવમાં આવેલા નથી એટલે મહાવ્રતો કે અણુવ્રતોનું પાલન કરી શકે તેવા નથી

પણ ધર્મમાર્ગનું અનુસરણ કરવાની વૃત્તિવાળા છે, તેમને માટે નીચેના ૩૫ નિયમો ઉપયોગી માનવામાં આવ્યા છેઃ

૧ ન્યાયથી ધન મેળવવું. ૨ શિષ્ટાચારની પ્રશંસા કરવી. ૩ સરખા કુલ અને સરખા આચારવાળા પણ અન્ય ગોત્રીથી વિવાહ કરવો. ૪. પાપભીરુ થવું. ૫ પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે વર્તવું. ૬ કોઈના અવર્ણવાદ બોલવા નહિ. ૭ યોગ્ય સ્થાનમાં ઘર બાંધીને રહેવું. ૮ સારાં આચરણવાળાં પુરુષોની સોબત કરવી. ૯ માતાપિતાની ભક્તિ કરવી. ૧૦ ઉપદ્રવવાળાં સ્થાનનો ત્યાગ કરવો. ૧૨ નિંદિત કામમાં પ્રવર્તવું નહિ. ૧૨ આવક પ્રમાણે ખર્ચ રાખવો. ૧૩ ધનને અનુસરતો વેષ રાખવો. ૧૪ બુદ્ધિના આઠ ગુણોને સેવવા. ૧૫ નિત્ય ધર્મને સાંભળવો. ૧૬ જમેલું ભોજન પચી ગયા પછી બીજું ભોજન કરવું. ૧૭ ખરી ભૂખ લાગે ત્યારે જ ખાવું. ૧૮ ધર્મ, અર્થ અને કામ એ ત્રણે વર્ગને પરસ્પર બાધા ન આવે તે રીતે સાધવા. ૧૯ અતિથિ તથા દીન દુઃખીને અન્નપાન આપવાં. ૨૦ નિરંતર અભિનિવેશ (હઠ–કદાગ્રહ) રહિત રહેવું. ૨૧ ગુણી પુરુષોનો પક્ષપાત કરવો. ૨૨ નિષિદ્ધ દેશકાલનો ત્યાગ કરવો. ૨૩ પોતાની શક્તિ અનુસાર કામનો આરંભ કરવો. ૨૪ માતા, પિતા, સ્રી, પુત્ર વગેરે પોષણ કરવા યોગ્યનું પોષણ કરવું. ૨૫ વ્રતધારી અને જ્ઞાનવૃદ્ધોની સેવા કરવી. ૨૭ દીર્ઘદર્શી થવું. ૨૭ વિશેષજ્ઞ થવું. ૨૮ કૃતજ્ઞ થવું. ૨૯ લોકપ્રિય થવું. ૩૦ લજ્જાળુ થવું. ૩૧ દયાળુ થવું. ૩૨ સૌમ્ય આકૃતિ રાખવી. ૩૩ પરોપકારી

થવું. ૩૪ અંતરના કામક્રોધાદિ છ શત્રુનો જય કરવો. ૩૫ ઇંદ્રિયોને વશમાં રાખવી.

માર્ગાનુસરણને સામાન્ય ગૃહસ્થ ધર્મ પણ કહેવામાં આવે છે. આજની પરિભાષામાં કહીએ તો સારા નાગરિક થવા માટેના સર્વ નિયમોનો એમાં સમાવેશ થાય છે.

આ રીતે જૈન ધર્મમાં ઉત્તમ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણે પ્રકારનો માર્ગ બતાવવામાં આવ્યો છે, એટલે સહુ કોઈ પોતપોતાની શક્તિ પ્રમાણે તેનું આચરણ કરી પોતાની પ્રગતિ સાધી શકે છે અને છેવટે મોક્ષસુખના અભિલાષી થઈ માનવજીવનનું મુખ્ય ધ્યેય પાર પાડી શકે છે.

## પ્રકરણ નવમું

# ચાર દુર્લભ વસ્તુઓ

આ સંસારમાં પ્રાણીઓને ચાર વસ્તુની પ્રાપ્તિ ઘણી દુર્લભ છે: મનુષ્યત્વ, શ્રુતિ, શ્રદ્ધા અને સંયમને વિષે પુરુષાર્થ.

મનુષ્યત્વ એટલે મનુષ્યપણું, મનુષ્યનો અવતાર કે મનુષ્યનો ભવ. તે ઘણા કાળે અને ઘણાં કષ્ટે પ્રાપ્ત થાય છે.

પ્રથમ આ જીવ અવ્યવહાર રાશિમાં એટલે નિગોદમાં ×અનંતકાળ સુધી પરિભ્રમણ કરે છે કે જ્યાં આંગ-

---

×આગળ નવતત્ત્વનાં પ્રકરણમાં જીવના સ્થાવર અને ત્રસ એવા બે ભેદો બતાવેલા છે અને તેમાં સ્થાવર જીવોના પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય એવા પાંચ પ્રકારો દર્શાવેલા છે. આ વનસ્પતિકાયના બે પ્રકારો છે: એક પ્રત્યેક વનસ્પતિ અને બીજી સાધારણ વનસ્પતિ. તેમાં પ્રત્યેક વનસ્પતિમાં ફળ, ફૂલ, છાલ, લાકડું, મૂળ, પાંદડા અને બીજ એ દરેક શરીરમાં એક એક જીવ હોય છે અને સાધારણ વનસ્પતિમાં એક શરીરમાં અનંત જીવો હોય છે, ત્યાં આ નિગોદનું સ્થાન મનાયેલું છે.

ળના અસંખ્યાતમા ભાગ જેટલા દેહમાનવાળા જીવોનું એકજ શરીર હોય છે અને જ્યાં એક શ્વાસોચ્છ્વાસ જેટલા સમયમાં ૧૭ થી ૧૮ વખત જન્મ–મરણ થાય છે. આ સ્થિતિમાં તેને કેટલું કષ્ટ ભોગવવું પડતું હશે? તેનો વિચાર કરો.

આ રીતે નિગોદમાં અત્યંત કષ્ટ ભોગવતાં અશુભ કર્મનો ભાર કંઈક ઓછો થાય÷ ત્યારે જીવ વ્યવહાર-રાશિમાં પ્રવેશ કરે છે અને બાદર નિગોદ, પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય તથા પ્રત્યેક વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં પણ અસંખ્યાતા કાળ સુધી ઘણું કષ્ટ ભોગવે છે. આ રીતે કર્મો કંઈક અંશે ઓછા થાય એટલે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય કે ચઉરિં-દ્રિયમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં પણ વિવિધ વેદનાઓ સહન કરીને અસંખ્યાતો કાળ પરિભ્રમણ કરે છે. એમ કરતાં કર્મોનું પ્રમાણ અમુક અંશે ઓછું થતાં પંચેન્દ્રિય-પણું પામે છે અને તેમાં પણ ભયંકર દુઃખોથી ભરેલા નારક તથા તિર્યંચના અનેક ભવો ફર્યા પછી મનુષ્યપણું પામે છે, એટલે મનુષ્યપણું કે મનુષ્યનો ભવ એ કોઈ સરલ વસ્તુ નથી પણ અત્યંત દુર્લભ વસ્તુ છે.

---

÷અનિચ્છાએ કષ્ટ ભોગવતાં કર્મનો અમુક ભાર હળવો થાય છે, તેને અકામ નિર્જરા કહેવામાં આવે છે, જ્યારે ઇચ્છાપૂર્વક–સમજણપૂર્વક કષ્ટ ભોગવતાં ઘણાં કર્મો નાશ પામે છે, તેને સકામ નિર્જરા કહેવામાં આવે છે.

જો આ મનુષ્યભવ પામ્યા પછી ધર્મનું આચરણ કરવામાં આવે તો ફરી મનુષ્યપણું કે દેવપણું પ્રાપ્ત થાય છે અથવા સકળ કર્મથી મુક્ત થઈ, સિદ્ધ, બુદ્ધ, નિરંજન થઈ શકાય છે, પણ ધર્મનું આચરણ ન કર્યું તો નરક અને તિર્યંચગતિમાં વારંવાર ઉત્પન્ન થવું પડે છે અને ફરીને મનુષ્યનો ભવ પ્રાપ્ત કરતાં ઘણો સમય નીકળી જાય છે. તે માટે (૧) ચોલ્લક, (૨) પાસા, (૩) ધાન્ય, (૪) જુગાર, (૫) રત્ન, (૬) સ્વપ્ન, (૭) ચક્ર, (૮) ચર્મ, (૯) યુગ અને (૧૦) પરમાણુ એ દશ દૃષ્ટાંતો સમજવા યોગ્ય છે.

(૧) **ચોલ્લક** એટલે ચૂલો, ઉપલક્ષણથી ભોજન. એક વખત ચક્રવર્તી બ્રહ્મદત્તે પ્રસન્ન થઇને કોઈ બ્રાહ્મણને ઇચ્છિત વસ્તુ માગવાનું કહ્યું. ત્યારે તે બ્રાહ્મણે પોતાની સ્ત્રીની સલાહથી એવું વચન માગ્યું કે 'તમારાં રાજ્યમાં રહેલું દરેક ઘર મને વારાફરતી જમાડે.' એ વચન ચક્રવર્તી બ્રહ્મદત્તે કબૂલ રાખ્યું અને પહેલાં દિવસે પોતાને ત્યાં જમવાનું નિમંત્રણ કર્યું. એ વખતે તેને અત્યંત સ્વાદિષ્ટ એવી અનેક વસ્તુઓ પીરસવામાં આવી અને તે બ્રાહ્મણને ખૂબજ ભાવી. ત્યાર પછી તે જુદાં જુદાં ઘરોમાં ભોજન કરવા લાગ્યો પણ કોઈ સ્થળે પહેલાં ભોજનનો સ્વાદ આવ્યો નહિ. હવે તે બ્રાહ્મણ વિચાર કરવા લાગ્યો કે 'ચક્રવર્તીનું ભોજન મને ફરી કયારે મળે?' તો એ બ્રાહ્મણને ફરી ચક્રવર્તીનું ભોજન મળે ખરૂં? અહીં

વિચારવાનું એ છે કે ચક્રવર્તીનું રાજ્ય છ ખંડ ધરતીમાં ફેલાયેલું હોય છે, અને તેમાં ક્રોડો ઘર હોય છે. બધાં ઘરમાં ભોજન કર્યા પછી જ ચક્રવર્તીનો ફરી વારો આવે, એટલે ફરીને ચક્રવર્તીનું ભોજન મળવું અતિ દુર્લભ છે, તેમ એક વાર ચાલ્યું ગયેલું મનુષ્યપણું ફરી પ્રાપ્ત કરવું અતિ દુર્લભ છે.

(૨) **પાસા** : એક રાજ્યના કોઈ મંત્રીએ કળવાળા પાસા તૈયાર કરાવ્યા એટલે તેને ઇચ્છા પ્રમાણે સવળા કે અવળા પાડી શકાતા હતા. પછી નગરમાં ઉદ્ઘોષણા કરાવી કે જે કોઈ મને પાસાની રમતમાં જીતી જશે તેને સોનામહોરથી ભરેલો થાળ અર્પણ કરીશ, અન્યથા હારી જનારે મને એક સોનાની મહોર આપવી.' આ ઉદ્ઘોષણા સાંભળીને ઘણા માણસો પાસાની રમત રમવા આવ્યા અને ફરી ફરીને એ રમત રમતાં પોતાની બધી મૂડી ગુમાવી બેઠા. હવે તે માણસોને પોતાની ગયેલી મૂડી પાસાની રમત રમીને પાછી મેળવવી હોય તો મેળવી શકે ખરા? એ કામ જેટલું દુર્લભ છે, તેટલુંજ મનુષ્યપણું ફરી પ્રાપ્ત કરવું દુર્લભ છે.

(૩) **ધાન્ય** : ભારતવર્ષ જેવા કોઈ દેશમાં સુકાલને સમયે જેટલું ધાન્ય પાકયું હોય તેનો એક ઢગલો કરવામાં આવે અને તેમાં એક પાલી જેટલા સરસવ ભેળવી એક ઘરડી ડોસીને તે સરસવના દાણા વીણવા બેસાડી હોય તો એ બધા દાણા વીણીને ભેગા કરી શકે ખરી? એ દાણા

ફરીને ભેગા કરવાનું કામ જેટલું દુર્લભ છે, તેવું જ મનુષ્યપણું ફરી પ્રાપ્ત કરવાનું કામ દુર્લભ છે.

(૪) **જુગાર :** એક રાજકુમાર ગાદીના લોભે વૃદ્ધ પિતાનું ખૂન કરવા તૈયાર થયો, ત્યારે પિતાએ યુક્તિ વાપરીને કહ્યું કે આપણા કુલની રીત એવી છે કે જે યુવરાજ હોય તે પિતા સાથે જુગાર રમે અને તે એમાં જીતી જાય કે તરત જ તેને ગાદીએ બેસાડવામાં આવે. આ સાંભળી રાજકુમાર જુગાર રમવા તૈયાર થયો પણ તેમાં શરત એવી હતી કે રાજાની ૧૦૦૮ સ્થંભોવાળી રાજસભાને જીતવી. આ રાજસભાના દરેક સ્થંભને ૧૦૮ હાંસો હતી અને એક વાર જીતે તો તેની એક હાંસ જીતી ગણાય, પણ તેમાં હારી જાય તો જીતેલું બધું ચાલ્યું જાય. હવે આ રીતે જુગાર રમતાં પેલો રાજકુમાર આખી રાજસભાને જીતી શકે ખરો ? એ કાર્ય જેટલું દુર્લભ છે, તેટલું મનુષ્યપણું ફરી પામવું દુર્લભ છે.

(૫) **રત્ન :** એક વેપારીએ દરિયાપાર જઈ ઘણું ધન પેદા કર્યું હતું અને તેમાં કેટલાંક રત્નો ખરીદ્યાં હતાં. તે રત્નો લઈ પાછા ફરતાં દરિયામાં તોફાન થયું, વહાણો ભાંગી ગયા અને પોતાનો બચાવ કરતાં સર્વ રત્નો પાણીમાં સરકી ગયાં. પછી એક પાટિયાના આધારે તે સાગરકિનારે પહોંચ્યો અને સ્વસ્થ થયા પછી પેલાં રત્નો મેળવવાને તૈયાર થયો. તો એ વેપારી શું ગયેલાં રત્નો પાછાં મેળવી શકે ખરો ? એ કાર્ય જેટલું દુર્લભ છે, તેટલું જ મનુષ્યપણું ફરી પ્રાપ્ત કરવાનું કાર્ય દુર્લભ છે.

(૬) **સ્વપ્ન** : એક રાજકુમાર પિતાથી રિસાઈને પરદેશ ખેડી રહ્યો હતો, ત્યારે એક ધર્મશાળામાં સૂતી વખતે તેને સ્વપ્ન આવ્યું કે પૂર્ણિમાનો ચંદ્ર મારા મુખમાં પેઠો. આ વખતે નજીકમાં એક ભિખારી સૂતો હતો, તેને પણ એવું જ સ્વપ્ન આવ્યું. હવે તે રાજકુમારે એ સ્વપ્નનું ફળ એક સ્વપ્નપાઠકને પૂછ્યું. તેણે કહ્યું કે 'આ સ્વપ્નનાં ફળ રૂપે તમને સાત દિવસનું મોટું રાજ્ય મળશે." અને તે પ્રમાણે એ રાજકુમારને કોઈ અપુત્રિયો રાજા મરણ પામતાં હાથણી દ્વારા કળશ ફેરવાતાં રાજ્ય મળ્યું. પેલા ભિખારીએ પોતાનાં સ્વપ્નનું ફળ એક બાવાજીને પૂછ્યું. તેણે કહ્યું કે 'બચ્ચા! આ સ્વપ્નને પ્રતાપે તને આજે પૂર્ણિમાના ચંદ્ર જેવો એક લાડુ મળશે.' અને તેને એ પ્રમાણે લાડુ મળ્યો. હવે થોડા દિવસ પછી એ ભિખારીને ખબર પડી કે આવું જ સ્વપ્ન આવવાથી મારી પાસે સૂતેલા રાજકુમારને ગાદી મળી, એટલે તે પેલી ધર્મશાળામાં આવીને સૂવા લાગ્યો અને ફરી પૂર્ણિમાના ચંદ્રનું સ્વપ્ન આવે તેની રાહ જોવા લાગ્યો. હવે એવું સ્વપ્ન એને ફરીને ક્યારે આવે? અને આવે તો પણ રાજ્યગાદી અપાવનારું બને ખરું? આ રીતે સ્વપ્ન અને તેનાં ફળની પ્રાપ્તિ થવાનું કાર્ય જેટલું દુર્લભ છે, તેવું જ મનુષ્યપણાને ફરી પ્રાપ્ત કરવાનું કાર્ય દુર્લભ છે.

(૭) **ચક્ર** : અહીં ચક્રથી રાધાવેધ સમાજવાનો છે. એક મોટા સ્થંભને મથાળે યંત્રના પ્રયોગથી એક પૂતળી

ચકર ચકર કરતી હોય તેને રાધા કહે છે. તેની નીચે ચાર ચક્રો જમણી બાજુથી અને ચાર ચક્રો ડાબી બાજુથી ફરતા હોય છે. છેક તળિયે કડકડતા તેલની એક કડાઈ હોય છે અને તેમાં આ આઠે ચક્રનું તથા રાધાનું પ્રતિબિંબ પડતું હોય છે. તે સ્થંભના મધ્ય ભાગે એક ત્રાજવું હોય છે. તેના બે પલ્લામાં પગ રાખીને ઊભા રહેવું અને નીચેની કડાઇમાં નજર રાખી, તેમાં જે પ્રતિબિંબ જણાય તેના આધારે બાણ છોડીને રાધાની ડાબી આંખ વીંધવી તેને રાધાવેધ કહેવાય. આ કાર્ય જેટલું દુર્લભ છે, તેટલીજ મનુષ્યભવની ફરી પ્રાપ્તિ દુર્લભ છે.

(૮) **ચર્મ** : અહીં ચર્મ શબ્દથી ચામડા જેવી જાડી સેવાળ સમજવાની છે. એક ધરાનું પાણી ચામડા જેવી જાડી સેવાળથી ઢંકાયેલું હતું. હવે એક વાર વાદળ વિનાની પૂર્ણિમાની રાત્રિએ પવનના ઝપાટાથી એ સેવાળમાં કાણું પડયું અને તેજ વખતે એક કાચબો ત્યાં આવી ચડયો, તેણે એ કાણામાંથી ચંદ્રનાં દર્શન કર્યાં અને તે ઘણાંજ મનોહર લાગ્યાં. આ વાત તેણે પોતાના કુટુંબીજનોને કરી, એટલે તેમણે પણ એવાં દર્શન કરવાની ઇચ્છા વ્યક્ત કરી, પરંતુ તે વખતે પવનના ઝપાટાથી પેલું છિદ્ર પૂરાઈ ગયું હતું. હવે કાચબો પોતાનાં કુંટુંબીજનોને પોતે કર્યાં હતાં તેવાં ચંદ્રદર્શન કરાવી શકે ખરો ? અહીં વિચારવાનું એ છે કે ફરી સેવાળમાં કાણું ક્યારે પડે ? પડે તો એ જ જગાએ પડે કે કેમ ? વળી તે જ

દિવસ પૂર્ણિમાનો હોય કે કેમ? અને કદાચ દિવસ પૂર્ણિમાનો હોય તો વાદળાં વિનાનો હોય કે કેમ? આ રીતે બધો યોગ પ્રાપ્ત થવો અતિ દુર્લભ છે, તેમ મનુષ્યપણાનો ફરી યોગ પામવો અતિ દુર્લભ છે.

(૯) **યુગ :** અહીં યુગ શબ્દથી ધોંસરી સમજવાની છે. તેના બે છેડે કાણાં હોય છે અને તેમાં લાકડાના નાના દંડુકા ભેરવવામાં આવે છે, જેને દેશી ભાષામાં સમોલ કહે છે. બળદ આઘોપાછો ન થાય તે માટે આ જાતની ગોઠવણ હોય છે. હવે સમુદ્રના એક છેડેથી આવી ધોંસરી તરતી મૂકી હોય ને બીજા છેડેથી સમોલ તરતી મૂકી હોય તો એ ધોંસરીમાં એ સમોલનો પ્રવેશ થઈ શકે ખરો? એ કાર્ય જેટલું દુષ્કર છે, તેટલું જ મનુષ્યપણાને ફરી પ્રાપ્ત કરવાનું કાર્ય દુષ્કર છે.

(૧૦) **પરમાણુ :** એક સ્થંભનું અત્યંત બારીક ચૂર્ણ કરવામાં આવે અને તેને એક નળીમાં ભરીને હિમાલય જેવા ઊંચા પર્વતની ટોચ ઉપર ઊભા રહીને જબ્બર ફુંક વડે હવામાં ઉડાડવામાં આવે તો તેના પરમાણુઓ આકાશમાં અહીં તહીં વિખરાઇ જાય. હવે એ પરમાણુઓ પાછા એકઠા કરીને તેનો સ્તંભ બનાવવો હોય તો બની શકે ખરો? એ કાર્ય જેટલું દુર્લભ છે, તેટલું જ મનુષ્યપણું ફરી પ્રાપ્ત થવું દુર્લભ છે.

આ રીતે દશ દૃષ્ટાંતે દુર્લભ એવું મનુષ્યપણું પ્રાપ્ત થયા પછી પણ શ્રુતિ એટલે ધર્મશ્રવણ કરવાનો યોગ

પ્રાપ્ત થવો અતિ દુર્લભ છે. જે લોકો અનાર્ય દેશમાં જન્મે છે, તેમને ધર્મ શ્રવણ કરવાનો યોગ ભાગ્યે જ પ્રાપ્ત થાય છે, કારણ કે ત્યાં ધર્મનું શ્રવણ કરાવે તેવા સુસાધુઓનો યોગ હોતો નથી. આર્યદેશમાં પણ જેઓ કોળી, વાઘરી, ભીલ, શિકારી, ખાટકી, કસાઈ, ચમાર, ચોર, વેશ્યા, વિટ, જુગારી વગેરેનાં કુળમાં જન્મ્યા છે, તેમને ધર્મશ્રવણની બુદ્ધિ ભાગ્યે જ થાય છે, અને સારાં કુળમાં જન્મેલાઓને ધર્મશ્રવણ કરવાની બુદ્ધિ થાય છે, પણ આળસ, પ્રમાદ, અનારોગ્ય તથા જુદી જુદી જાતની અનેક ખટપટોને લીધે તેઓ સુસાધુઓની સમીપે જઈને ધર્મશ્રવણ કરી શકતા નથી, એટલે શ્રુતિને દુર્લભ માનવામાં આવી છે.

કદાચ પુણ્યના યોગે ધર્મનું શ્રવણ કરવાનો યોગ પ્રાપ્ત થાય તો પણ તેમાં કહેલાં વચનો પર શ્રદ્ધા થવી ઘણી દુર્લભ છે. અનાદિ કાળના મિથ્યાત્વના જોરે પ્રથમ તો આ જીવને સાચું સાચા રૂપે સમજાતું નથી. જે અધર્મ છે તે ધર્મ લાગે છે અને ધર્મ છે તે અધર્મ લાગે છે. જે ઉન્માર્ગ છે તે માર્ગ લાગે છે અને માર્ગ છે તે ઉન્માર્ગ લાગે છે. જે અસાધુ છે તે સાધુ લાગે છે ને સાધુ છે તે અસાધુ લાગે છે. જે અજીવ છે તેમાં જીવ માને છે અને જે જીવ છે તેને અજીવ માને છે. તે જ રીતે જે અમુક્ત છે તેને મુક્ત માને છે અને મુકત છે તેને અમુકત માને છે. વળી કર્મયોગે આ જીવ નિષ્ઠુરતા, મૂઢતા, કદાગ્રહ અને પક્ષપાત આદિ દોષોથી યુકત હોય છે, એટલે તેને

અહિંસા, સત્ય, સરળતા અને ન્યાય પર પ્રતિષ્ઠિત થયેલો ધર્મ જલદી રુચતો નથી. કદાચ આ દોષો ઓછા હોય તો વાતવાતમાં શંકા કરવાની ટેવ વગેરે કારણોને લઇને પણ સર્વજ્ઞકથિત શુદ્ધ ધર્મ પર તેને જલદી રુચિ થતી નથી, એટલે શ્રદ્ધા પ્રાપ્ત થવી એ પણ ઘણું દુર્લભ છે.

કદાચ સત્ય ધર્મમાં શ્રદ્ધા ઉત્પન્ન થઈ તો પણ તેમાં દર્શાવેલા સંયમમાર્ગને વિષે પુરુષાર્થ કરવાનું કાર્ય ઘણું જ વિકટ છે. આ જીવને અનાદિ કાળના સંસ્કારોને પરિણામે ખાવા–પીવાનું, સૂવાનું, સહીસલામત રહેવાનું, તથા કામ–ક્રીડા કરવાનું ગમે છે પણ તેનાથી પર થઇને સંયમ-માર્ગમાં સ્થિર થવાનું ગમતું નથી. આ કારણથી જ કહેવાયું છે કે ‘કથની કથે સહુ કોઇ, રહેણી અતિ દુર્લભ હોઇ.’ એટલે સંયમને વિષે પુરુષાર્થ થવો એ પણ અતિ દુર્લભ છે.

આ કારણે જેઓ મનુષ્યપણું પામી, સત્ય ધર્મનું શ્રવણ કરી, તેમાં શ્રદ્ધાન્વિત થઈને સંયમમાર્ગનું આચરણ કરે છે, તેમને ધન્ય છે અને તેમનું જીવ્યું જ સફળ છે. આવા સરળ અને શુદ્ધ માણસો જ પાણીથી સિંચાયેલા અગ્નિની પેઠે નિર્વાણને પ્રાપ્ત કરે છે.

## પ્રકરણ દશમું

### નવકારમંત્ર

વૈદિક ધર્મમાં જે સ્થાન ગાયત્રીમંત્રનું છે, બૌદ્ધ ધર્મમાં જે સ્થાન ત્રિસરણમંત્રનું છે, તે જ સ્થાન જૈન ધર્મમાં નવકારમંત્રનું છે, તેથી દરેક જૈન પ્રતિદિન તેનું સ્મરણ કરે છે, તેનો જાપ કરે છે તથા પ્રસંગે પ્રસંગે તેને લગતું અનુષ્ઠાન કરી પોતાના આત્માને પવિત્ર કરે છે.

આ મંત્રનો મૂળ પાઠ નીચે પ્રમાણે છે:—

नमो अरिहंताणं ।
नमो सिद्धाणं ।
नमो आयरियाणं ।
नमो उवज्झायाणं ।
नमो लोए सव्वसाहूणं ॥
एसो पंच-नमुक्कारो, सव्व-पावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥

તેનો સામાન્ય અર્થ આ પ્રમાણે સમજવો:

અરિહંતોને નમસ્કાર હો.
સિદ્ધોને નમસ્કાર હો.
આચાર્યોને નમસ્કાર હો.
ઉપાધ્યાયોને નમસ્કાર હો.
લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર હો.

આ પાંચ નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે તથા બધાં મંગલોમાં પહેલું મંગળ છે.

આ અર્થનો વિશેષ બોધ થાય તે માટે કેટલુંક વિવેચન જરૂરી છે. અહીં અરિહંત શબ્દથી અષ્ટમહાપ્રાતિહાર્યની પૂજાને યોગ્ય અર્હત્ કે તીર્થંકર સમજવાના છે કે જેમનો કેટલોક પરિચય આ ગ્રંથના પહેલા અને બીજા પ્રકરણમાં આપવામાં આવ્યો છે. અરિહંત દેવો કેવળજ્ઞાન થયા પછી જગજ્જનોના ઉદ્ધાર અર્થે ઉપદેશ આપે છે, ત્યારે દેવો તેમની અષ્ટ મહાપ્રાતિહાર્ય વડે પૂજા કરે છે, તે આ પ્રમાણે: તેઓ જે સ્થળે બેસીને ઉપદેશ આપવાના હોય ત્યાં સુંદર અશોકવૃક્ષની રચના કરે છે, વિવિધ વર્ણના પુષ્પો વરસાવે છે, એક પ્રકારનો દિવ્ય ધ્વનિ પ્રકટાવે છે, બંને બાજુ રત્નજડિત ચામરો વીંઝે છે, તેમને બેસવા માટે શ્વેત વર્ણનું સ્ફટિકસિંહાસન મૂકે છે, તેમનાં મસ્તકની પાછળ ભામંડળની રચના કરે છે, તે વખતે વિશિષ્ટ પ્રકારની દુંદુભી વગાડે છે અને તેમનાં મસ્તક પર ત્રણ ઉજ્જવળ છત્રો ધરે છે. પ્રતિહારી જેમ રાજાની સાથે ચાલે છે, તેમ

આ પૂજાની સામગ્રી તેમની સાથે ચાલે છે, તેથી તેને પ્રાતિહાર્ય કહેવામાં આવે છે અને તે અસાધારણ કોટિની હોઇ તેનો વ્યવહાર મહાપ્રાતિહાર્ય તરીકે થાય છે.

આ જગત્‌માં સહુથી મોટો ઉપકાર અરિહંત ભગવાનનો છે, તેથી પ્રથમ નમસ્કાર તેમને કરવામાં આવે છે.

અહીં સિદ્ધ શબ્દથી જે આત્માઓ સકલ કર્મનો ક્ષય કરી સિદ્ધિગતિ પામ્યા અને લોકના અગ્રભાગ પર આવેલી સિદ્ધશિલામાં વિરાજ્યા તે નિરંજન નિરાકાર પરમાત્મા સમજવાના છે. આચાર્ય શબ્દથી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યને લગતા ભાવાચારનું સ્વયં પાલન કરનારા તથા બીજાઓની પાસે તેનું પાલન કરાવનારા એવા સાધુ-સમુદાયના સમર્થ નાયક સમજવાના છે. ઉપાધ્યાય શબ્દથી સૂત્ર–સિદ્ધાંતનો અભ્યાસ કરાવનાર તથા ક્રિયા–અનુષ્ઠાનનું શિક્ષણ આપનાર પાઠકપ્રવર સમજવાના છે અને સાધુ શબ્દથી નિર્વાણસાધક યોગની સાધના કરનારા ત્યાગી–વિરાગી સંત પુરુષો સમજવાના છે.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચે પરમપદે સ્થિત થયેલા છે, તેથી તેમને પરમેષ્ઠી કહેવામાં આવે છે.

આ પાંચ પરમેષ્ઠીને વિશુદ્ધ ભાવથી નમસ્કાર કરતાં મન, વચન અને કાયાની પ્રવૃત્તિ પ્રશસ્ત થાય છે અને તેથી

સર્વ પાપોનો અત્યંત નાશ થાય છે. વળી આ જગતમાં દ્રવ્ય અને ભાવરૂપ અનેક પ્રકારનાં મંગળો પ્રવર્તે છે, તેમાં આ પંચનમસ્કારરૂપી મંગળ સર્વશ્રેષ્ઠ છે, એટલે પ્રથમ સ્મરણ તેનું થવું જોઈએ. આજ કારણે શાસ્ત્રનો આરંભ કરતાં, શિષ્યને વિદ્યાદાન આપતાં, તેમજ કોઈ પણ માંગલિક કાર્ય કરવું હોય તો તેનું પ્રથમ સ્મરણ કરવામાં આવે છે અને તેનાં ફળ રૂપે તમામ કાર્યો નિર્વિઘ્ને પૂર્ણ થાય છે.

આ મંત્રમાં નમસ્કારની ક્રિયા મુખ્ય હોવાથી તેને **नमस्कार**, **नमुक्कारो**, **नवक्कार** કે નવકાર કહેવાય છે અને તેમાં પાંચ નમસ્કારનો સમુદાય હોવાથી **पञ्च–नमुक्कारो** કે **पञ्च–नमस्कार** પણ કહેવાય છે. વળી દરેક નમસ્કાર મંગળરૂપ હોવાથી તેનો વ્યવહાર **पञ्चमङ्गल** રૂપે પણ થાય છે અને તે મહાશ્રુતસ્કંધ એટલે જ્ઞાનના મોટા સમુદાયરૂપ હોવાથી **पञ्चमङ्गल–महाश्रुतस्कन्ध** એવા ભવ્ય નામથી પણ ઓળખાય છે. આ મંત્ર વડે પરમેષ્ઠીને નમસ્કાર થાય છે, તેથી તેને **परमेष्ठि–नमस्कार** પણ કહેવામાં આવે છે અને પાંચ પરમેષ્ઠિને સાથે નમસ્કાર થાય છે, તેથી **पञ्चपरमेष्ठि–नमस्कार** પણ કહેવામાં આવે છે. આ દરેક પરમેષ્ઠી તત્ત્વથી ગુરુ છે એટલે તેને **पञ्चगुरु–नमस्कार** પણ કહેવામાં આવે છે અને તે સર્વમંત્રોમાં શ્રેષ્ઠ હોવાથી મંત્રાધિરાજ કે મહામંત્ર પણ કહેવાય છે.